# "ભાજપ જીતશે તો બે મહિનામાં યોગી આદિત્યનાથને બદલી નખાશે" : કેજરીવાલનો દાવો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

અરવિંદ કેજરીવાલે જેલ છોડ્યા બાદ પોતાની પ્રથમ પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી માત્ર વિપક્ષી નેતાઓને જ નહીં પરંતુ તેમની પોતાની પાર્ટીના નેતાઓને પણ કેદ કરશે. શ્રી કેજરીવાલે દાવો કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ "એક રાષ્ટ્ર, એક નેતા" મિશન શરૂ કર્યું છે અને તેઓ ટૂંક સમયમાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની રાજકીય કારકિર્દીનો પણ અંત લાવી દેશે. કેજરીવાલે કહ્યું, "અડવાણી, મુરલી જોશી, શિવરાજ ચૌહાણ, વસુંધરા રાજે, ખટ્ટર, રમણ સિંહનું રાજકારણ હવે ખતમ થઈ ગયું છે, યોગી આદિત્યનાથ આગળ છે. જો PM મોદી જીતશે, તો તેઓ બે મહિનામાં યુપીના સીએમ બદલી દેશે." તેમણે ઉમેર્યું, "આપણો દેશ ઘણો જૂનો



છે, જ્યારે પણ કોઈ સરમુખત્યારે સત્તા પર કબજો કરવાનો પ્રયાસ કર્યો ત્યારે લોકોએ તેને ઉખેડી નાખ્યો. આજે ફરી એક સરમુખત્યાર લોકશાહીને ખતમ કરવા માંગે છે. હું ૧૪૦ કરોડ લોકો પાસેથી ભીખ માંગવા આવ્યો છું." તેમના ભાષણમાં તેમણે પીએમ મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહને ભાજપમાં રહીને સત્તા કબજે કરવા પાછળના એન્જિનિયરો તરીકે ઓળખાવ્યા હતા, તેમણે કહ્યું, કેવી રીતે ભાજપ "તેમની પાંખો કાપવા" માટે વિધાનસભાની ચૂંટણી પહેલા ઘણા રાજ્યોમાં મુખ્યમંત્રીઓને બદલી નાખે છે. શુક્રવારે સુપ્રીમ કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રીને લોકસભા ચૂંટણીના પ્રચાર માટે વચગાળાના જામીન આપ્યા હતા. ચૂંટણી પહેલા ધરપકડ પર પ્રશ્ન ઉઠાવતા, કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને મતદાન સમાપ્ત થયા પછી કેજરીવાલની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું, "દોઢ વર્ષ સુધી તેઓ ત્યાં હતા. (ચૂંટણી) પહેલા કે પછી પણ તેમની ધરપકડ થઈ શકી હોત. ગમે તે હોય, ૨૧ દિવસ માટે તેઓ અહીં રહે કે ત્યાં કોઈ ફરક પડવો જોઈએ નહીં." કેજરીવાલની જામીનને વિપક્ષી ભારત ગઠબંધન દ્વારા ઊજવવામાં આવ્યો હતો, જેમાં આમ આદમી પાર્ટી મુખ્ય સભ્ય છે.

# શું પીએમ મોદી ૧૭ સપ્ટેમ્બરે નિવૃત્ત થશે ? શું મોદીજી અમિત શાહ માટે વોટ માંગે છે ? યોગીને ચૂંટણી બાદ હટાવવામાં આવશે : કેજરીવાલ, અમિત શાહે નકારી કાઢ્યું

(એજન્સી) તા.૧૧

તેલંગાણામાં રેલી બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી અને મીડિયાના સવાલોના જવાબ આપ્યા હતા. આ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની 'જો ભાજપ જીતશે તો અમિત શાહ જ વડાપ્રધાન હશે' વાળી ટિપ્પણી અંગે અમિત શાહે જવાબ આપ્યો હતો. અમિત શાહે કહ્યું કે, 'હું અરવિંદ કેજરીવાલ એન્ડ કંપની અને ઈન્ડિ ગઠબંધનને કહેવા માંગુ છું કે, મોદીજી ૭૫ વર્ષના થઈ રહ્યા હોવાથી તમારે ખુશ થવાની બિલકુલ જરૂર નથી. ભાજપના બંધારણમાં એવું નથી લખ્યું કે, મોદીજી ફરી વડાપ્રધાન ના બની શકે. તેઓ ફરી વડાપ્રધાન બનશે અને ટર્મ પણ પૂરી કરશે. ભવિષ્યમાં પણ વડાપ્રધાન મોદી જ દેશનું નેતૃત્વ કરતા રહેશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીન પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે, 'અરવિંદ કેજરીવાલને ચૂંટણી પ્રચાર કરવા માટે વચગાળાના જામીન અપાયા છે. તેમણે સુપ્રીમ કોર્ટની સામે પ્રાર્થના કરી હતી કે તેમની ધરપકડ ખોટી છે, પરંતુ સુપ્રીમ કોર્ટે ન માન્યું. તેમને વચગાળાના જામીન માત્ર ૧ જૂન સુધી અપાયા છે અને ૨ જૂને તેમને એજન્સીઓની સામે આત્મસમર્પણ કરવું પડશે. જો અરવિંદ કેજરીવાલ તેને ક્લીન ચિટ માને છે તો કાયદા અંગે તેમની સમજણ નબળી છે.' તિહાર જેલમાંથી બહાર આવીને દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે આજે (૧૧ મે) પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જે દરમિયાન તેમણે કહ્યું હતું કે, 'મોદીજી આવતા વર્ષે ૧૭ સપ્ટેમ્બરે ૭૫ વર્ષના થઈ રહ્યા છે. ૨૦૧૪માં મોદીજીએ નિયમ બનાવ્યો હતો કે ભાજપમાં જે ૭૫ વર્ષનો હશે તે નિવૃત્ત થશે, પહેલા લાલકૃષ્ણ અડવાણી નિવૃત્ત થયા, પછી મુરલી મનોહર જોશી, સુમિત્રા મહાજન, યશવંત સિંહા નિવૃત્ત થયા. હવે મોદીજી આવતા વર્ષે ૧૭મી સપ્ટેમ્બરે નિવૃત્ત થવા જઈ રહ્યા છે. ૧૭ સપ્ટેમ્બર તેમનો છેલ્લો દિવસ છે. હું ભાજપને પૂછવા માંગુ છું કે તમારા વડાપ્રધાન પદના ઉમેદવાર કોણ છે ?' આ ઉપરાંત કેજરીવાલે વધુમાં કહ્યું હતું કે 'જો ભાજપની સરકાર બનશે તો પહેલા તેઓ આગામી બે મહિનામાં યોગીને હટાવશે. ત્યારબાદ મોદીના સૌથી મહત્ત્વપૂર્ણ વ્યક્તિ અમિત શાહને વડાપ્રધાન બનાવશે. મોદી પોતાના માટે નહીં પણ અમિત શાહ માટે વોટ માંગી રહ્યા છે.' બીજી તરફ, તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પણ વડાપ્રધાન મોદીને સવાલ કર્યો છે કે, 'આવતા વર્ષે તમે ૭૫ વર્ષના થઈ જશો, તો શું તમે નિવૃત્ત થવા તૈયાર છો ?

# 'સરમુખત્યાર' મોદી AAPને કચડી નાખવા માંગે છે : કેજરીવાલનો દાવો

(એજન્સી) તા.૧૧

૫૦ દિવસ જેલમાં વિતાવ્યા બાદ વચગાળાના જામીન પર છૂટ્યાના એક દિવસ પછી, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા, અને દાવો કર્યો કે ભાજપના વરિષ્ઠ નેતા તેમની આમ આદમી પાર્ટી (AAP)ને સમાપ્ત કરવા માંગે છે. ગઈકાલે સવારે, હિંદુ ધર્મ પ્રત્યેની શક્તિ અને સ્વભાવના પ્રદર્શનમાં, અરવિંદ કેજરીવાલ અને તેમની પત્ની સુનીતા કેજરીવાલે કનોટ પ્લેસમાં દિલ્હીના પ્રખ્યાત હનુમાન મંદિરની મુલાકાત લીધી. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ AAPના ચાર મુખ્ય નેતાઓને એક સાથે જેલમાં મોકલી દીધા છે. AAPના સૌથી અગ્રણી નેતાઓ અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, સંજયસિંહ અને સત્યેન્દ્ર જૈનની ભ્રષ્ટાચારના આરોપમાં કેન્દ્રીય એજન્સીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. સંજયસિંહ તાજેતરમાં જ રેગ્યુલર જામીન પર જેલમાંથી બહાર આવ્યા હતા. મનીષ સિસોદિયા, જે એક સમયે દિલ્હી સરકારમાં અરવિંદ કેજરીવાલના ડેપ્યુટી તરીકે હતા તેઓ પણ ફેબ્રુઆરી ૨૦૨૩થી જેલમાં છે. અરવિંદ કેજરીવાલે દાવો કર્યો કે, પીએમ મોદી માને છે કે AAP દેશનું ભવિષ્ય છે. તેમણે કહ્યું, "અમારી આમ આદમી પાર્ટી એક નાની પાર્ટી છે, જે બે રાજ્યોમાં ઉપસ્થિત છે. પરંતુ વડાપ્રધાને અમારી પાર્ટીને કચડી નાખવામાં કોઈ કસર છોડી નથી અને એક સાથે ચાર નેતાઓને જેલમાં મોકલી દીધા છે. જો મોટી પાર્ટીઓના ચાર ટોચના નેતાઓ જેલમાં જાય છે તો પાર્ટીનો અંત આવે છે." અરવિંદ કેજરીવાલે દાવો કર્યો હતો કે છેલ્લા ૭૫ વર્ષમાં અન્ય કોઈ પક્ષને આટલી હદે હેરાન કરવામાં આવ્યા નથી. પીએમ મોદીનો ઉલ્લેખ કરતા કેજરીવાલે કહ્યું કે, "જ્યારે પણ કોઈ તાનાશાહે સત્તા પર કબજો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે દેશના લોકોએ તેને ઉખેડી નાખ્યો છે. આજે ફરી એક સરમુખત્યાર લોકશાહીને ખતમ કરવા માંગે છે. હું તે સરમુખત્યાર સામે લડી રહ્યો છું પરંતુ હું એકલો કંઈ કરી શકતો નથી. હું ૧૪૦ કરોડ લોકો પાસેથી ભીખ માંગવા આવ્યો છું કે આ સરમુખત્યારથી દેશને બચાવવામાં તેઓ મને સાથ આપે. સુપ્રીમ કોર્ટે મને દેશભરમાં પ્રવાસ કરવા માટે ૨૧ દિવસનો સમય આપ્યો છે, મારા લોહીનું દરેક ટીપું આ દેશ માટે છે." અરવિંદ કેજરીવાલે વધુમાં દાવો કર્યો હતો કે, જો ભાજપ લોકસભા ચૂંટણી જીતશે તો મમતા બેનરજી, એમકે સ્ટાલિન, તેજસ્વી યાદવ, પિનરાઈ વિજયન, ઉદ્ધવ ઠાકરે જેવા વિપક્ષી નેતાઓને જેલમાં મોકલવામાં આવશે. તેમણે કહ્યું કે લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી અને શિવરાજસિંહ ચૌહાણનું રાજકારણ ખતમ થઈ ગયું છે. તેમણે કહ્યું, "આગામી યોગી આદિત્યનાથ છે. જો તેઓ આ ચૂંટણી જીતી જશે, તો તેઓ ૨ મહિનામાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીને બદલી દેશે." અરવિંદ કેજરીવાલની ૨૧ માર્ચે દારૂ નીતિ કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે શુક્રવારે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેમને વચગાળાના જામીન આપ્યા હતા. જો કે કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રીને કહ્યું કે તેમણે વહીવટી કાર્યોથી દૂર રહેવું પડશે.

# જો મોદી જીતશે તો વિપક્ષના તમામ નેતા જેલના સળિયા પાછળ ધકેલાઈ જશે તિહાર જેલથી છૂટ્યા બાદ પહેલા ભાષણમાં કેજરીવાલનું મોટું નિવેદન

(એજન્સી) તા.૧૧

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલને ૫૦ દિવસની કસ્ટડી બાદ શુક્રવારે (૧૦ મે)ના રોજ વચગાળાના જામીન મળ્યા હતા. સુપ્રીમ કોર્ટે કેજરીવાલને પહેલી જૂન સુધી વચગાળાના જામીન આપ્યા છે, ત્યારબાદ કેજરીવાલને ૨ જૂને આત્મસમર્પણ કરવું પડશે. દિલ્હીના સીએમ શુક્રવારે સાંજે જ તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા. જેલમાંથી બહાર આવ્યા બાદ ગઈકાલે કેજરીવાલે પહેલી પ્રેશ કોન્ફરન્સ કરી હતી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભાજપ અને વડાપ્રધાન મોદી પર આકરા પ્રહારો કર્યા હતા.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે 'દરેકને મારી શુભેચ્છા. હું ૫૦ દિવસ પછી જેલમાંથી સીધો તમારી પાસે આવ્યો છું, સારૂં લાગે છે. બજરંગબલીની કૃપા છે. AAPના ટોચના નેતાઓને જેલમાં મોકલવામાં આવ્યા હતા. PMએ AAPને કચડી નાખવામાં કોઈ કસર છોડી નથી. તેઓએ મને જેલમાં મોકલી દીધો. તેમણે સૌથી વધુ ચોરોને પોતાની પાર્ટીમાં સામેલ કર્યા.' આ ઉપરાંત સીએમ કેજરીવાલે કહ્યું કે 'વડાપ્રધાન મોદી દેશના તમામ નેતાઓને ખતમ કરવા માંગે છે. વડાપ્રધાન મોદી વિપક્ષના તમામ નેતાઓને જેલમાં મોકલવા માંગે છે.' તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન મોદી ફરી જીતશે તો વિપક્ષના નેતાઓને જેલની હવા ખાવી પડશે. લોકશાહીનો અંત લાવશે. મમતા બેનર્જી, ઉદ્ધવ ઠાકરે અને સ્ટાલિમ જેવા મુખ્યમંત્રીઓને દિગ્ગજ નેતાઓને જેલમાં ધકેલી દેવાશે. આ સાથે યોગીનો પણ નિકાલ કરી દેવામાં આવશે. પ્રેસ કોન્ફરન્સને સંબોધતા સીએમ કેજરીવાલે કહ્યું કે, 'હું મારા દેશને આ સરમુખત્યારશાહીથી બચાવવા ૧૪૦ કરોડ લોકોની ભીખ માંગવા આવ્યો છું. તેમજ હું સુપ્રીમ કોર્ટનો આભાર માનું છું. તેઓએ મને ૨૧ દિવસનો સમય આપ્યો છે. દિવસમાં ૨૪ કલાક છે, હું આ સરમુખત્યારશાહીને રોકવા માટે આખા દેશનું ભ્રમણ કરીશ. મારા લોહીનું એક-એક ટીપું દેશ માટે કુર્બાન છે.' કેજરીવાલે પ્રેશ કોન્ફરન્સ દરમિયાન વધુમાં કહ્યું હતું કે 'મોદીજી આવતા વર્ષે ૧૭ સપ્ટેમ્બરે ૭૫ વર્ષના થઈ રહ્યા છે. ૨૦૧૪માં મોદીજીએ નિયમ બનાવ્યો હતો કે ભાજપમાં જે ૭૫ વર્ષનો હશે તે નિવૃત્ત થશે, પહેલાં લાલકૃષ્ણ અડવાણી નિવૃત્ત થયા, પછી મુરલી મનોહર જોશી, સુમિત્રા મહાજન, યશવંત સિંહા નિવૃત્ત થયા. હવે મોદીજી આવતા વર્ષે ૧૭મી સપ્ટેમ્બરે નિવૃત્ત થવા જઈ રહ્યા છે.

# 'પંજાબ અને દિલ્હીમાં ભાજપનો સફાયો થઈ જશે' મહેરૌલી રોડ શો વખતે અરવિંદ કેજરીવાલનો મોટો દાવો

**રોડ શો દરમિયાન દર્શકોની મોટી ભીડ કેજરીવાલને જોવા માટે એકઠી થઈ હતી, શુક્રવારે તિહાર જેલમાંથી મુક્ત થયા બાદ મુખ્યમંત્રી રાત્રે ૮:૨૦ વાગ્યે સિવિલ લાઈન્સ વિસ્તારમાં તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા, જેલ મુક્તિ કેજરીવાલનો આ પહેલો રોડ શો છે, આ કાર્યક્રમ AAPના દક્ષિણ દિલ્હી લોકસભા ઉમેદવાર સહીરામ પહેલવાનના સમર્થનમાં આયોજિત કરવામાં આવ્યો હતો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની સાથે શનિવારે મહેરૌલીમાં રોડ શો કર્યો હતો. ઈવેન્ટ દરમિયાન તેમણે કહ્યું, "મને જેલમાંથી બહાર આવ્યાને ૨૦ કલાક થઈ ગયા છે. મેં ઘણા લોકો સાથે ફોન પર વાત કરી છે. દરેક લોકો કહી રહ્યા છે કે, ભાજપને બહુમત નથી મળી રહી, હરિયાણા, રાજસ્થાનમાં તેમની સીટો ઘટી રહી છે, કર્ણાટક, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, બિહાર, યુપીમાં તેમનો સફાયો થશે અને દિલ્હીમાં ૪ જૂને મોદી સરકાર રચાશે નહીં અને આમ આદમી પાર્ટી તે સરકારનો ભાગ બનશે." તેણે ઉમેર્યું, "જ્યારે તેઓએ મારી ધરપકડ કરી, ત્યારે હું વિચારી રહ્યો હતો કે, મારી ભૂલ શું છે. મારી ભૂલ એ છે કે, મેં દિલ્હીના લોકો માટે સારી શાળાઓ અને હોસ્પિટલો બનાવી છે. જ્યારે હું તિહાર ગયો તો તેઓએ મારું ઈન્સ્યુલિન ૧૫ દિવસ માટે બંધ કરી દીધું હતું." સુપ્રીમ કોર્ટના, જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાએ શુક્રવારના રોજ કેજરીવાલને ભૂતકાળના દારૂ નીતિ કૌભાંડના સંબંધમાં દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં ૧ જૂન સુધી વચગાળાના જામીન આપ્યા છે. કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં આરોપોનો સામનો કરી રહેલા કેજરીવાલે ૨ જૂન સુધીમાં આત્મસમર્પણ કરવું પડશે. કેજરીવાલની ૨૧ માર્ચે ED દ્વારા મની લોન્ડરિંગ તપાસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી જે હવે રદ કરાયેલી દિલ્હી એક્સાઈઝ પોલિસીમાં કથિત અનિયમિતતાઓ સાથે જોડાયેલ છે. EDએ તેમના જામીનનો સુપ્રીમ કોર્ટમાં વિરોધ કર્યો, જ્યાં કેજરીવાલની જામીન અરજી પર દલીલો સાંભળવામાં આવી રહી હતી. EDનું પ્રતિનિધિત્વ કરનાર સોલિસિટર જનરલ તુષાર મહેતા, તેમણે અગાઉની સુનાવણી દરમિયાન બેન્ચને જણાવ્યું હતું કે, કેજરીવાલ મુખ્ય પ્રધાન હોવાથી તેમાં કોઈ અપવાદ હોઈ શકે નહીં. લોકસભાની ચૂંટણી સાત તબક્કામાં યોજાઈ રહી છે, જે ૧૯ એપ્રિલથી શરૂ થઈ હતી અને ૧ જૂનના રોજ પૂર્ણ થશે. રાષ્ટ્રીય રાજધાનીમાં મતદાન ૨૫ મેના રોજ યોજાશે.

# મોદી સાથે ચર્ચા કરવા માટે હું "૧૦૦% તૈયાર છું; પરંતુ હું જાણું છું કે વડાપ્રધાન આ માટે સંમત નહીં થાય : રાહુલ ગાંધી

**લખનૌમાં એક કાર્યક્રમમાં ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીએ પણ ભૂલો કરી છે. રાહુલ ગાંધીએ મોદી પર બંધારણને નબળું પાડવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે લોકસભા ચૂંટણીમાં ભાજપ ૧૮૦થી ઓછી બેઠકો સુધી મર્યાદિત રહેશે**

(એજન્સી) તા.૧૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેમની પાર્ટીએ પણ ભૂલો કરી છે અને ભવિષ્યમાં પક્ષે તેની રાજનીતિ બદલવી પડશે. તેઓએ આ ટિપ્પણી લખનૌમાં એક કાર્યક્રમમાં કરી હતી અને તેમણે નરેન્દ્ર મોદી પર વડાપ્રધાન નહીં પણ એક રાજા હોવાનો આરોપ મૂક્યો હતો અને તેઓને બે-ત્રણ ફાઈનાન્સર્સ માટેનો મોરચો ગણાવ્યો હતો. બંધારણ પરના કાર્યક્રમમાં પ્રેક્ષકોના એક સભ્યના પ્રશ્નનો જવાબ આપતા, પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે તેઓ ચર્ચામાં નરેન્દ્ર મોદીનો સામનો કરવા માટે "૧૦૦ ટકા" તૈયાર છે, પરંતુ તેઓ જાણે છે કે વડાપ્રધાન આ માટે સંમત થશે નહીં. તેઓએ કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીએ આવનારા સમયમાં તેની રાજનીતિ બદલવી પડશે. આવું કરવું જ પડશે. હું એ પણ કહેવા માંગુ છું કે કોંગ્રેસ પાર્ટીએ પણ ભૂલો કરી છે અને હું કોંગ્રેસ પાર્ટીમાંથી રહીને આ કહી રહ્યો છું. કોંગ્રેસને કેવા "પરિવર્તન"ની જરૂર છે તે અંગે તેઓએ વિસ્તૃત માહિતી આપી ન હતી. સમૃદ્ધ ભારત ફાઉન્ડેશન દ્વારા "સંવિધાન સંમેલન"નું આયોજન કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે સત્તારૂઢ ભાજપ લોકસભા ચૂંટણીમાં ૧૮૦થી ઓછી બેઠકો સુધી મર્યાદિત રહેશે. જો તમે ઈચ્છો તો, હું તમને લેખિતમાં આપી શકું છું કે નરેન્દ્ર મોદી ફરીથી વડાપ્રધાન બનવાના નથી. તેમણે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સાથે ઉત્તરપ્રદેશમાં સંયુક્ત રેલીઓમાં પણ આવી જ આગાહી કરી હતી. તેમણે કહ્યું કે, રાજકારણમાં કેટલાક લોકો માત્ર સત્તા કેવી રીતે મેળવવી તે જ વિચારે છે. હું અહી જન્મ્યો હતો અને મને સત્તામાં કોઈ રસ નથી. પરંતુ મારા માટે સત્તા માત્ર લોકોને મદદ કરવા માટેનું એક સાધન છે. તેમણે કહ્યું કે ભારતમાં ૯૦ ટકા વસ્તીમાં SC/ST, OBC, દલિતો, આદિવાસીઓ, લઘુમતીઓ અને સામાન્ય સમુદાયના ગરીબ લોકોનો સમાવેશ થાય છે જેમને સમાન ભાગીદારી આપવામાં આવતી નથી. ત્યારબાદ તેમણે જાતિ આધારિત વસ્તી ગણતરી માટેના તેમના આહ્વાનનું પુનરાવર્તન કરતા કહ્યું કે, જો રાષ્ટ્રને મજબૂત બનાવવું હોય તો આવા ૯૦ ટકાનો સમાવેશ કર્યા વિના તે ન થઈ શકે. જો તમે કહો છો કે ૯૦ ટકા નોકરશાહી, રમતગમત, મીડિયા, ન્યાયતંત્ર અને સૌંદર્ય સ્પર્ધાઓમાં ન આવે તો તમે કઈ મહાસત્તા બનાવશો ? શું તમે ૧૦ ટકા વસ્તીને સુપર પાવર બનાવવા માંગો છો ? તેમણે વડાપ્રધાન પર બંધારણ પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. તેઓએ કહ્યું કે, મોદી વડાપ્રધાન નથી, તે રાજા છે. તેમને કેબિનેટ, સંસદ કે બંધારણ સાથે કોઈ લેવાદેવા નથી. તે ૨૧મી સદીના રાજા છે અને બે કે ત્રણ ફાઈનાન્સર્સ માટેનો આ મોરચો છે જેમની પાસે વાસ્તવિક સત્તા છે. તેમના સંબોધનના અંતે, ગાંધીએ ત્રણ પ્રશ્નો ઉઠાવ્યા જેમાં એક તાજેતરના સૂચનનો સમાવેશ થાય છે કે તેમણે અને વડાપ્રધાને ચર્ચામાં ભાગ લેવો જોઈએ. તેમણે કહ્યું કે, હું વડાપ્રધાન સાથે, કોઈપણ સાથે ચર્ચા કરવા માટે ૧૦૦ ટકા તૈયાર છું. પરંતુ હું જાણું છું કે વડાપ્રધાન મારી સાથે ચર્ચા નહીં કરે. તેમણે કહ્યું હતું કે પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ ચર્ચામાં ભાગ લઈ શકે છે. પાર્ટીના મેનિફેસ્ટોમાં ઓલ્ડ પેન્શન સ્કીમનો સમાવેશ ન કરવા અંગે પૂછવામાં આવતા ગાંધીએ કહ્યું કે આ બાબત માટે વિચારણા થઈ શકે છે. મોદી સરકાર દ્વારા ખાનગીકરણ કરાયેલી સંસ્થાઓનું ફરીથી રાષ્ટ્રીયકરણ કરવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા ગાંધીએ કહ્યું કે, આ કામ મુશ્કેલ હશે, પરંતુ અમે મોટી સંસ્થાઓના ખાનગીકરણને મંજૂરી આપીશું નહીં.

# વડાપ્રધાન મોદી રાષ્ટ્રને વિભાજિત કરવા માટે હિન્દુ-મુસ્લિમ મુદ્દો ઉઠાવી રહ્યા છે : મલ્લિકાર્જુન ખડગે

**ઈન્ડિયા જોડાણની જાહેર સભામાં ખડગેએ અન્ય મુખ્ય મુદ્દાઓ વચ્ચે તેમની વિભાજનકારી ભાષા, નોકરીના અપૂર્ણ વચનો કરવા બદલ મોદીની ટીકા કરી હતી**

(એજન્સી) તા.૧૧

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે આપણાં દેશમાં હાલમાં જે વડાપ્રધાન છે, જેઓ તે પદ માટે અયોગ્ય ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે, કારણ કે તેઓ માત્ર રાષ્ટ્રને વિભાજન કરવાના હેતુથી હિન્દુ-મુસ્લિમ મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે. ખડગેએ ઈન્ડિયા ગઠબંધનની જાહેર સભામાં કહ્યું કે, જ્યારે પણ મોદી મોં ખોલે છે ત્યારે તે 'હિન્દુ મુસ્લિમ' મુદ્દે વાત કરે છે. તમે છેલ્લા ૧૦ વર્ષમાં શું કર્યું ? તમે અમને પૂછો કે કોંગ્રેસે ૭૦ વર્ષમાં શું કર્યું છે. હવે તમે અમને તમારા વિશે કહો. તે જ્યાં જાય છે ત્યાં મંગળસૂત્ર, મટન, ચિકન અંગે વાત કરે છે. તેમણે કહ્યું હતું કે આવા નિવેદનોના પરિણામે વિવાદો થાય છે અને મોદી પર 'ભાષા, જાતિ અને અન્ય પાસાઓના આધારે' દેશના 'વિભાજન' કરવાનો આરોપ મૂક્યો હતો. મોદી દ્વારા બોલવામાં આવતા જૂઠાણાંનો કોઈ અંત નથી એવો આક્ષેપ કરતાં ખડગેએ દર વર્ષે બે કરોડ નોકરીઓ આપવાના વડાપ્રધાનના વચનની યાદ અપાવી હતી. તેમણે કહ્યું કે, એનડીએ સરકારે પાછલા દાયકામાં કેટલી નોકરીઓ આપી છે ? ૩૦ લાખ સરકારી નોકરીઓ ખાલી પડી છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ સરકાર આ ખાલી જગ્યાઓ ભરી રહી નથી કારણ કે તેમાંથી ૫૦ ટકા નોકરીઓ SC, ST અને OBC લોકોને જશે. ખડગેના મતે, મોદી ઈચ્છે છે કે કાયમી સરકારી નોકરીઓથી વંચિત લોકો દૈનિક વેતન અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓ તરીકે કામ કરે. કોંગ્રેસ સરકારના યોગદાનની યાદી આપતા ખડગેએ જમીન સુધારણા, બેંકોના રાષ્ટ્રીયકરણ અને અન્ય કામગીરી વિશે વાત કરી હતી. રાહુલ ગાંધીને ઉદ્યોગપતિઓ પાસેથી ટેમ્પો લોડ કરીને રોકડ મળી હોવાના મોદીના આરોપોનો ઉલ્લેખ કરતા ખડગેએ કહ્યું કે જો તે સાચા છે તો મોદીએ શા માટે અદાણી અને અંબાણી પર દરોડા પાડવા માટે આવકવેરા અધિકારીઓને મોકલ્યા નથી.

# ભારત ગઠબંધનનું તોફાન આવી રહ્યું છે, અમને યુપીમાં ૫૦થી ઓછી સીટો નહીં મળે : રાહુલ ગાંધી

(એજન્સી) લખનૌ, તા.૧૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે તેઓ આ લોકસભા ચૂંટણીમાં યુપીમાં જીત માટે ભારતીય ગઠબંધનને ધૂમ મચાવતા અને પીએમ નરેન્દ્ર મોદીને સત્તામાં પાછા ફરતા અટકાવતા જોઈ શકે છે. રાહુલે કન્નૌજ અને કાનપુરમાં સપાના વડા અખિલેશ યાદવ અને AAP નેતા સંજયસિંહ સહિત વિપક્ષી જૂથના નેતાઓ સાથે સંયુક્ત રેલીને સંબોધિત કરતી વખતે આ જાહેરાત કરી હતી. અખિલેશ કન્નૌજના ઉમેદવાર છે જ્યાં રાહુલ ગાંધીએ મતદારોને સપાના વડાને સમર્થન આપવા માટે જોરદાર અપીલ કરી હતી. કન્નૌજમાં ૧૩ મેના રોજ ચોથા તબક્કામાં મતદાન થશે. કોંગ્રેસ નેતા, જે રાયબરેલીના ઉમેદવાર છે, તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશના પરિણામો શાસક ગઠબંધન માટે સૌથી મોટો આંચકો તરીકે આવશે. તેમણે આગાહી કરી હતી કે ઈન્ડિયા, વિપક્ષી ગઠબંધન, રાજ્યમાં ૫૦થી વધુ બેઠકો સાથે વિજયી બનશે. કાનપુરમાં રાહુલે કહ્યું કે, "જે પણ સખત મહેનતની જરૂર હતી, અમે પહેલેથી જ લગાવી દીધી છે અને હું ખાતરી આપું છું કે અમને યુપીમાં ૫૦થી ઓછી બેઠકો નહીં મળે." રાહુલે ભાષણોમાં અચાનક 'અંબાણી-અદાણી'નો ઉલ્લેખ કરવાનું બંધ કરી દીધું હતું, કારણ કે તેમને (રાહુલ)ને કદાચ 'ટેમ્પોમાં પૈસા' મળ્યા હોવાના પીએમના કટાક્ષનો જવાબ આપતા કોંગ્રેસ નેતાએ કહ્યું કે પીએમ (મોદી)ને તેમના 'વ્યક્તિગત અનુભવ'ના કારણે આવું લાગતું હશે.. રાહુલે જણાવ્યું હતું કે પીએમે છેલ્લા દસ વર્ષમાં ક્યારેય બે કોર્પોરેટ બોસના નામ લીધા નથી, પરંતુ અચાનક જ તેમના ભાષણોમાં તેમને તોળાઈ રહેલી હારમાંથી બચાવવા માટે તેમનો ટેકો મેળવવા માટે તેમનો ઉલ્લેખ કર્યો. પીએમ દ્વારા ગોઠવવામાં આવેલી જાળમાં ફસાવા સામે લોકોને ચેતવણી આપતા રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપ આગામી ૧૦-૧૫ દિવસમાં વિવિધ માધ્યમો દ્વારા લોકોનું ધ્યાન ભટકાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરશે. તેમણે ઉમેર્યું કે, "આજે આપણે વિષયાંતર ન થવું જોઈએ. સૌથી મહત્વનો મુદ્દો એ બંધારણને બચાવવાનો છે જે ગરીબો, વંચિતોને સત્તાની ખાતરી આપે છે." દરેક રેલીમાં જેમ તેઓ કરે છે તેમ બંધારણની નકલને ફલેશ કરતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ભાજપ સત્તામાં પરત ફરે તો બંધારણને 'બદલવાનું' મન બનાવી લીધું છે. તેમણે કહ્યું કે અમે ક્યારેય કોઈ પણ શક્તિને બંધારણ બદલવાની મંજૂરી આપીશું નહીં. રાહુલે ભાજપ પર કોવિડ વેક્સીનના ઉત્પાદકો પાસેથી ચૂંટણી બોન્ડ દ્વારા પૈસા લેવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો કે, "મોદીજીએ તમને (લોકોને) કોવિડ દરમિયાન તાળીઓ પાડવા અને થાળીઓ વગાડવા કહ્યું.... જ્યારે લોકો ઓક્સિજનના અભાવે મરી રહ્યા હતા. તેણે અને તેની પાર્ટીએ રસી બનાવતી કંપની પાસેથી પૈસા પણ લીધા હતા."

# ઈન્ડિયા બ્લોકના નેતાઓએ મતદાનના ડેટા અને MCCના કથિત ઉલ્લંઘન અંગે ચૂંટણી પંચની મુલાકાત કરી

**નેતાઓએ લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા માટે મતદાનના આંકડા જાહેર કરવામાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી**

(એજન્સી) તા.૧૧

દેશના વિપક્ષી પક્ષના નેતાઓનું એક પ્રતિનિધિમંડળ ભારતના ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીઓને મળ્યું હતું અને લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કામાં મતદાનના આંકડા જાહેર કરવામાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ચૂંટણી દરમિયાન સત્તાધારી ભાજપના નેતાઓ દ્વારા આદર્શ આચાર સંહિતા (MCC)નું ઉલ્લંઘન પર કરવામાં આવેલી ફરિયાદો પર પગલાં લેવા વિનંતી કરી હતી. સમાજવાદી પાર્ટીના નેતા જાવેદ અલીએ ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા રાજ્યમાં લોકોને જારી કરવામાં આવતા "રેડ કાર્ડ"નો મુદ્દો ઉઠાવ્યો અને તેઓએ કહ્યું કે ઘણા લોકોને તેમના મતાધિકારનો ઉપયોગ કરતા અટકાવવામાં આવે છે. આ પ્રતિનિધિ મંડળમાં કોંગ્રેસના નેતાઓ અભિષેક મનુ સિંઘવી અને સલમાન ખુર્શીદ, તૃણમૂલ કોંગ્રેસના ડેરેક ઓ'બ્રાયન, ડીએમકેના ટી.આર. બાલુ, જેએમએમના મહુઆ માઝી, સીપીઆઈના બિનોયવિશ્વમ અને જાવેદ અલી હતા. સિંઘવીએ મીટિંગ પછી મીડિયાને જણાવ્યું હતું કે, આ અમારી ઈન્ડિયા ગઠબંધનની વિશિષ્ટ મિટિંગ છે. જે ભારતભરમાં દરેક પક્ષનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે. અમે ૪૫ મિનિટથી એક કલાકનો સમય પસાર કર્યો હતો. અમારી ફરિયાદો પર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તમે અપરાધીઓને નહીં પણ ચૂંટણી પંચના ઈતિહાસમાં પહેલીવાર, તમે પાર્ટી પ્રમુખોને નોટિસ મોકલી છે.

સિંઘવીએ કહ્યું કે તેમને ECI નોટિસના જવાબ વિશે અથવા લેવામાં આવી રહેલી કાર્યવાહી વિશે જાણ કરવામાં આવી નથી. આ વિલંબ શા માટે છે ? કોંગ્રેસના નેતાએ એવો પણ સંકેત આપ્યો હતો કે વિરોધ પક્ષો આ મુદ્દાને લઈને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરી શકે છે. બંધારણીય કાર્યકર્તાએ આ રીતે કામ કરવું જોઈએ નહીં. અમે વ્યથિત છીએ અમને કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો નથી. સિંઘવીએ જણાવ્યું હતું કે ચૂંટણીના પ્રથમ બે તબક્કા દરમિયાન મતદાનની ટકાવારી જાહેર કરવામાં વિલંબનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. મતદારોની ટકાવારીમાં વધારો ૫.૭૪ ટકા અથવા ૫.૫ ટકા છે. પ્રથમ ત્રણ તબક્કામાં ૨૦૧૯ની ચૂંટણીમાં તુલનાત્મક આંકડો બે ટકા, એક ટકા, ૨.૫ ટકા હતો, આ વખતે તે ડબલ છે. વિપક્ષના આક્ષેપો વચ્ચે, ECIએ જણાવ્યું હતું કે મતદાન સમાપ્ત થયા પછી તરત જ ઉમેદવારો પાસે મતદાનની વાસ્તવિક સંખ્યાનો બૂથ મુજબનો ડેટા ઉપલબ્ધ છે. ફોર્મ ૧૭Cની નકલો, જેમાં મતદાર મતદાનના આંકડાઓ છે, જેમાં પ્રિસાઈડિંગ ઓફિસર અને તમામ હાજર મતદાન એજન્ટો દ્વારા યોગ્ય રીતે સહી કરેલ હોય છે, તે તમામ મતદાન એજન્ટો સાથે શેર કરવામાં આવે છે. સિંઘવીએ કહ્યું હતું કે જો ECI તાત્કાલિક કાર્યવાહી કરે તો આવા પ્રશ્નો ટાળી શકાય છે. તેઓએ આ વિલંબ અને આંકડાઓમાં વિસંગતતા ટાળવી પડશે કારણ કે તે બિનજરૂરી પ્રશ્ન ચિહ્નો ઉભા કરે છે.

# કોંગ્રેસ ૫૦ બેઠકો પણ નહીં જીતે, ચૂંટણી બાદ વિરોધ પક્ષના દરજ્જાના પણ ફાંફાં થશે : વડાપ્રધાન મોદી

(એજન્સી) તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે દાવો કર્યો હતો કે કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં ૫૦ બેઠકો પણ જીતી શકશે નહીં અને ચૂંટણી પછી તેને વિરોધ પક્ષનો દરજ્જો પણ નહીં મળે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે દાવો કર્યો હતો કે કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં ૫૦ બેઠકો પણ જીતી શકશે નહીં અને ચૂંટણી પછી તેને વિરોધ પક્ષનો દરજ્જો પણ નહીં મળે. ઓડિશામાં કંધમાલ લોકસભા સીટની ફુલબનીમાં એક ચૂંટણી રેલીને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે રાજ્યમાં 'ડબલ એન્જિન' સરકાર બનશે અને ઓડિશામાં ભાજપ સરકારના મુખ્યપ્રધાન દીકરી કે પુત્ર હશે જે સમજશે. ઉડિયા ભાષા અને સંસ્કૃતિ. કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની આગેવાની હેઠળની અગાઉની ભાજપ સરકારની સિદ્ધિઓને યાદ કરતાં તેમણે કહ્યું કે ૨૬ વર્ષ પહેલાં આ દિવસે પોખરણ પરિક્ષણે સમગ્ર વિશ્વમાં દેશનું કદ ઊંચું કર્યું હતું. વડાપ્રધાને એમ પણ કહ્યું કે તેમની સરકારે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કરીને લોકોની ૫૦૦ વર્ષની રાહનો અંત લાવ્યો છે. બીજેડી સામે નિશાન તાકતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે રાજ્યમાં કુદરતી સંસાધનોના ભરપૂર સ્ત્રોત છે છતાં રાજ્યને ગરીબ જ રખાયું છે. આવા લોકોને હવે સત્તામાંથી બહાર તગેડી મૂકવાનો સમય આવી ગયો છે. કોંગ્રેસને ૧૦ ટકા બેઠકો પણ નહીં મળે અને તે ૫૦ સીટોમાં સમેટાઇ જશે. લોકસભા ચૂંટણી પતી ગયા બાદ તેને વિપક્ષનો દરજ્જો મેળવવામાં પણ ફાંફા થઇ જશે. રાહુલ ગાંધીના સ્પષ્ટ સંદર્ભમાં તેમણે કહ્યું, કોંગ્રેસ 'શહેજાદે' ૨૦૧૪ની ચૂંટણીઓથી સમાન સ્ક્રિપ્ટ વાંચી રહ્યા છે... મારા શબ્દોને ચિહ્નિત કરો, એનડીએ તમામ રેકોર્ડ તોડી નાખશે અને આ વખતે ૪૦૦થી વધુ બેઠકો જીતશે. અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં કેન્દ્રમાં ગત બીજેપી સરકારની સિદ્ધિઓને યાદ કરતાં તેમણે કહ્યું કે ૨૬ વર્ષ પહેલા આ દિવસે પોખરણ પરીક્ષણોએ સમગ્ર વિશ્વમાં દેશની છબી વધારી હતી.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

# રતન ટાટાની ભત્રીજી ભારતના અગ્રણી બિઝનેસ સામ્રાજયની સંભવિત વારસદાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

પ્રસિદ્ધ બિઝનેસ આકર્ષણ રતન ટાટાની ભત્રીજી માયા ટાટા, ટાટા સામ્રાજયના સંભવિત વારસદારોમાંની એક છે અને વારસાને આગળ વધારવા માટે તૈયાર છે. ૩૪ વર્ષીય માયા આલુ મિસ્ત્રી અને નોએલ ટાટાની પુત્રી છે, જે રતન ટાટાના સાવકા ભાઈ છે. તેના ભાઈ-બહેન લેહ અને નેવિલની સાથે, માયા ટાટા મેડિકલ સેન્ટર ટ્રસ્ટના બોર્ડમાં સેવા આપે છે, જે ટાટા ગ્રુપના વારસામાં એક મહત્વપૂર્ણ સંસ્થા છે. માયાની માતા, આલુ મિસ્ત્રી, ટાટા ગ્રુપના પૂર્વ ચેરમેન, સાયરસ મિસ્ત્રીની બહેન અને સ્વર્ગસ્થ અબજોપતિ પલોનજી મિસ્ત્રીની પુત્રી છે. ઉલ્લેખનીય છે કે, માયાની કાકી અને સાયરસ મિસ્ત્રીની પત્ની રોહિકા મિસ્ત્રીની કુલ સંપત્તિ ૫૬,૦૦૦ કરોડ રૂપિયા છે, જે તેમને ભારતની સૌથી ધનિક મહિલાઓમાં સ્થાન અપાવે છે.



તેના ભાઈ-બહેનોમાં સૌથી નાની હોવા છતાં, માયાએ ટાટા ગ્રુપમાં તેની કારકિર્દીમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. તે યુકેમાં બેયર્સ બિઝનેસ સ્કૂલ અને યુનિવર્સિટી ઓફ વોરવિકમાં ભણેલી છે. તેની વ્યાવસાયિક સફર ટાટા કેપિટલની છત્રછાયા હેઠળના અગ્રણી ખાનગી ઈક્વિટી ફંડ, ટાટા ઓપોર્ચ્યુનિટીઝ ફંડથી શરૂ થઈ હતી. પછીથી, માયાએ ટાટા ડિજિટલમાં સંક્રમણ કર્યું, એક પેટાકંપની જ્યાં તેણે ટાટા ન્યુ એપના લોન્ચમાં મુખ્ય ભૂમિકા ભજવી. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલો ટાટા ઓપોર્ચ્યુનિટીઝ ફંડમાં તેમના કાર્યકાળ દરમિયાન પોર્ટફોલિયો મેનેજમેન્ટ અને રોકાણકારોના સંબંધોમાં માયાના યોગદાનને પ્રકાશિત કરે છે. હાલમાં, માયા ટાટા મેડિકલ સેન્ટર ટ્રસ્ટના છ બોર્ડ સભ્યોમાંના એક તરીકે સ્થાન ધરાવે છે, જે ૨૦૧૧માં રતન ટાટા દ્વારા પોતે ઉદઘાટન કરાયેલ કોલકાતા સ્થિત કેન્સર હોસ્પિટલની દેખરેખ રાખે છે.

# એક ટંક ભોજન પર જીવતી રિક્ષાચાલકની દીકરીએ NEETની પરીક્ષા અખિલ ભારતીય ક્રમાંક ૬૮૬ સાથે પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

દેશની સૌથી અઘરી કોલેજ પ્રવેશ પરીક્ષાઓમાંની એક નેશનલ એલિજિબિલિટી એન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) છે, જે ભારતમાં મેડિસિનનો અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે જરૂરી છે. પરંતુ એ વાત ને નકારી શકાય નહીં કે પ્રેરણા સિંઘની વાર્તા NEET માટેના કોઈપણ ઉમેદવાર માટે પ્રેરણાદાયી છે.

પ્રેરણા સિંઘના ૭૨૦માંથી ૬૮૬ના અદ્ભુત NEET UG સ્કોરથી તેને ભારતની શ્રેષ્ઠ સરકારી તબીબી સંસ્થાઓમાંની એકમાં પ્રવેશ મળ્યો. તેના પરિવારને તેના પર ખૂબ ગર્વ હતો અને તેની સિદ્ધિએ સારા ભવિષ્યના દરવાજા ખોલ્યા.

પ્રેરણા સિંઘે મેડિકલ પ્રવેશ પરીક્ષામાં ખૂબ સારૂં પ્રદર્શન કર્યું હોવા છતાં તેણે પડકારોનો સામનો કર્યો. રાજસ્થાનના કોટાની ૨૦ વર્ષીય પ્રેરણાને તેના પિતાના અનપેક્ષિત મૃત્યુનો સામનો કરવો પડ્યો હતો. તેઓ પરિવારની આવકના એકમાત્ર સ્ત્રોત હતા. આ અનિષ્ટ ઘટના પછી પરિવારના ભરણપોષણનો બોજ પ્રેરણા પર આવી ગયો. પ્રેરણા અને તેની માતા પર ૨૭ લાખ રૂપિયાની લોન હતી, જેના કારણે તેમની સમસ્યાઓમાં વધારો થયો હતો. તેની પાસે આવકનો કોઈ ભરોસાપાત્ર સ્ત્રોત નહોતો. પ્રેરણા પાસે બહુ ઓછા પૈસા હતા અને ક્યારેક ખાલી પેટે ભણતી. તે દિવસમાં માત્ર એક જ વાર રોટલી અને ચટણી ખાઈ શકતી હતી. પ્રેરણા આ મુશ્કેલીઓથી ડરતી ન હતી અને દરરોજ ૧૨ કલાક અભ્યાસ માટે પોતાની જાતને સમર્પિત કરી



હતી. આનું એક કારણ તેને તેના પરિવાર તરફથી મળેલી આર્થિક મદદ હતી, જેને પગલે તે NEET માટે કોચિંગ મેળવી શકી. આર્થિક અવસ્થાને કારણે તેની માતાએ તેના બાળકોના શિક્ષણ માટે લોન લીધી હતી અને તેના ઘરને ગીરો પણ મૂક્યો. પ્રેરણા સિંઘના પરિવારના સંયુક્ત પ્રયત્નો અને તેના ભાઈ-બહેનોની શૈક્ષણિક સફળતાના કારણે તે ડૉક્ટર બની. પ્રેરણાના શિક્ષણ પ્રત્યેના સમર્પણને કારણે તેને સરકારી તબીબી સંસ્થામાં પ્રવેશ મળ્યો. આર્થિક મુશ્કેલીઓ અને પિતાના અવસાન છતાં તેમના પરિવારને આ સિદ્ધિ પર ગર્વ છે.

# રતન ટાટાના જમણા હાથ જેઓ એક સમયે ખેતરોમાં કામ કરતા હતા, હવે ૯૮ કરોડ રૂપિયાના ઘરમાં રહે છે, તેમનો પગાર ૧૦૯ કરોડ રૂપિયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

રતન ટાટા, ટાટા જૂથના ભૂતપૂર્વ અધ્યક્ષ કે જેઓ જાણીતા રોકાણકાર સ્વપ્નદ્રષ્ટા ઉદ્યોગપતિ અને પ્રતિષ્ઠિત પરોપકારી છે, તેમણે આર્થિક જગત પર ઊંડી અસર કરી છે. તેમણે કંપનીને નવી ઊંચાઈઓ પર પહોંચાડી છે. જ્યારે ટાટાને તેમની ભૂમિકામાંથી રાજીનામું આપવાનો સમય આવ્યો, ત્યારે તેમણે ટાટા સન્સનું ભવિષ્ય તેમના વિશ્વાસુ, એન.ચંદ્રશેખરનને સોંપ્યું. રતન ટાટાના જમણા હાથ એન ચંદ્રશેખરનને ટાટા સન્સના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમણે મહત્વપૂર્ણ જવાબદારી સંભાળી હતી.



એન.ચંદ્રશેખરન ટાટા સન્સના અધ્યક્ષ તરીકેની તેમની ક્ષમતામાં ઉદ્યોગના ટાઈટન્સ ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, ટાટા પાવર અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) સહિત ટાટા ગ્રૂપની ઘણી કંપનીઓના બોર્ડના અધ્યક્ષ છે. તેઓ આ સંસ્થાઓને ઉગ્ર વ્યૂહાત્મક દ્રષ્ટિ સાથે નિર્દેશિત કરે છે, તેમના સતત વિસ્તરણ અને સમૃદ્ધિની ખાતરી આપે છે.

ચંદ્રશેખરનની ઉન્નતિની વાર્તા નિશ્ચય અને સખત મહેનતની છે.૧૯૬૩માં તામિલનાડુના મોહનુરમાં ખેડૂતોના પરિવારમાં તેમનો જન્મ થયો હતો. તેમણે સરકારી શાળામાં અભ્યાસ કર્યો અને પછી કોઈમ્બતુર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી એપ્લાઈડ સાયન્સમાં સ્નાતકની ડિગ્રી મેળવી. વધુ શીખવાની તેમની જિજ્ઞાસાને પગલે તિરૂચિરાપલ્લીની પ્રાદેશિક એન્જિનિયરિંગ કોલેજમાં માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન્સ (MCA)માં અભ્યાસ કર્યો.

જ્યારે તેમણે ૧૯૮૭માં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS)માં ઈન્ટર્ન તરીકે કામ કરવાનું શરૂ કર્યું, ત્યારે તેમના વ્યાવસાયિક માર્ગે સકારાત્મક વળાંક લીધો. તેમના નિરીક્ષકો તેમની પ્રતિબદ્ધતા અને કૌશલ્યથી ટૂંક સમયમાં પ્રભાવિત થયા અને સપ્ટેમ્બર ૨૦૦૭માં તેમને ચીફ ઓપરેટિંગ ઓફિસર (COO) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આશ્ચર્યજનક રીતે, ચંદ્રશેખરન ઓક્ટોબર ૨૦૦૯માં માંડ બે વર્ષ પછી ૪૬ વર્ષની ઉંમરે TCSના CEO બન્યા.

TCSમાં તેમના સમય દરમિયાન, તેમણે સફળતા અને વૃદ્ધિ જોઈ, તેમને નોંધપાત્ર પગાર મળ્યો.૨૦૧૯માં ૬૫ કરોડ રૂપિયાથી ૨૦૨૧-૨૦૨૨માં ૧૦૯ કરોડ રૂપિયા તેમના વળતરમાં વધારો હતો. તેમણે ૨૦૨૦માં નામચીન થયા જ્યારે તેમણે મુંબઈમાં મુકેશ અંબાણી અને તેમના પરિવારના ઘરની નજીક આવેલા ડુપ્લેક્સ ફ્લેટ માટે ૯૮ કરોડ રૂપિયા ચૂકવ્યા.

બિઝનેસ જગતમાં તેમની સિદ્ધિઓ સાથે પણ ચંદ્રશેખરન તેમની નમ્રતા જાળવી રાખે છે. રતન ટાટાના જમણા હાથ અને ઈન્ડસ્ટ્રીના ટાઈટન, ચંદ્રશેખરનનો વારસો મજબૂત છે કારણ કે તેઓ ટાટા ગ્રુપને નવી સીમાઓ તરફ દોરી જાય છે. તેમની અગમચેતી અને ચતુરાઈથી, તેઓ ખાતરી કરે છે કે સમૂહ ભારતીય કંપનીની દિશાને પ્રભાવિત કરીને નવીનતા અને ઉન્નતિનું કિરણ રહે.

# પ્રેગ્નેન્સી પર લખેલા પુસ્તકના શીર્ષકમાં 'બાઈબલ' શબ્દના ઉપયોગ બદલ કરીના કપૂરને કોર્ટની નોટિસ

(એજન્સી) તા.૧૧

બોલિવૂડ અભિનેત્રી કરીના કપૂરને મધ્યપ્રદેશ હાઈકોર્ટે નોટિસ જારી કરી છે. મામલો પ્રેગ્નેન્સી પર લખવામાં આવેલા તેની પુસ્તક સાથે જોડાયેલો છે. પુસ્તકના ટાઈટલમાં બાઈબલ શબ્દનો ઉપયોગ કરવાને લઈને એક વ્યક્તિએ તેના વિરુદ્ધ કેસ નોંધવાની માગ કરી છે. તેથી આ સંબંધિત વ્યક્તિએ હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. તેના પહેલા એડિશનલ સેશન કોર્ટે આ મામલે અરજી દાખલ કરી હતી. જે બાદ એડવોકેટ ક્રિસ્ટોફર એન્થનીએ હાઈકોર્ટમાં આદેશને પડકાર આપ્યો છે.

હાઈકોર્ટે કરીના કપૂરને નોટિસ જારી કરીને ૭ દિવસની અંદર જવાબ આપવાનું કહ્યું છે. અરજીકર્તાઓએ તેની પર ખ્રિસ્તી સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લાગ્યો છે. અરજીકર્તાઓએ કહ્યું છે કે કરીના કપૂરે પોતાની પુસ્તક 'Kareena Kapoor Khan's Pregnancy Bible'માં 'બાઈબલ' શબ્દનો ઉપયોગ કરીને ખ્રિસ્તી સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવા માટે FIR નોંધવામાં આવી જોઈએ.

કરીના કપૂર ખાન સિવાય અરજીના અન્ય રેસ્પોન્ડેન્ટ એમેઝોન ઓનલાઈન શોપિંગ, જગરનોટ બુક્સ અને પુસ્તકના સહ-લેખક છે. સૌથી પહેલા આ મામલે એન્થનીએ જબલપુરના એક સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે કરીનાએ ખ્રિસ્તી સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડી છે



કેમ કે 'પવિત્ર પુસ્તક બાઈબલ'ની તુલના અભિનેત્રીની પ્રેગ્નેન્સી સાથે કરી શકાતી નથી.

જ્યારે પોલીસે કેસ નોંધવાનો ઈન્કાર કરી દીધો તો વકીલ મેજિસ્ટ્રેટ કોર્ટના શરણે ગયા અને આ રીતે માગ કરતા ખાનગી ફરિયાદ નોંધાવી. જો કે મેજિસ્ટ્રેટ કોર્ટે પણ એ આધારે અરજી ફગાવી દીધી કે ફરિયાદકર્તા એ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા કે બાઈબલ શબ્દના ઉપયોગથી ખ્રિસ્તી સમુદાયની ભાવનાઓને ઠેસ કેવી રીતે પહોંચી છે. તે બાદ તેઓ એડિશનલ સેશન્સ કોર્ટ પાસે ગયા અને તેમણે પણ કોઈ રાહત આપવાનો ઈનકાર કરી દીધો. દરમિયાન હવે અરજીકર્તાઓએ હાઈકોર્ટનું શરણ લીધું છે.

# ૧૩ વર્ષની ઉંમરે સેલ્સમેન તરીકે કામ કર્યું, 10,000 રૂપિયા ઉધાર લઈને ૩૨,000 કરોડ રૂપિયાની કંપની બનાવી, તેમની વિશાળ સંપત્તિ ૩00 કરોડ યુએસ ડોલર છે



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

દરેકને ભારતીય લગ્નો અને લગ્નના વસ્ત્રો ગમે છે અને જો આપણે ભારતીય વંશીય વસ્ત્રો વિશે વિચારીએ તો સૌથી પહેલુ નામ જે આપણને યાદ આવે તે બ્રાન્ડ માન્યવર છે. આ સુપ્રસિદ્ધ અને આઈકોનિક બ્રાન્ડ પાછળ રવિ મોદી છે.

વેદાંત ફેશન્સ, કંપની કે જે માન્યવર, મોહે, મંથન, મેબાઝ, અને ત્વમેવ સહિતની પ્રખ્યાત બ્રાન્ડની માલિકી ધરાવે છે, તેની સ્થાપના મોદીએ કરી હતી. ૨૦૨૨માં તેમની કંપનીને નફાકારક પ્રારંભિક જાહેર ઓફર (IPO) તરફ દોરી ગયા પછી, તેઓ ગયાં વર્ષે ભારતના સૌથી ધનિક વ્યક્તિઓમાંના એક હતા. મોદીએ ૧૩ વર્ષની ઉંમરે તેમના પિતાના કપડાની દુકાનમાં સેલ્સપર્સન તરીકે કામ કરવાનું શરૂ કર્યું. થોડાં વર્ષો પછી તેઓ આખરે કંપનીના વડા બન્યા. ૨૦૦૨માં, રવિ મોદીએ પરંપરાગત ભારતીય કપડાં બનાવવા માટે કોલકાતામાં વેદાંત ફેશન્સની શરૂઆત કરી.

તેમણે માત્ર ૧૦,૦૦૦ રૂપિયાથી શરૂઆત કરી હતી જે તેમણે તેમની માતા પાસેથી ઉધાર લીધા હતા. ત્યારબાદ, તેમણે ભારતીય કપડાંનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું અને મોટાં શહેરોમાં પ્રવેશ કર્યો, માન્યવરનો પાયો નાખ્યો.

હાલમાં માન્યવર એક અત્યંત પ્રતિષ્ઠિત ભારતીય લગ્ન-વસ્ત્રોની બ્રાન્ડ બની ગઈ છે, જે પુરૂષોના કુર્તા, શેરવાની અને જેકેટ્સ અને મહિલાઓના લેહેંગા, સાડીઓ અને ડ્રેસ માટે લોકપ્રિય છે. વિરાટ કોહલી, અનુષ્કા શર્મા, રણવીર સિંહ, આલિયા ભટ્ટ અને કાર્તિક આર્યન જેવી હસ્તીઓ દ્વારા સમર્થિત બ્રાન્ડની લોકપ્રિયતામાં વધારો થયો હતો. કંપની હવે ભારતના ૨૪૮ શહેરોમાં ૬૬૨ સ્ટોર્સ અને ૧૬ આંતરરાષ્ટ્રીય સ્ટોર્સ ધરાવે છે. તેમના વ્યવસાયના જંગી વિકાસને કારણે, મોદીની સંપત્તિ એપ્રિલ ૨૦૨૩ સુધીમાં ૨.૫ અબજ ડોલર થી વધીને ૩ અબજ ડોલર થઈ ગઈ છે, જે તેમને ફોર્બ્સની ૨૦૨૨ની વિશ્વના અબજોપતિઓની યાદીમાં ૧,૨૩૮માં સ્થાને અપાવે છે. ફોર્બ્સ મુજબ ૨૮,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે તેઓ ભારતના સૌથી ધનિક લોકોમાં ૬૪ મા સ્થાને છે. જ્યારે વેદાંત ફેશન્સ હવે ૩૨,૦૦૦ કરોડ રૂપિયાની છે









પક્ષના પ્રદેશ પ્રમુખને રાદડિયા સામે પગલાં લેવાની માગણી કરી

# ઈફકો ચૂંટણી : ભાજપના મેન્ડેટની અવગણનાને મુદ્દો બનાવી ભાજપના જ નેતા આમને-સામને

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૧

ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ ભાજપના જ ધારાસભ્યે સહકારી ક્ષેત્રે ચૂંટણી લડી જીત મેળવતા પાર્ટીના મેન્ડેટની અવગણનાનો મુદ્દો ઉઠાવી સવાલો ઊભા કરવામાં આવી રહ્યા છે. આ મામલે ભાજપના જ નેતાઓ સામ-સામે આવી ગયા છે. ઈફકોના ડિરેક્ટરની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટના વિરોધમાં ચૂંટણી લડેલા જેતપુરના આંતરિક જૂથવાદ ખુલ્લીને સામે આવી ગયો હતો. એક બાદ એક ભાજપના નેતા દ્વારા સામસામે નિવેદન કરવામાં આવી રહ્યા છે. આજે રાજકોટ જિલ્લા ભાજપના નેતા બાબુ નસીત દ્વારા જયેશ રાદડિયા પર પ્રહાર કરવામાં આવ્યા હતા અને જયેશ રાદડિયાને મત આપનાર સભ્યો સામે પણ પ્રદેશ અધ્યક્ષ પગલાં લે તેવી માગ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કોઈ પાર્ટી વિરૂદ્ધ કામ કર્યું નથી. રાજકોટ જિલ્લા બેંક અને સહકારી માળખું ખેડૂત સભાસદો પર ચાલે છે. મારા પર આક્ષેપ કરે છે તેને મારે જવાબ આપવાના ન હોય. મારે ખેડૂત સભાસદોનું હિત જોવાનું છે. સામાજિક સંસ્થાના આગેવાનની દખલગીરી અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, કોઈ સામાજિક સંસ્થાઓએ સહકારી ક્ષેત્રમાં ન આવવું જોઈએ.

## મેં પાર્ટી વિરૂદ્ધ કામ કર્યું નથી, સામાજિક સંસ્થાઓ રાજનીતિમાં ન આવે : રાદડિયા

ધારાસભ્ય જયેશ રાદડિયા વિજેતા બનતા છેલ્લા બે દિવસથી સહકારી ક્ષેત્રનું રાજકારણ ગરમાયુ છે. રાજકોટ જિલ્લા ભાજપના આગેવાન બાબુ નસીતે જયેશ રાદડિયા પર પ્રહાર કર્યા હતા. તેણે જયેશ રાદડિયા સહિત તેમને મત આપનાર સભ્યો સામે પણ પ્રદેશ અધ્યક્ષ પગલાં લે તેવી માંગ કરી હતી. સાથે જ સામાજિક સંસ્થાના એક આગેવાને પણ જયેશ રાદડિયા વિરૂદ્ધ મતદાન કરવા મતદારોને અપીલ કરી હોવાની ચર્ચા ચાલી રહી છે. જો કે, આ મામલે જયેશ રાદડિયાએ જણાવ્યું હતું કે, મેં પાર્ટી વિરૂદ્ધ કોઈ કામ કર્યું નથી. સામાજિક સંસ્થાઓએ સહકારી ક્ષેત્રના રાજકારણમાં વચ્ચે ન આવવું જોઈએ. દેશની ટોચની સહકારી સંસ્થા ઈફકોમાં ડિરેક્ટરની ચૂંટણીમાં ભાજપ દ્વારા અમદાવાદનાં બિપીન પટેલને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. જેની સામે ધારાસભ્ય જયેશ રાદડિયાએ ચૂંટણી લડી હતી અને ૧૧૪ મત મેળવી જીત મેળવી હતી. આ પછી તુરંત જ ભાજપનો કે, રાજકોટ લોધિકા સંઘમાં મેન્ડેટ હોવા છતાં મારા વિરૂદ્ધ પગલાં લેવામાં આવ્યા હતા. આજે પણ સહકારી ક્ષેત્રમાં ભાજપ-કોંગ્રેસનું ઈલું ઈલું ચાલી રહ્યું છે. ડૉ. ડાયાભાઈ પટેલ અને મહમદ પીરજાદા બંને રાજકોટ ડિસ્ટ્રીક્ટ બેંકના સભ્યો છે. આ બંને સભ્યો કોંગ્રેસના છે અને ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ મતદાન કર્યું હતું. અમારી સામે જેવી રીતે પગલાં લેવાયા તેવી જ રીતે જયેશ રાદડિયા સામે પાર્ટીએ પગલાં લેવા જોઈએ. સહકારી સંસ્થાઓમાં કોંગ્રેસમાંથી આવેલા ભાજપના નેતાઓ ભ્રષ્ટાચાર કરે જ છે. ભાજપ વિરૂદ્ધ જઈ કામ કરે છે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ છે. જયેશ રાદડિયાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ઈફકોની ચૂંટણીમાં ભાજપે મેન્ડેટ આપ્યું તે પહેલા મેં ઉમેદવારી નોંધાવી હતી. મને ખબર પણ નહોતી કે ભાજપે મેન્ડેટ આપ્યું છે. લોકસભા ચૂંટણીમાં મારી વિધાનસભા વિસ્તારમાં મેં પાર્ટી માટે જ કામ કર્યું. મેં રાજકારણમાં સામાજિક સંસ્થાઓએ ન ઝંપલાવવુ જોઈએ. સામાજિક સંસ્થાઓના વડાને કહેવા માગું છું કે, સમાજમાં રાજકારણ કરવાને બદલે જો રાજકારણ કરવું જ હોય તો રાજનીતિમાં આવી જવું જોઈએ. આ સાથે ઈફકોની ચૂંટણીમાં મતદારોને જયેશ રાદડિયા વિરૂદ્ધ મતદાન કરવા પાટીદાર સમાજની એક સંસ્થાના આગેવાન દ્વારા અપીલ કરવામાં આવી હોવાની ચર્ચા પણ જોરશોરથી ચાલી રહી છે. આ અંગે ખોડલધામના પૂર્વ પ્રમુખ અને રાજકોટ બિલ્ડર એસોસિએશનનાં પ્રમુખ પરેશ ગજેરાએ જણાવ્યું હતું કે, વિઠ્ઠલભાઈ પછી હવે જયેશભાઈ ખેડૂત નેતા છે તેને બધાએ સહકાર આપવો જોઈએ. ખેડૂતો માટે કામ કરી રહ્યા છે. જયેશભાઈ વિરૂદ્ધ મતદાન કરવા અપીલ સામાજિક અગ્રણીએ કરી હોવાની વાત મને મળી છે. ખરેખર આવું ન થવું જોઈએ અને જે-તે સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા તેમને સંસ્થામાંથી બરતફ કરવા જોઈએ.

ગરીબી અને મુશ્કેલીઓનો સામનો કરી પરિણામમાં આગવું સ્થાન મેળવ્યું

# ધોરણ-૧૦ના પરિણામમાં ગરીબ વિદ્યાર્થીઓ ઝળક્યા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૧

ધોરણ ૧૦નું પરિણામ શનિવારે જાહેર કરવામાં આવ્યું ત્યારે પરિણામ ઓલટાઈમ હાઈ રહેતા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે ગરીબી તેમજ મુશ્કેલીઓ સામે ઊભા રહી કેટલાક વિદ્યાર્થીઓએ બાજી મારી છે. વડોદરામાં છેલ્લાં ૨૫ વર્ષથી રહેતા અને પાણીપૂરીની લારી ચલાવતા પ્રકાશ કુશવાહાની દીકરી વિજ્ઞાન પ્રવાહમાં બી ગ્રુપમાં અભ્યાસ કરી ડોક્ટર બનવાની ભાવના વ્યક્ત કરી છે. ચંદ્રમોલીના માતા જયશ્રીબેને જણાવ્યું હતું કે ગત વર્ષે બોર્ડની શરૂઆત થઈ ત્યારે મારા પતિનું હાર્ટ-એટેકના કારણે મોત થયું હતું. આ સમયે પરિવારની સ્થિતિ થોડી માનસિક રીતે ભાંગી પડી હતી, પરંતુ બાળકોના ભવિષ્ય માટે વિચાર કરી જે થયું એ સ્વીકારવું પડશે એવી સમજણ આપી છે કે નીટની પરીક્ષા પાસ કરીને એમબીબીએસમાં અભ્યાસ કરવો છે. ત્યારબાદ મારે ફોરેન્સિક લાઈનમાં જવું છે. રાજકોટના કુકડિયા પ્રશીલે ધોરણ ૧૦માં ૯૯.૯૯ પીઆર મેળવ્યા છે. મારા પિતાનું નામ પિતા એસી રિપેરિંગનું કામ કરે છે અને માતાને બન્ને કિડની ફેઈલ છે. ડાયાલિસિસ સાત વર્ષથી કરાવવામાં આવે છે. પ્રશીલને ક્યારેક

## પરીક્ષા પહેલાં પિતાનું હાર્ટ એટેકથી મોત, પુત્રને ૯૯.૬૪ પીઆર રિક્ષાચાલક પિતાના પુત્ર પઠાણ રિઝવાને ૯૯.૫૮ પીઆર મેળવ્યા

પૂનમે અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૧૦માં ૯૯.૭૨ પીઆર મેળવી શાળામાં આગવું સ્થાન મેળવ્યું છે. તેણીએ આગળ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરી ડૉક્ટર બનવાનું સપનું સેવ્યું છે. કુશવાહા પૂનમે જણાવ્યું હતું કે, જો માતા-પિતા અને શિક્ષકોનો સપોર્ટ ન હોત તો આટલે સુધી હું પહોંચી ન શકી હોત. આગળ હું બાયોલોજીનો અભ્યાસ કરીને ડોક્ટર બનવા માગું છું. પિતા પ્રકાશભાઈ કુશવાહાએ જણાવ્યું હતું કે મારી પાણીપૂરીની લારી છે અને છેલ્લાં ૨૫ વર્ષથી ચાલવું છું. મારી દીકરીને ભણાવવા હું મહેનત કરું છું. જે કઈ પૈસા બચે છે એનાથી હું મારા બાળકોના અભ્યાસ પાછળ ખર્ચ કરું છું. મારી દીકરી મેડિકલ લાઈનમાં અભ્યાસ કરવા માગે છે અને હું કરાવીશ. રાજકોટના ચંદ્રમોલી વડોદરિયા નામના વિદ્યાર્થીના ધોરણ ૧૦માં ૯૯.૬૪ PR આવ્યા છે. ગત વર્ષે બોર્ડની શરૂઆતના સમયમાં જ ચંદ્રમોલીના પિતાનું હાર્ટ-એટેકના કારણે અવસાન થયું હતું. તેઓ ખેતીકામ કરતા હતા. ચંદ્રમોલી શરૂઆતથી જ ખૂબ મહેનત કરતો હતો અને રોજ શાળાએ જે અભ્યાસ કરાવે એનું ઘરે પથી ૬ કલાક વાંચન કરતો હતો. આજે ખૂબ સારું પરિણામ હાંસલ કર્યું છે. આગળ મેં મારાં બાળકોને માતા અને પિતા બન્નેનો પ્રેમ આપ્યો છે. પિતા વગર જીવન જીવવું થોડું અઘરું છે, પણ આજે મારા દીકરાનું જે પરિણામ આવ્યું એ સાંભળી ખૂબ જ ખુશી થઈ રહી છે. આગળ જે ભણવું હશે એ હું તેને ભણાવીશ. વડોદરાની હેત્વી ભટ્ટે ધોરણ ૧૦ અંગ્રેજી માધ્યમમાં નારાયણ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો. મારા ઘરની સ્થિતિની વાત કરીએ તો ડિસેમ્બરમાં માતાને બ્રેસ્ટ કેન્સર હોવાનું જાણવા મળ્યું હતું આ અંગે હેત્વીએ જણાવ્યું કે, તે સમયે હું ખૂબ જ ડિપ્રેશનમાં જતી રહી હતી કે હવે હું શું કરીશ. કારણ કે, મારું અને મમ્મીનું એક એવું રિલેશન છે કે, હું તેમને પૂછ્યા વગર એક કામ પણ નથી કરતી. ત્યારે મને એક વિચાર આવ્યો હતો કે, જો હું ધોરણ ૧૦માં સારી મહેનત કરી સારા ટકા મેળવીશ તો મારી મમ્મીની અડધી રિકવરી તો મારા ટકાના કારણે જ થઈ જશે. મેં મનમાં નક્કી કરી લીધું હતું કે, ધોરણ ૧૦માં A1 ગ્રેડ જ લાવવો છે. મને પ્રાર્થના અને એક પુરુષાર્થ કરવાથી ખૂબ સારી સફળતા મળી છે. આજે આ જ મહેનત અને હિંમતને લઈ આજે ૯૮.૩૬ પીઆર આવ્યા છે અને છ૧ ગ્રેડ આવ્યો છે. હવે મારો એ જ ગોલ ઘરકામ પણ કરવું પડે અને દવાખાને પણ લઈ જતો હતો. શરૂઆતથી જ ખૂબ મહેનત કરતો હતો અને રોજ સ્કૂલે જે અભ્યાસ કરાવે તેનું ઘરે પથી ૬ કલાક વાંચન કરી રિવિઝન કરતો હતો ત્યારે આજે ખૂબ સારું પરિણામ હાંસલ કર્યું છે. રાજકોટના કુકડિયા મહેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, દીકરીના સપોર્ટથી આજે મારા દીકરાનું પરિણામ આવ્યું છે. હું આગળ એને વિજ્ઞાન પ્રવાહમાં ભણાવવા ઈચ્છું છું. એ આગળ UPSC જેવી પરીક્ષા પાસ કરે એવું મારું સ્વપનું છે. ગોંડલના પઠાણ રિઝવાને ૯૯.૯૮ પીઆર મેળવ્યા છે. તેના એક રિક્ષાચાલક પિતાના પુત્રએ સફળતાનું શિખર સર કર્યું છે. પઠાણ રીઝવાનએ એક મધ્યમ પરિવારનો પુત્ર છે. તેના પિતા રિક્ષા ચલાવે છે તેમનાં માતા પણ સાફ-સફાઈનું કામ કરી ઘરનું ગુજરાન ચલાવે છે. પઠાણ રીઝવાને ધોરણ ૧૦માં નિયમિત ૯થી ૧૦ કલાકની તનતોડ મહેનત કરી હતી. ત્યારે રિક્ષા ચલાવતા પિતાના પુત્રએ આજે આવું ઉત્તમ પરિણામ મેળવી તેમણે પોતાના પિતાના સ્વપ્નને સાચા અર્થમાં સાર્થક કરી બતાવ્યું છે. ધો.૧૦નું પરિણામ આવતા વિદ્યાર્થીઓમાં આનંદ છવાઈ ગયો છે.

ધૂળેટીની રાત્રે થયેલી હત્યાનો ક્રૂર રીતે લેવાયો બદલો

# વંથલીના રવની ગામની સીમમાં ખેલાયો ખૂની ખેલ : પિતા-પુત્રની ગોળી મારી કરપીણ હત્યા

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ,તા.૧૧

વંથલી તાલુકાના રવની ગામની સીમમાં ડબલ મર્ડરની ઘટના બનતા ભારે ચકચાર મચી ગઈ છે. આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ અગાઉના મનદુઃખ અને જુની અદાવતના કારણે પિતા-પુત્રની ગોળી મારી કરપીણ હત્યા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પોલીસ સૂત્રોએ આપેલી માહિતી મુજબ વંથલીથી ૧૦ કિ.મી. દુર રવની ગામની સીમમાં બનેલ ઘટનામાં રવનીના રહીશ રફીકભાઈ આમદભાઈ સાંધ અને તેના પુત્ર જિહાન રફીકભાઈ સાંધની ૬થી ૭ શખ્સોએ બંદુકની ગોળી મારી કરપીણ હત્યા કરી નાખી હતી. આ ઘટના ક્રમમાં જુની અદાવત કારણભૂત હોવાનું જાણવા મળે છે. જેમાં અગાઉ તા.૮-૩-૨૦૨૩ના રોજ રવની ગામ ખાતે નામચીન શખ્સની હત્યા થઈ હતી. જેમાં આ હત્યાના

### પિતાની બંને આંખમાં અને પુત્રને સાથળમાં ગોળી મારી !

બનાવમાં મરણજનારે બાતમી આપી હોવાનો શક અને ખાર રાખી ૬થી ૭ જેટલા શખ્સોએ ગત રાત્રીના ૯:૩૦ કલાકે બંદૂક તેમજ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો. આ બનાવને નજરે જોનાર સાક્ષીના જણાવ્યા મુજબ તેની નજર સામે જ આ સમગ્ર ઘટના બની હતી. અને ફાયરીંગ થતા સાક્ષી નાસી છુટયો હતો. પોલીસના જણાવ્યા મુજબ આ બનાવમાં કુહાડી, ધારીયા અને અગ્નિશસ્ત્ર સહિતના હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બનાવની જાણ થતા વંથલી પોલીસ તેમજ ડીવાયએસપી બી.સી. ઠક્કર ઘટના સ્થળે દોડી ગયા હતા અને બંને લાશનો કબજો મેળવી જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવામાં આવેલ. આ બનાવ અંગે ડીવાયએસપી બી.સી. ઠક્કરે માહિતી આપતા જણાવેલ કે આ બનાવમાં હુસેનભાઈ ઉમરભાઈ સાંધ (ઉ.વ.૬૦) રહે. રવનીવાળાએ આરોપીઓ (૧) રહીમ ઉર્ફે ખુરી ઈશાભાઈ સાંધ, રહે. ઝાંપોદડ (૨) જુમાભાઈ હબીબભાઈ સાંધ રહે. રવની, (૩) હનીફ ઈસ્માઈલભાઈ સાંધ રહે. રવની (૪) અબ્દુલ ઉર્ફે અબ્લો ઈબ્રાહીમ સાંધ રહે. રવની, (૫) ઈસ્માઈલ ઈબ્રાહીમ સાંધ રહે. રવની (૬) પોલાભાઈ યુસુફભાઈ સાંધ રહે. ઝાંપોદડ (૭) હુસેન અલારખા સાંધ રહે. રવનીવાળા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોનોંધી તપાસ હાથ ધરી છે. તમામ આરોપીઓ ફરાર થઈ ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા છે. આમ વંથલી પંથકમાં જુની અદાવત અને મનદુઃખના કારણે ડબલ મર્ડરનો બનાવ બનતા ભારે ખળભળાટ મચી ગયો છે.

# ધોરણ-૧૦નું ઓલટાઈમ હાઈ ૮૨.૫૬ ટકા પરિણામ; ગત વર્ષ કરતા ૧૭.૯૪ ટકા વધુ

## એકંદરે ૭૫.૪૫ ટકા પરિણામ; સૌથી વધુ પરિણામ ગાંધીનગર જિલ્લાનું ૮૭.૨૨ ટકા



(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું નિયમિત વિદ્યાર્થીઓનું ઓલટાઈમ હાઈ ૮૨.૫૬ ટકા પરિણામ આવ્યું છે. ગતવર્ષની સરખામણીમાં પણ આ વખતે પરિણામમાં ૧૭.૯૪ ટકાનો વધારો જોવા મળ્યો છે. ધોરણ-૧૦નું એકંદરે પરિણામ જોઈએ તો, ૭૫.૪૫ ટકા જેટલું રહેવા પામ્યું છે. સૌથી વધુ પરિણામ ગાંધીનગર જિલ્લાનું ૮૭.૨૨ ટકા અને સૌથી ઓછું પરિણામ પોરબંદર જિલ્લાનું ૭૪.૫૭ ટકા આવ્યું છે. આ વખતે A-1 ગ્રેડમાં ૨૩૨૪૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

### A-1 ગ્રેડમાં પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩,૨૪૭; વિદ્યાર્થિનીઓનું પરિણામ ૭.૫૭ ટકા વધુ આવ્યું

દ્વારા ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરાયું છે. જેમાં નિયમિત વિદ્યાર્થીઓનું ૮૨.૫૬ ટકા પરિણામ આવ્યું છે. ધોરણ-૧૦ની પરીક્ષામાં આ વખતે ૭૦૬૩૭૦ નિયમિત વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૬,૯૯,૫૯૮ નિયમિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તે પૈકી ૫,૭૭,૫૫૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ ઉપરાંત ૧,૬૫,૯૮૪ રિપીટર વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જે પૈકી પરીક્ષામાં ૧,૬૦,૪૫૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પૈકી ૭૮,૭૧૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આમ રિપીટર વિદ્યાર્થીઓનું ૪૯.૦૬ ટકા પરિણામ આવ્યું છે. ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલમાંથી ૧૭,૩૭૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને તે પૈકી પરીક્ષામાં ૧૬,૨૬૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પૈકી ૪૯૮૧ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આમ ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલનું ૩૦.૬૩ ટકા પરિણામ આવ્યું છે. એકંદરે પરિણામની વાત કરીએ તો ૮,૮૯,૭૩૨ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. જે પૈકી ૮,૭૬,૩૧૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૬,૬૧,૨૫૨ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આમ ધોરણ-૧૦નું એકંદરે પરિણામ ૭૫.૪૫ ટકા જાહેર કરાયું છે. ધોરણ-૧૦માં સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર અમદાવાદ ગ્રામ્યનું દાલોદ અને ભાવનગર જિલ્લાનું તાલગાજરડા છે, આ બંને કેન્દ્રનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર ભાવનગર જિલ્લાનું છે. જ્યાંનું ૪૧.૧૩ ટકા પરિણામ આવ્યું છે. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી સ્કૂલોની સંખ્યા ગતવર્ષે ૨૭૨ હતી, જે આ વખતે વધીને ૨૩૮૯ જેટલી થઈ ગઈ છે. ધોરણ-૧૦માં નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૭૯.૧૨ ટકા આવ્યું છે. જ્યારે વિદ્યાર્થીનીઓનું પરિણામ ૮૬.૬૯ ટકા આવ્યું છે. આમ વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા ૭.૫૭ ટકા વધુ આવ્યું છે. ગુજરાતી માધ્યમનું પરિણામ ૮૧.૧૭ ટકા, અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૨.૫૨ ટકા અને હિન્દી માધ્યમનું પરિણામ ૭૫.૯૦ ટકા આવ્યું છે.

# બેઝિક ગણિતમાં ૧ લાખ, વિજ્ઞાનમાં ૮૧ હજાર વિદ્યાર્થી નાપાસ

## સામાજિક વિજ્ઞાનમાં ૫૭ હજાર અને ગુજરાતીમાં ૪૬ હજાર વિદ્યાર્થીઓ નાપાસ થયા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૧

ધોરણ-૧૦માં સરળ ગણાતા બેઝિક મેથ્સમાં સૌથી વધુ ૧ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે અઘરા ગણાતા સ્ટાન્ડર્ડ ગણિતમાં માત્ર ૩૮૮ વિદ્યાર્થીઓ જ નાપાસ થયા છે. ગણિત ઉપરાંત સૌથી વધુ બીજા ક્રમે વિજ્ઞાનમાં ૮૧ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ધોરણ-૧૦માં આ વખતે ખૂબ જ ઊંચુ પરિણામ આવ્યું છે. જો કે, પરિણામ વધુ આવ્યું હોવા છતાં ગણિત વિષય વિદ્યાર્થીઓ માટે અઘરૂ રહેવા પામ્યું છે. ધોરણ-૧૦માં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક દાખલ કરવામાં આવ્યું હતું. જેમાં ગણિત બેઝિક એટલે સરળ ગણિત અને સ્ટાન્ડર્ડ ગણિત એટલે અઘરૂ ગણિત ગણાય છે. ગણિત વિષય વિદ્યાર્થીઓને અઘરૂ લાગતું હોવાથી સ્ટાન્ડર્ડ ગણિતમાં ઓછા વિદ્યાર્થીઓ નોંધાતા હોય છે. આ વખતે પણ ગણિત સ્ટાન્ડર્ડમાં માત્ર ૭૦ હજાર અને બેઝિક ગણિતમાં ૬.૨૯ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ધોરણ-૧૦ના પરિણામમાં ગણિત બેઝિકમાં ૬,૨૯,૧૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૫,૨૪,૬૭૧ વિદ્યાર્થીઓ પાસ થયા અને ૧,૦૪,૪૫૭ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ ગણિત બેઝિકનું પરિણામ ૮૩.૪૦ ટકા આવ્યું છે. આમ ગણિત બેઝિકમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે અઘરા ગણાતા ગણિત સ્ટાન્ડર્ડમાં ૭૦,૦૬૬ વિદ્યાર્થીઓ પૈકી ૬૯,૬૭૮ વિદ્યાર્થી પાસ થયા છે અને ૩૮૮ વિદ્યાર્થીઓ જ નાપાસ થયા છે. બીજા ક્રમે વિજ્ઞાન વિષયમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. વિજ્ઞાનમાં ૬,૯૯,૫૯૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૬,૧૮,૨૧૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ૮૧,૩૮૩ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ વિજ્ઞાનનું પરિણામ ૮૮.૩૭ ટકા આવ્યું છે. સામાજિક વિજ્ઞાન વિષયમાં પણ ૬,૯૯,૫૯૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૬,૪૨,૪૯૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે ૫૭,૧૦૨ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ સામાજિક વિજ્ઞાનનું ૯૧.૮૪ ટકા પરિણામ જાહેર કરાયું છે. ગુજરાતી પ્રથમ ભાષામાં પણ ૫,૮૩,૭૧૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ૫,૩૭,૫૪૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે ૪૬,૧૭૮ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ, ગુજરાતી પ્રથમ ભાષામાં ૯૨.૦૯ ટકા પરિણામ જાહેર કરાયું છે.

# અમદાવાદ શહેરનું પરિણામ ૭૮.૨૦ ટકા : ગતવર્ષ કરતા ૧૪.૦૨ ટકા વધ્યું

## ● અમદાવાદ ગ્રામ્યનું પણ ૮૧.૭૪ ટકા પરિણામ આવ્યું, ગતવર્ષ કરતા ૧૬.૫૨ ટકા વધુ ● અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં મળી A-1 ગ્રેડમાં ૨૪૧૫ વિદ્યાર્થીઓ પાસ થયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

ધોરણ-૧૦માં અમદાવાદ શહેરનું પરિણામ ૭૮.૨૦ ટકા ગ્રામ્યનું ૮૧.૭૪ ટકા આવ્યું છે. ધોરણ-૧૦માં અમદાવાદ શહેરમાં A-1 ગ્રેડમાં ૧૨૧૪ અને ગ્રામ્યમાં ૧૨૦૧ મળી કુલ ૨૪૧૫ વિદ્યાર્થી પાસ થયા છે. ધોરણ-૧૦માં અમદાવાદ શહેર પરિણામ ૧૪.૦૨ ટકા અને ગ્રામ્યનું પરિણામ ગતવર્ષની સરખામણીમાં ૧૬.૫૨ ટકા જેટલું વધ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેરમાં ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૪૪,૮૪૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી પરીક્ષા વખતે ૪૪,૬૨૪ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરિણામમાં શહેરના ૭૮.૨૦ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. પાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી A-1 ગ્રેડમાં ૧,૨૧૪ વિદ્યાર્થી પાસ થયા છે. જ્યારે A-2 ગ્રેડમાં ૫,૩૮૨, B-1 ગ્રેડમાં ૭,૩૦૭, B-2 ગ્રેડમાં ૮,૩૧૭, C-1 ગ્રેડમાં ૭,૮૧૬, C-2 ગ્રેડમાં ૪,૫૩૧, D ગ્રેડમાં ૩૩૦ અને E-1 ગ્રેડમાં ૧ વિદ્યાર્થી પાસ થયા છે. ગતવર્ષે અમદાવાદ શહેરનું પરિણામ ૬૪.૧૮ ટકા હતું.

અમદાવાદ શહેર કરતા અમદાવાદ ગ્રામ્યનું પરિણામ ખૂબ જ સારુ રહેવા પામ્યું છે. જેમાં ગ્રામ્યમાં ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૩૬,૪૨૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી પરીક્ષા વખતે ૩૬,૧૮૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરિણામમાં ગ્રામ્યના ૮૧.૭૪ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. પાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી A-1 ગ્રેડમાં ૧,૨૦૧ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે A-2 ગ્રેડમાં ૪,૨૯૩, B-1 ગ્રેડમાં ૬,૦૮૧, B-2 ગ્રેડમાં ૭,૦૧૮, C-1 ગ્રેડમાં ૬,૮૧૮, C-2 ગ્રેડમાં ૩,૮૫૨, D ગ્રેડમાં ૩૧૨ વિદ્યાર્થી પાસ થયા છે.

# ધોરણ-૧૦માં નાપાસ થયેલા ૧.૫૬ લાખ પૂરક પરીક્ષા માટે લાયક

## આ વખતે ૨ના બદલે ૩ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦માં ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આ વખતે પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. આ વખતે ૩ વિષયમાં ૧.૫૬ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા હોવાથી તેઓ પૂરક પરીક્ષા આપી શકશે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી એક અથવા બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની જુલાઈમાં પુરક પરીક્ષા લેવામાં આવતી હતી. પરંતુ આ વખતે ધોરણ-૧૦માં બેના બદલે ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવાનું નક્કી કરતા અનેક વિદ્યાર્થીઓને તેનો સીધો ફાયદો થશે. ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આગામી જૂન માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. ધોરણ-૧૦માં આ વખતે ૧ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૫૮,૪૨૪ જેટલી છે. જ્યારે ૨ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૩,૧૯૭ અને ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫,૦૮૭ જેટલી છે. આમ કુલ ૧,૫૬,૭૦૮ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે લાયક બન્યા છે. ૩ વિષયમાં પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવતા ૩૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે લાયક બન્યા છે. આગામી જૂન માસમાં લેવાનારી પરીક્ષામાં તેઓ ઉપસ્થિત રહેશે.

# નડિયાદમાં સીવણકામ કરી ગુજરાન ચલાવતી મહિલાની પુત્રી સલમાબાનુએ ધો.૧૦માં ૯૯.૯૯ પી.આર. મેળવી જિલ્લામાં ટોપ કર્યું

## તેની સફળતા પાછળ સૌ પ્રથમ અલ્લાહ ત્યારબાદ ફેમિલી અને વિઝન સ્કૂલના શિક્ષકોની મહેનતને જશ આપ્યો

નડિયાદ, તા.૧૧

નડિયાદમાં રહેતી અને પતિની છત્રછાયા ગુમાવી દીધા બાદ સીવણ થકી કપડા સીવી ગુજરાન ચલાવતી મહિલાની પુત્રી સલમાબાનુ મેમણ ધોરણ ૧૦માં ખેડા જિલ્લામાં ૯૯.૯૯ પીઆર મેળવીને ફર્સ્ટ આવી છે તેને પોતાની મોટી બેન ની જેમ ડોક્ટર બનવાની ઈચ્છા છે. નડિયાદમાં કબ્રસ્તાન ચોકડી નજીક આવેલા ન્યુ ગંજ નજીક ફહાર પાર્કમાં રહેતી સલમાબાનું મોહમ્મદ ઈરફાન મેમણ ધોરણ ૧૦માં નડિયાદમાં આવેલી વિઝન સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. આજે આવેલા પરિણામમાં તેણે ૯૯.૯૯ પીઆર મળ્યા છે ૬૦૦માંથી ૫૯૫ ગુણ મેળવ્યા છે



આસામના મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમા વારંવાર તેમની સરકારની મુસ્લિમ મદ્રેસાઓને તોડી પાડવા અને મુસ્લિમ અતિક્રમણને સાફ કરવાની તેજસ્વી સિદ્ધિઓ તરીકે દર્શાવતા હતા. જ્યારે શાકભાજીના ભાવમાં વધારો થયો, ત્યારે એક કાલ્પનિક આરોપમાં તેમણે મુસ્લિમ ખેડૂતોને ઈરાદાપૂર્વક શાકભાજીનો સંગ્રહ કરવા માટે તેમના ભાવો વધારવા માટે દોષી ઠેરવ્યા, સંપૂર્ણપણે પુરાવા વિના, અને તેમના બહિષ્કાર માટે હાકલ કરી.

નોંધપાત્ર બાબત એ છે કે મોદીએ તેમની વરિષ્ઠ સરકાર અને પક્ષના સાથીદારો દ્વારા દ્વેષપૂર્ણ ભાષણોના આ બારમાસી પૂરને રોકવા માટે સતત કંઈ કર્યું નથી. તેના બદલે નફરત ફેલાવનારાઓને સામાન્ય રીતે પક્ષ, સરકાર અને કેન્દ્રીય મંત્રીમંડળમાં વરિષ્ઠ હોદ્દાથી પુરસ્કૃત કરવામાં આવતા હતા. બંને વરિષ્ઠ નેતાઓ અને પક્ષના કાર્યકરો દ્વારા ખુલ્લેઆમ દ્વેષપૂર્ણ ભાષણ માટેના તેમના સંકેતો સ્પષ્ટ રીતે તેમને સમર્થન અને પ્રોત્સાહન આપે છે.

મોદીની ઘણી બધી બાબતો માટે ટીકા થઈ શકે છે, પરંતુ નબળાઈ તેમાંથી એક નથી. જો તે અપ્રિય ભાષણનો અંત લાવવા ઈચ્છતા હોય, તો તેમનો એક શબ્દ તેમને શાંત કરવા માટે પૂરતો હોય છે. પરંતુ તેના બદલે, તેમની પાસે આવા શબ્દોની સ્પષ્ટ ગેરહાજરી છે.

દ્વેષપૂર્ણ ભાષણ માટે મોદીની અખૂટ ભૂખને શું બળ આપે છે? એ વાત સાચી છે કે ચૂંટણીની નજીક મોદીના દ્વેષપૂર્ણ ભાષણનો આશરો મુસ્લિમો અને રાજકીય વિરોધીઓ વિરુદ્ધ અસત્યથી ભરેલો છે. મોદી પૂર્વગ્રહ અને ધર્માંધતામાં ડૂબી જાય છે અને દ્વેષપૂર્ણ જૂઠ્ઠાણાઓ ફેલાવે છે કારણ કે તેમને ખાતરી છે કે આનાથી કટ્ટરપંથી હિંદુ મતદારોની વધતી જતી વોટ-બેંક તેમના મુખ્ય સમર્થનને મજબૂત બનાવશે.

ચહેરા વિનાના સમર્થકોની વિશાળ ઈન્ટરનેટ સેના - કેટલાક ચૂકવેલ, કેટલાક અવેતન - ડરાવતા ઈસ્લામોફોબિક જૂઠાણાં સાથે ઈન્ટરનેટને વસાહત બનાવે છે, જેને પત્રકાર કુણાલ પુરોહિત નફરતના દૈનિક માત્રાના ધીમા-ટપક તરીકે વર્ણવે છે. આ ઓનલાઈન નફરતની પોસ્ટ દરેક ચૂંટણીમાં ટોચ પર હોય છે. તે સૂચનાત્મક છે કે, સોશિયલ મીડિયા પર, મોદી એવા ઘણા લોકોને ફોલો કરે છે જેઓ સૌથી વધુ ઝેરી મુસ્લિમ વિરોધી અપ્રિય પોસ્ટ્સ અપલોડ કરે છે.

જો કે, મોદીના નેતૃત્વમાં તાજેતરના વર્ષોમાં દ્વેષપૂર્ણ ભાષણના દાખલાઓના ઉછાળાને માત્ર નિંદાત્મક વિભાજનકારી ચૂંટણી વ્યૂહરચના તરીકે મૂલવવામાં ભૂલ થશે. ભારતીય રાજનીતિમાં કંઈક બદલાવ આવ્યો છે જે મોદીને તેઓ જે કરે છે તે કરવા સક્ષમ બનાવે છે.

૨૦૨૪ના ઉનાળાના ચૂંટણી પ્રચારમાં મોદીના તીવ્ર નફરતના ભાષણોની સંપૂર્ણ આયાતને સમજવા માટે, આપણે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે હિંદુત્વ પ્રોજેક્ટમાં મુસ્લિમોનો ધિક્કાર એટલો જ કેન્દ્રિય છે જેટલો યહૂદીઓનો દ્વેષ નાઝી પ્રોજેક્ટ માટે હતો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એ મોદીનો વૈચારિક ધ્રુવનો તારો છે, તેઓ જે પક્ષનું નેતૃત્વ કરે છે અને તેના હિંદુત્વ કાર્યકર્તાઓની સેના છે. ઈસ્લામોફોબિયા એ સંઘની સર્વોચ્ચ વૈચારિક સ્થળ છે.

કરો કે નરસંહાર બંને શબ્દોથી શરૂ થાય છે - "દુષ્ટ શબ્દો, દ્વેષપૂર્ણ શબ્દો... પૂર્વગ્રહના શબ્દો" અને "શબ્દોની ગેરહાજરી"ને કારણે પણ.

નફરત અને ભયનું વાતાવરણ જેણે મોદીના નેતૃત્વમાં ભારતને તરબોળ કર્યું છે તે તેમના "દુષ્ટ શબ્દો" અને તેમનું પસંદગીયુક્ત મૌન બંનેનું પરિણામ છે, આ મૌન - વધુ સ્પષ્ટ છે કારણ કે મોદી પાસે અન્યથા શબ્દોની ખોટ ક્યારેય નથી - જ્યારે તેમની સરકાર અને પક્ષના વરિષ્ઠ સાથીદારો નિયમિતપણે નફરત ફેલાવે છે ત્યારે વડાપ્રધાનનો આ મૂળભૂત પ્રતિભાવ છે.

હોલોકોસ્ટ સર્વાઈવર્સ દ્વારા આપવામાં આવતી ચેતવણીઓને આપણે આપણા જોખમે જ અવગણી શકીએ. તે અનિવાર્ય છે કે આપણે તેમની ચેતવણીઓ પર ધ્યાન આપીએ કે કોઈપણ નરસંહાર શરૂ થાય તે પહેલાં, તેના માટેનો આધાર મોટાભાગે દ્વેષપૂર્ણ ભાષણ દ્વારા બનાવવામાં આવે છે. અને જો દ્વેષપૂર્ણ ભાષણના પ્રોજેક્ટનું નેતૃત્વ મજબૂત નેતા દ્વારા કરવામાં આવે તો નરસંહારની શક્યતાઓ ઉત્તરોત્તર વધે છે.

(લેખક, શાંતિ અને અધિકાર કાર્યકર, સંશોધક અને શિક્ષક, નફરતની હિંસામાંથી બચી ગયેલા લોકો સાથે ન્યાય અને એકતા માટે કારવાન એ મોહબ્બત અભિયાનનું નેતૃત્વ કરે છે. તેમનું લેટેસ્ટ પુસ્તક ફેટલ એક્સિડન્ટ્સ ઓફ બર્થ બુક સ્ટોર્સમાં છે)

(સમાપ્ત) (સૌ. : સ્ક્રોલ.ઈન)

# સુપ્રીમ કોર્ટે FIR અને ફરિયાદોને એકત્ર કરવાની ઉદયનિધિ સ્ટાલિનની અરજી પર નોટિસ જારી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટે તમિલનાડુના મંત્રી ઉદયનિધિ સ્ટાલિન દ્વારા દાખલ કરાયેલી અરજી પર નોટિસ જારી કરી હતી, જેમાં 'સનાતન ધર્મ' પરના તેમના વિવાદાસ્પદ નિવેદનો અંગે તેમની સામે નોંધાયેલી વિવિધ એફઆઈઆર અને ફરિયાદોને એકીકૃત કરવાના નિર્દેશોની માંગ કરવામાં આવી છે. અરજીની તપાસ કરવા માટે સંમત થતાં, ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળા પક્ષે આ મામલે વિવિધ રાજ્ય સરકારો પાસેથી જવાબો માંગ્યા હતા. ૧ એપ્રિલના રોજ, ન્યાયમૂર્તિ દીપાંકર દત્તા સહિત બનેલા પક્ષે, પેટીશનમાં સુધારાની માંગ કરતી અરજી દાખલ કરીને ત્યારપછીની તમામ ઘટનાઓના પુરાવા લાવવા માટે સમય આપ્યો હતો. અરજીમાં હાઈલાઈટ કરવામાં આવ્યું હતું કે, એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે બેંગ્લોર સમક્ષ દાખલ કરાયેલ એક ફરિયાદના કેસ સિવાય અન્ય તમામ એફઆઈઆર/ફરિયાદો મહારાષ્ટ્ર, બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશો સમક્ષ બાકી રહેલા છે. જે ભારતીય જનતા પાર્ટી દ્વારા સંચાલિત કરવામાં આવે છે જે કેન્દ્રમાં શાસક પક્ષ છે." અરજીમાં એવી દલીલ કરવામાં આવી હતી કે, ડીએમકે નેતાને તેમના જીવન માટેની ધમકીઓ મળી રહી છે અને વિવિધ પ્રદેશોમાં જુદા જુદા પોલીસ સ્ટેશનો અને કોર્ટમાં હાજર થવામાં તેમને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉદયનિધિ સ્ટાલિને સનાતન ધર્મના નાબૂદી પર તમિલનાડુ પ્રગતિશીલ લેખકોના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે તે સામાજિક ન્યાયની વિરૂદ્ધ છે. તેમણે એમ પણ કહ્યું કે સનાતન ધર્મને મચ્છર, ડેન્ગ્યુ, મેલેરિયા કે કોરોનાની જેમ નાબૂદ કરવો જ જોઈએ.

# ૧૫ સેકન્ડની ટિપ્પણી મુદ્દે ભાજપ સાંસદ નવનીત રાણા સામે એફઆઈઆર નોંધાઈ

(એજન્સી) તા.૧૧

સૈદાબાદ પોલીસે અમરાવતી ભાજપના સંસદસભ્ય નવનીત કૌર રાણા સામે શહેરમાં જાહેર સભા દરમિયાન તાજેતરમાં '૧૫ સેકન્ડ'ના નિવેદન બદલ કેસ નોંધ્યો છે. આ કેસ IPCની કલમ ૫૦૫ (૨), ૫૦૬, ૧૭૧સી, ૧૭૧એફ, ૧૭૧જી હેઠળ નોંધવામાં આવ્યો છે. ફરજ પરના ચૂંટણી અધિકારી દ્વારા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. ઉલ્લેખની છે કે નવનીત રાણાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં તેઓ એવું કહેતી જોવા મળી રહી છે કે ૧૫ સેકન્ડ માટે પોલીસને હટાવી લો, ઓવૈસી ભાઈઓને ખબર નહીં પડે કે તેઓ ક્યાંથી આવ્યા અને ક્યાં ગયા. તમને જણાવી દઈએ કે થોડા વર્ષો પહેલા અસદુદ્દીન ઓવૈસીના ભાઈ અકબરૂદ્દીન ઓવૈસીએ એક નિવેદનમાં કહ્યું હતું કે, જો પોલીસ ૧૫ મિનિટ માટે ખસી જશે તો અમે તમને દેખાડી દઈશું. અકબરૂદ્દીન ઓવૈસીના ૧૫ મિનિટના નિવેદન પર નવનીત રાણાએ ૧૫ સેકન્ડનું નિવેદન આપ્યું છે.

# ચોથા તબક્કાની ૯૬ બેઠકો માટે પ્રચાર પડઘમ શાંત, ૧૩મીએ મતદાન

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧

સોમવારે યોજાનારી ચોથા તબક્કાની લોકસભા ચૂંટણીનો શનિવારે ચૂંટણી પ્રચાર સમાપ્ત થયો છે. ૧૦ રાજ્યોની ૯૬ બેઠકો પર મતદાન થશે. તેમાંથી ૯૬ માટે નામાંકન ભરવાની પ્રક્રિયા ૧૮ એપ્રિલથી શરૂ થઈ હતી. તબક્કા ૪માં નામાંકનની છેલ્લી તારીખ ૨૫ એપ્રિલ હતી. આંધ્રપ્રદેશ અને તેલંગાણાની તમામ મતવિસ્તારોમાં ૧૩ મેના રોજ એક જ તબક્કામાં મતદાન થશે. આંધ્રપ્રદેશમાં એ જ દિવસે ૧૭૫ બેઠકો માટે વિધાનસભાની ચૂંટણી પણ યોજાશે. ૧૯ એપ્રિલથી શરૂ થનારી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં દેશમાં સાત તબક્કામાં મતદાન થશે. આંધ્ર પ્રદેશ અને તેલંગાણા ઉપરાંત, આઠ રાજ્યો કે જેઓ ૧૩ મેના રોજ ચૂંટણી યોજાનાર છે :

૧. બિહાર : દરભંગા, ઉજિયારપુર, સમસ્તીપુર, બેગુસરાય, મુંગેર

૨. જમ્મુ અને કાશ્મીર : શ્રીનગર

૩. ઝારખંડ : સિંહભૂમિ, ખુંટી, લોહરદગા, પલામુ

૪. મધ્ય પ્રદેશ : દેવાસ, ઉજ્જૈન, મંદસૌર, રતલામ, ધાર, ઈન્દોર, ખરગોન, ખંડવા

૫. મહારાષ્ટ્ર : નંદુરબાર, જલગાંવ, રાવેર, જાલના, ઔરંગાબાદ, માવલ, પુણે, શિરૂર, અહમદનગર, શિરડી, બીડ

૬. ઓડિશા : નબરંગપુર, બેરહામપુર, કોરાપુટ, કાલાહાંડી

૭. ઉત્તરપ્રદેશ : શાહજહાંપુર, ખેરી, ધૌરાહરા, સીતાપુર, હરદોઈ, મિસરીખ, ઉન્નાવ, ફરુખાબાદ, ઈટાવા, કન્નૌજ, કાનપુર, અકબરપુર, બહરાઈચ

૮. પશ્ચિમ બંગાળ : બહેરામપુર, કૃષ્ણનગર, રાણાઘાટ, બર્ધમાન પૂર્વા, બર્દવાન-દુર્ગાપુર, આસનસોલ, બોલપુર, બીરભૂમ.

૨૦ મેના રોજ પાંચમા રાઉન્ડમાં ૮ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના ૬૯૫ ઉમેદવારો ચૂંટણી લડશે. તબક્કા-૫માં, મહારાષ્ટ્રમાં ૧૩ સંસદીય મતવિસ્તારોમાંથી મહત્તમ ૫૧૨ ઉમેદવારી ફોર્મ હતા, જેમાં મુંબઈની છ બેઠકો હતી, ત્યારબાદ ૧૪ પીસીમાંથી ૪૬૬ નામાંકન સાથે ઉત્તરપ્રદેશનો નંબર આવે છે. ઝારખંડમાં ૪-ચતરા સંસદીય મતવિસ્તારમાં સૌથી વધુ ૬૯ નોમિનેશન ફોર્મ પ્રાપ્ત થયા છે, ત્યારબાદ ઉત્તર પ્રદેશમાં ૩૫-લખનૌ ૬૭ નોમિનેશન ફોર્મ છે. ૫મા તબક્કા માટે PCમાં ઉમેદવારોની સરેરાશ સંખ્યા ૧૪ છે. સૌથી નિર્ણાયક ૨૫ મેના રોજ ચૂંટણીનો છઠ્ઠો તબક્કો છે જેમાં દિલ્હીના સાત સહિત ૫૭ મતવિસ્તારોનો સમાવેશ થાય છે. છેલ્લો અને સાતમો તબક્કો ૧ જૂને સૂચિબદ્ધ છે જેમાં ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ રાજ્યોમાં ૫૭ બેઠકો પર મતદાન થશે.

# અમેઠી, રાયબરેલી મોટા માર્જિનથી જીતીશું : ભૂપેશ બઘેલ

## છત્તીસગઢના પૂર્વ સીએમએ કહ્યું કે, પ્રદેશ સાથે કોંગ્રેસના ઊંડા મૂળના સંબંધો અને નેતૃત્વની પ્રતિબદ્ધતા અમારી જીતને સુનિશ્ચિત કરશે

(એજન્સી) તા.૧૧

ભાજપની સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધીનો વિરોધ કરીને પોતાની ઓળખ બનાવી છે પરંતુ આ વખતે અમેઠીમાં તેમને હારનો સામનો કરવો પડશે, કોંગ્રેસના નેતા ભૂપેશ બઘેલે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, તેમની પાર્ટી ઉત્તર પ્રદેશમાં અમેઠી અને રાયબરેલીની બંને લોકસભા બેઠકો મોટા માર્જિનથી જીતશે. આ વખતે કોંગ્રેસે રાયબરેલીથી, ભાજપના દિનેશ પ્રતાપ સિંહ સામે રાહુલ ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ગાંધી પરિવારના વફાદાર કિશોરી લાલ શર્મા અમેઠીમાં સ્મૃતિ ઈરાની સામે લડી રહ્યા છે. બઘેલે જણાવ્યું હતું કે, ઈન્દિરા ગાંધીએ ચૂંટણી લડી ત્યારથી બંને બેઠકો ગાંધી પરિવાર સાથે ગાઢ સંબંધો ધરાવે છે, અને ત્યારબાદ સંજય ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ આ બેમાંથી કોઈ એક બેઠક પરથી ચૂંટણી લડી છે. બઘેલે રાયબરેલીમાં એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, 'તેઓ અહીંના દરેક ઘર સાથે પારિવારિક સંબંધો ધરાવે છે. રાહુલ ગાંધીને રાયબરેલીથી મેદાનમાં ઉતારવાનો નિર્ણય હાઈકમાન્ડનો હતો. અમે બંને બેઠકો પર લડી રહ્યા છીએ. કિશોરી લાલ શર્માજી ૪૦ થી વધુ વર્ષોથી લોકોની સેવા કરી રહ્યા છે તેથી તેમનો દરેક ઘર સાથે પારિવારીક સંબંધ છે.' છત્તીસગઢના પૂર્વ મુખ્ય પ્રધાન બઘેલે ધ્યાન દોર્યું કે, શર્મા અહીં સાંસદ પ્રતિનિધિ તરીકે આવ્યા છે. બીજી તરફવાળા ભયભીત છે, ખાસ કરીને સ્મૃતિ ઈરાની, કારણ કે તેની ઓળખ માત્ર રાહુલ ગાંધીનો વિરોધ કરીને કોતરવામાં આવી છે. હવે તે કોનો વિરોધ કરશે? તે હવે જાળમાં ફસાઈ ગઈ છે અને તેને હવે હારનો સામનો કરવો પડશે. બઘેલ રાયબરેલી સીટ માટે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના વરિષ્ઠ નિરીક્ષક તરીકે રાયબરેલીમાં છે અને જાહેર આઉટરીચ કાર્યક્રમોની શ્રેણી પણ યોજશે. તેમણે કહ્યું, 'કિશોરી લાલ શર્મા તેમને મતોના મોટા માર્જિનથી હરાવશે. અમે બંને બેઠકો મોટા માર્જિનથી જીતીશું.' બઘેલે શર્મા પર કટાક્ષ કરવા અને તેમને 'ગાંધી પરિવારના પટાવાળા' અને પ્રિયંકા ગાંધી વાડ્રાના 'કારકુન' કહેવા બદલ ભાજપ પર પણ વળતો પ્રહાર કરતાં કહ્યું કે, તે પાર્ટીની 'સામંતવાદી માનસિકતા' દર્શાવે છે. શર્મા લુધિયાણાના છે એટલે કે બહારના વ્યક્તિ છે તેવા આરોપનું ખંડન કરતા બઘેલે કહ્યું, 'જ્યાં સુધી ચૂંટણી લડવાની વાત છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી પોતે ગુજરાતના હોવા છતાં વારાણસી લડ્યા હતા. અટલબિહારી વાજપેયી લખનૌથી લડ્યા હતા પરંતુ તેઓ ગ્વાલિયરના છે. ઘણા લોકો અલગ-અલગ જગ્યાએથી લડતા હોય છે.' રાહુલ ગાંધી અમેઠીથી ભાગી ગયા હોવાના ઈરાનીના હુમલા પર બઘેલે કહ્યું કે, 'ગાંધી પરિવાર વિશે આવી ટિપ્પણી કરવી યોગ્ય નથી. તેઓ કોઈથી ડરતા નથી, અને આ પરિવારના સભ્યોએ આ દેશ માટે તેમના જીવનનું બલિદાન આપ્યું છે. આવા પરિવાર વિશે આવી વાતો કહીને, તમે રાજકારણ કરો છો, પરંતુ કોઈએ આ સ્તર સુધી તેમ ન કરવું જોઈએ.' ૨૦૧૯માં, રાહુલ ગાંધી કેરળના વાયનાડમાંથી સફળતાપૂર્વક લોકસભાની ચૂંટણી લડ્યા અને અમેઠીમાં હારી ગયા હતા. કોંગ્રેસે આ સપ્તાહની શરૂઆતમાં પૂર્વ મુખ્યમંત્રી બઘેલ અને અશોક ગેહલોતને અનુક્રમે રાયબરેલી અને અમેઠી સંસદીય ક્ષેત્ર માટે AICC વરિષ્ઠ નિરીક્ષકો તરીકે નિયુક્ત કર્યા હતા. પ્રિયંકા ગાંધીએ બે મતવિસ્તારોમાં પ્રચારની કમાન સંભાળી છે. તે સેંકડો 'નુક્કડ સભાઓ', મીટિંગ અને ડોર ટુ ડોર પ્રચાર કાર્યક્રમો યોજશે. અમેઠી અને રાયબરેલી બેઠકો પર સાત તબક્કાની સામાન્ય ચૂંટણીના પાંચમા રાઉન્ડમાં ૨૦ મેના રોજ મતદાન થશે.

# પરસ્પર હિતો અને પારસ્પરિક સંવેદનશીલતા પર આધારિત છે ભારત-માલદીવ્સ સંબંધોનો વિકાસ : વિદેશમંત્રી જયશંકર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

વિદેશપ્રધાન એસ. જયશંકરે ગુરૂવારે તેમના માલદીવ્સના સમકક્ષ મૂસા ઝમીર સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, ભારત-માલદીવ્સ સંબંધોનો વિકાસ 'પરસ્પર હિતો' અને 'પારસ્પરિક સંવેદનશીલતા' પર આધારિત છે. માલદીવ્સના ચીન તરફી પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝુએ છ મહિના પહેલા કાર્યભાર સંભાળ્યા પછી માલેથી પ્રથમ ઉચ્ચ સ્તરીય પ્રવાસમાં ઝમીર નવી દિલ્હી આવ્યા છે. જયશંકરે ઝમીર સાથેની મીટિંગમાં તેમની શરૂઆતની ટિપ્પણીમાં જણાવ્યું કે, 'નજીકના અને નિકટવર્તીના પડોશીઓ તરીકે, અમારા સંબંધોનો વિકાસ દેખીતી રીતે પરસ્પર હિતો અને પારસ્પરિક સંવેદનશીલતા પર આધારિત છે.' તેમણે કહ્યું, 'જ્યાં સુધી તેમનો ભારતનો સંબંધ છે, તે અમારી નેબરહુડ ફર્સ્ટ પોલિસી અને SAGAR (પ્રદેશમાં બધા માટે સુરક્ષા અને વૃદ્ધિ)ની દૃષ્ટિના સંદર્ભમાં સ્પષ્ટ છે. હું આશા રાખું છું કે, આજની અમારી મીટિંગ અમને વિવિધ ક્ષેત્રોમાં અમારા પરિપ્રેક્ષ્યના સંકલનને મજબૂત કરવામાં સક્ષમ બનાવશે.' મુઈઝ્ઝુએ ટાપુ રાષ્ટ્રમાં ત્રણ લશ્કરી પ્લેટફોર્મ ચલાવતા ભારતીય સૈન્ય કર્મચારીઓને પાછા ખેંચવાનો આગ્રહ રાખતા બંને દેશો વચ્ચેના સંબંધો ગંભીર તણાવ હેઠળ આવ્યા હતા. ભારતે તેના મોટાભાગના સૈન્ય કર્મચારીઓને પહેલાથી જ પાછા બોલાવી લીધા હતા. મુઈઝ્ઝુએ તેના દેશમાંથી ભારતીય સૈન્ય સૈનિકોને પાછા ખેંચવાની અંતિમ તા.૧૦ મે નક્કી કરી હતી. જયશંકરે કહ્યું, 'ભારત માલદીવ્સને વિકાસ સહાયનો મુખ્ય પ્રદાતા છે. અમારા પ્રોજેક્ટ્સથી તમારા દેશના લોકોને ફાયદો થયો છે; અમે જીવનની ગુણવત્તામાં ફાળો આપ્યો છે. તેમાં માળખાકીય પ્રોજેક્ટ્સ અને સામાજિક પહેલથી લઈને તબીબી સ્થળાંતર અને આરોગ્ય સુવિધાઓ સુધીની છે.' જયશંકરે ઉમેર્યું, 'અમે ભૂતકાળમાં સાનુકૂળ શરતો પર નાણાકીય સહાય પણ આપી છે. ભારત માલદીવ માટે અસંખ્ય પ્રસંગોએ પ્રથમ પ્રતિસાદ આપનાર છે. અમારા સહકારે વહેંચાયેલ પ્રવૃત્તિઓ, સાધનોની જોગવાઈ, ક્ષમતા નિર્માણ અને તાલીમ દ્વારા તમારા દેશની સુરક્ષા અને સુખાકારીમાં પણ વધારો કર્યો છે.'

**હદીસ બોધ**

બદલો લેવા સમર્થ છતાં બીજાને માફી આપનાર વધુ માનને પાત્ર બને છે. (હદીસ બોધ)

**બોધ વચન**

જીવનમાં બે કરૂણતાઓ છે. એક તો તમારા હૃદયની ઈચ્છાઓ પૂરી ન થવી તે અને બીજી એ પૂરી થવી તે. - બર્નાડ શો

**આજની આરસી**

૧૨ મે રવિવાર ૨૦૨૪
૩ ઝિલકદ હિજરી ૧૪૪૫
વૈશાખ સુદ પાંચમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૩૩
ખત્મે ઝવાલ ૧૨-૩૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૧૨

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# દલિતના લગ્નમાં ગામ છાવણીમાં ફેરવાયું, ચાર પોલીસ સ્ટેશનની પોલીસ તૈનાત કરવામાં આવી, પિતા આ વાતથી ડરી ગયા

(એજન્સી) તા. ૧૧

લગ્ન એ એક મનોરંજક પ્રસંગ છે. પરિવારના સભ્યો તેમના પરિચિતોને આમંત્રણ આપે છે. સર્વત્ર આનંદ અને ખુશીનો માહોલ હોય છે. તમામ ધાર્મિક વિધિઓ સંબંધીઓની હાજરીમાં કરવામાં આવે છે. પણ જો લગ્નમાં આનંદ કરતાં ડર વધુ હોય તો ? રાજસ્થાનના ભીલવાડામાં આવા જ લગ્ન જોવા મળ્યા હતા. આ લગ્નના



કારણે આખું ગામ છાવણીમાં ફેરવાઈ ગયું હતું.

ભીલવાડાના શક્કરગઢ પોલીસ સ્ટેશનના બરોડા ગામમાં ગઈ કાલે થયેલા લગ્ન બધાને યાદ રહેશે. અહીં એક દલિત પરિવારના લગ્નમાં ચાર પોલીસ સ્ટેશનની પોલીસ તૈનાત કરવામાં આવી હતી. ખરેખર, આ દલિત પરિવારમાં પુત્ર અને પુત્રી બંનેના લગ્ન એક સાથે થયા હતા. પરિવારના સભ્યોની ઈચ્છા હતી કે તેઓ બંને તેમની બિંદૌલીને ઘોડી પર લઈ જાય. પરંતુ અન્ય સમુદાયના લોકો એવું ઈચ્છતા ન હતા. આ કારણોસર પરિવારજનોએ પોલીસની મદદ લીધી હતી. પોલીસની હાજરીમાં દલિત વર-કન્યાની બિંદૌલીને ઘોડી પર બહાર કાઢવામાં આવી હતી.

**પિતાએ મદદ માંગી હતી**

અહેવાલ મુજબ, બરોડા નિવાસી દુર્ગાલાલના પુત્ર અને પુત્રીના લગ્ન ૯મી મેના રોજ હતા. આવી સ્થિતિમાં ૩ મેના રોજ જ તેમણે સબ ડિવિઝનલ ઓફિસર સુરેન્દ્રબી પાટીદારને પત્ર લખીને સુરક્ષાની માંગ કરી હતી. તેમના પત્રમાં તેમણે લખ્યું હતું કે તે તેના પુત્ર અને પુત્રીની બિંદૌલીને ઘોડી પર લઈ જવા માંગે છે. પરંતુ ગામના કેટલાક લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. આ કારણોસર તેમને સુરક્ષાની જરૂર છે.

**ગામ છાવણીમાં ફેરવાયું**

પિતાના આ પત્ર બાદ લગ્નમાં ચાર પોલીસ સ્ટેશનની પોલીસ એકઠી થઈ હતી. ગામમાં અનેક પોલીસ અધિકારીઓ પણ હાજર હતા. સૌ પોલીસ અને પરિવારના સભ્યોની હાજરીમાં પ્રથમ વખત દલિત સમાજના વર-કન્યાની બિંદૌલીને ઘોડી પર કાઢવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર ગામ છાવણીમાં ફેરવાયું ગયું હતું. તમને જણાવી દઈએ કે, દલિત લગ્નમાં ઘણીવાર ઘોડી પર સરઘસ કાઢવાનો વિરોધ કરવામાં આવે છે. આજે પણ ઘણા લોકો તેને ખોટું માને છે. આવી સ્થિતિમાં પોલીસની મદદથી એક પિતાએ પોતાનું સપનું પૂરૂં કર્યું હતું.

# આખરે BSP કરતાં દલિતો અને મુસ્લિમો 'ઈન્ડિયા' બ્લોક પર કેમ વધુ વિશ્વાસ કરે છે ?

(એજન્સી) તા.૧૧

લોકસભા ચૂંટણી-૨૦૨૪ના બે તબક્કા પૂર્ણ થયા બાદ બે બાબતો પૂરા વિશ્વાસ સાથે કહી શકાય. એક - બહુજન સમાજ પાર્ટી (BSP) ના મુસ્લિમ ઉમેદવારોને તેમના સમુદાયમાં અપેક્ષિત સમર્થન મળી રહ્યું નથી. બીજું - જ્યાં પણ BSP ઉમેદવાર નબળા છે, ત્યાં બિન-જાટવ દલિત અને અત્યંત પછાત જાતિના મતદારો બીજો વિકલ્પ શોધી રહ્યા છે. આ બંને બાબતો માયાવતી અને તેમની પાર્ટી માટે ચિંતાજનક સ્થિતિ સર્જી રહી છે.

ઉત્તરપ્રદેશમાં અત્યાર સુધીમાં ૧૬ બેઠકો પર મતદાન થયું છે. ઓછામાં ઓછી સાત બેઠકો એવી છે કે જ્યાં મુસ્લિમ અને દલિત ગઠબંધન સંખ્યાની દૃષ્ટિએ લગભગ અજેય માનવામાં આવે છે. આ પૈકી સહારનપુર, મેરઠ, બિજનૌર, નગીના, અમરોહા, મુરાદાબાદ અને રામપુર વગેરે બેઠકો એવી છે કે જ્યાં મુસ્લિમ અને બહુજન મતદારો એકસાથે આવે તો તેઓ બહુ મુશ્કેલી વિના જંગી માર્જિનથી જીતી શકે છે. પીલીભીત, બુલંદશહેર, ગાઝિયાબાદ, અલીગઢ અને ગૌતમ બુદ્ધ નગરમાં મતદારોના આ બે મોટા જૂથો જે પણ ઉમેદવાર તરફ વળે છે તેની તરફેણમાં સમીકરણ ઝુકે છે. કદાચ આ જ કારણ છે કે બસપાના વડા માયાવતીએ સહારનપુર, અમરોહા, મુરાદાબાદ, રામપુર અને પીલીભીતમાંથી મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જો કે બસપાએ પહેલા અલીગઢથી મુસ્લિમ ઉમેદવારને ટિકિટ આપી હતી, પરંતુ નામાંકન પહેલા ઉમેદવારને હાર્ટ એટેક આવ્યો હતો. માંદગીના કારણે ત્યાં ઉમેદવાર બદલવો પડ્યો. બુલંદશહર અને નગીના સલામત બેઠકો છે. અહીં BSPને આશા હતી કે મુસ્લિમ મતદારો પાર્ટીને સમર્થન આપશે. પરંતુ આવું ન થયું. મતદાન દરમિયાન જોવા મળેલા ટ્રેન્ડને જોતાં એવું કહી શકાય કે બુલંદશહેરમાં ઈન્ડિયા એલાયન્સના ઉમેદવાર અને નગીનામાં ચંદ્રશેખર આઝાદની તરફેણમાં મુસ્લિમો વધુ હતા.

એ જ રીતે બસપાએ બિજનૌરથી જાટ ઉમેદવારો, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરના રાજપૂત ઉમેદવારો, મેરઠના ત્યાગી ઉમેદવારો, અલીગઢના બ્રાહ્મણ ઉમેદવારો અને બાગપતથી ગુર્જર ઉમેદવારોને ટિકિટ આપી હતી. જો મુસ્લિમો અને બિન-જાટવ દલિતો અને અત્યંત પછાત જાતિના મતદારો આ ઉમેદવારોની તરફેણમાં એકઠા થયા હોત તો કદાચ બસપા પોતાનું ગુમાવેલું ગૌરવ પાછું મેળવવામાં સફળ થઈ શકી હોત.

માયાવતી અને ઉત્તર પ્રદેશના નગીના લોકસભા મતવિસ્તારમાં મતદાન મથકનું દશ્ય. પરંતુ પરિસ્થિતિ દર્શાવે છે કે તમામ સમીકરણો તેની તરફેણમાં હોવા છતાં, પાર્ટી સંજોગોનો લાભ ઉઠાવી શકી નથી. આના ઘણા કારણો છે. પ્રથમ, લઘુમતી મતદારો બીએસપી પર વિશ્વાસ કરવા સક્ષમ નથી, બીજું, લઘુમતીઓ સિવાય, દલિત-ઓબીસી મતદારોનું એક જૂથ પણ માને છે કે કેન્દ્રમાં ભાજપને સત્તા પરથી દૂર કરવા માટે ભારત ગઠબંધન વધુ સારો વિકલ્પ છે. ચૂંટણીની શરૂઆત પહેલા એવી ચર્ચા હતી કે આચારસંહિતા લાગુ થયા બાદ માયાવતી ભારત ગઠબંધનનો હિસ્સો બનશે. જો કે, પાછળથી આ ચર્ચાઓ અફવા સાબિત થઈ હતી, પરંતુ એ વાત પણ સાચી છે કે કોંગ્રેસે બસપાના વડાને છેલ્લી ઘડી સુધી મનાવવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસના નેતાઓ શાંતિથી સ્વીકારે છે કે ગઠબંધન માટે સોનિયા ગાંધી સહિત કોંગ્રેસના ઘણા નેતાઓની પ્રાથમિકતા સમાજવાદી પાર્ટી નહીં પરંતુ બસપા હતી. કોંગ્રેસીઓ માનતા હતા કે તેમના મતદારો બસપાને મત આપી શકે છે પરંતુ સમાજવાદી પાર્ટીની તરફેણમાં કોંગ્રેસના મુખ્ય મતદારો ગણાતા ઉચ્ચ જાતિ અને શહેરી મધ્યમ વર્ગના મતદારોને મનાવવા લગભગ અશક્ય છે.

પરંતુ આખરે માયાવતીએ એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો. આનું કારણ રાજકીય વિશ્લેષકો માને છે કે લોકસભાની ચૂંટણી માયાવતીની પ્રાથમિકતા નથી. તેમની નજર ૨૦૨૭માં ઉત્તર પ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પર છે. તેને ધ્યાનમાં રાખીને તેમણે ટિકિટોની વહેંચણી કરી છે અુને એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. બીજું, મ્જી ઓછી સીટો પર ચૂંટણી લડીને પોતાનો વોટ શેર ઘટાડવા માંગતી ન હતી અને તેનાથી પાર્ટીની રાષ્ટ્રીયુ સ્થિતિ પર નકારાત્મક અસર પડશે. સ્વાભાવિક છે કે, મ્જી જેટલી વધુ બેઠકો પર ચૂંટણી લડશે, કુલ મતોમાં તેનો હિસ્સો તેટલો જ વધારે હશે. પરંતુ માયાવતીનું મુસ્લિમ-દલિત ગઠબંધન ફરી એકવાર સફળ થતું જણાતું નથી. જો કે, મુસ્લિમ પ્રભુત્વવાળી બેઠકો પર બિન-મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતારવાને કારણે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પ્રત્યે લઘુમતી મતદારોમાં નારાજગી છે. આમ છતાં અત્યાર સુધી જે બેઠકો પર ચૂંટણી થઈ છે ત્યાં મુસ્લિમોએ બસપાના મુસ્લિમ ઉમેદવારોને બદલે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના બિન-મુસ્લિમ ઉમેદવારોને પ્રાધાન્ય આપ્યું છે. સહારનપુર, મુઝફ્ફરનગર, કૈરાના, મેરઠ, બાગપત, બિજનૌર, અમરોહા, રામપુર, મુરાદાબાદ, બુલંદશહર, ગાઝિયાબાદ, ગૌતમ બુદ્ધ નગર, અલીગઢ, મથુરા અને પીલીભીતમાં મુસ્લિમ મતદારો ગઠબંધનના ઉમેદવારોની તરફેણમાં એકઠા થતા જોવા મળ્યા છે. નગીનામાં મુસ્લિમોનો ઝોક આઝાદ સમાજ પાર્ટીના નેતા ચંદ્રશેખર આઝાદ 'રાવણ'ની તરફેણમાં હતો. દેખીતી રીતે, આ વલણ પરિણામોમાં સ્પષ્ટપણે દેખાઈ શકે છે, તેથી તે માત્ર માયાવતી માટે મુશ્કેલીનું કારણ નથી પણ બસપાના ભવિષ્ય માટે સારી નિશાની નથી.

- **સૈયદ જૈગમ મુર્તઝા**

## પ્લે ઓફનું સમીકરણ બગડી શકે છે

# રિષભ પંત પર પ્રતિબંધથી દિલ્હીને કેટલું નુકસાન થશે

નવી દિલ્હી, તા.૧૧

દિલ્હી કેપિટલ્સના કપ્તાન રિષભ પંત પર ૩૦ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે અને તેને હાલની આઈપીએલ સિઝનમાં રાજસ્થાન રોયલ્સ વિરૂદ્ધ મેચ દરમ્યાન સ્લો ઓવર રેટ બાદ એક મેચ માટે પ્રતિબંધિત કરી દેવાયો છે. પંત હવે બેંગ્લોર વિરૂદ્ધ મેચમાં દેખાશે નહીં. આ ત્રીજી વાર છે જયારે પંત પર સ્લો ઓવરરેટ માટે દંડ ફટકારાયો છે. પ્રથમ બે અપરાધ માટે તેના પર દંડ ફટકારાયો હતો પણ ડીસી દ્વારા હાલની સિઝનમાં ત્રીજી વાર આઈપીએલ આચારસંહિતાના ઉલ્લંઘન બાદ પંતને એક મેચ માટે સસ્પેન્ડ કરી દેવાયો છે. આવામાં હવે સવાલ એ છે કે રિષભ પંતના પ્રતિબંધથી દિલ્હી કેપિટલ્સ પર આની અસર શું થશે. આઈપીએલ ૨૦૨૪માં દિલ્હી કેપિટલ્સની ટીમ પ્લે ઓફની રેસમાં હાલ યથાવત્ છે. દિલ્હીની ટીમ અત્યાર સુધી કુલ ૧૨ મેચ રમી ચૂકી છે. જેમાંથી તેની ૬ જીત સાથે ૧૨ પોઈન્ટ છે. ટીમ પાસે હજી તક છે કે તે ૧૬ પોઈન્ટ સુધી પહોંચે પણ તેના માટે તેને પોતાની બંને મેચમાં જીત મેળવવી પડશે. ફક્ત જીત જ નહીં દિલ્હીએ પોતાનો રનરેટ પણ સુધારવો પડશે.

# એન્ડરસને સંન્યાસ લીધો, લોર્ડસમાં અંતિમ ટેસ્ટ રમશે

લંડન, તા.૧૧

ટેસ્ટ ઈતિહાસના સૌથી સફળ ઝડપી બોલર જેમ્સ એન્ડરસને સંન્યાસની જાહેરાત કરી દીધી છે. પહેલા રિપોર્ટ આવ્યો હતો કે ઈંગ્લિશ કોચ બ્રેડન મેકુલમે તેને સ્પષ્ટ કરી દીધું છે કે ટીમ હવે ભવિષ્ય તરફ જોઈ રહી છે. સમાચાર હતા કે એન્ડરસન આ ઈંગ્લિશ સમર બાદ સંન્યાસ લેશે. ઈંગ્લેન્ડને આ સમરમાં ૬ ટેસ્ટ રમવાની છે પણ એન્ડરસન વેસ્ટઈન્ડિઝ વિરૂદ્ધ ઈંગ્લિશ સમરની પ્રથમ જ ટેસ્ટ બાદ સંન્યાસ લઈ લેશે. આ મુકાબલો ૧૦ જુલાઈથી શરૂ થશે. જેમ્સ એન્ડરસનો ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે લોર્ડસમાં સમરની પ્રથમ ટેસ્ટ મેચ અંતિમ ટેસ્ટ હશે. પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરતા અને તે રમતને રમવું જે બાળપણથી મનો પસંદ છે. ૨૦ વર્ષ અવિશ્વસનીય રહ્યા છે. હું ઈંગ્લેન્ડ માટે મેદાન પર જઈ ઘણો મિસ કરીશ. પણ હું જાણું છું કે અલગ હટવું અને બીજાને પોતાના સ્વપ્ન સાકાર કરવા દેવાનો આ યોગ્ય સમય છે.

# સ્લો ઓવરરેટ માટે ગિલને ૨૪ લાખ રૂપિયાનો દંડ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત ટાઈટન્સના કપ્તાન શુભમન ગિલ પર ચેન્નાઈ સુપર કિંગ્સ વિરૂદ્ધ આઈપીએલ મેચ દરમ્યાન સ્લો ઓવરરેટ માટે ૨૪ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે. આ ટીમનો આ સિઝનમાં સ્લો ઓવરરેટનો બીજો અપરાધ હતો. આ માટે દરેક ખેલાડી પર ૬ લાખ રૂપિયા અથવા મેચ ફીની ૨૫ ટકામાંથી જે ઓછું હોય તેનો દંડ ફટકારાય છે. ગુજરાતે શુક્રવારે ચેન્નાઈ સુપર કિંગ્સને ૩૫ રને હરાવી પ્લે ઓફની આશા જીવંત રાખી છે. ગુજરાતના હાલ ૧૨ મેચોમાં ૧૦ પોઈન્ટ છે. જયારે ચેન્નાઈના ૧૨ પોઈન્ટ છે. ગુજરાતે અમદાવાદમાં ચેન્નાઈને હરાવી પ્લેઓફની રેસ રોમાંચક બનાવી દીધી છે. ગુજરાતે ના ફક્ત પ્લેઓફમાં પોતાની તક વધારી છે પણ ચેન્નાઈની સાથે લખનૌ અને દિલ્હી માટે પણ મુશ્કેલી ઊભી કરી દીધી છે. મેચની વાત કરીએ તો ગુજરાતના બંને ઓપનર શુભમન ગિલ અને સાઈ સુદર્શને ઈતિહાસ રચતા સદી ફટકારી. આ સાથે જ આઈપીએલ ઈતિહાસની ૧૦૦ સદી પૂરી થઈ ગઈ. ગુજરાતે ૨૩૧ રન બનાવ્યા જવાબમાં રમવા ઊતરેલી ચેન્નાઈની ટીમ ૮ વિકેટે ૧૯૬ રન જ બનાવી શકી. ધોની (૨૬)એ અંતમાં આવીને મોટા શોટ રમ્યા પણ તે ટીમને કામ આવ્યા નહીં.


**જાહેર ચેતવણી**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, શહેર અમદાવાદમાં ટંકશાળની પોળમાં આવેલ વોર્ડ કાલુપુર-૧ નાં સીટી સર્વે નં.૬૦૫ વાલી ચો.મી. ૧૦૯.૫૩૩નાં આશરાની મીલકત અમો ૧:રશીદાબાનું તે નિઝામુદ્દીન શેખની દીકરી અને રસીદમીયાં કાગજીનાં પત્ની તથા ૨: રૂહાબાનું તે નિઝામુદ્દીન શેખની દીકરી અને કમાલુદ્દીન શેખનાં પત્ની નં.૨ પોતે જાતે તથા નં.૧ નાં પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે, ૩ : મેમુદાબાનું તે નિઝામુદ્દીન શેખની દીકરી અને અબ્દુલહબીબ અરબનાં પત્ની, ૪: ફેમીદાબાનું તે નિઝામુદ્દીન શેખની દીકરી અને અબ્દુલરસીદ સીસગરનાં પત્ની નાંઓની તથા બીજા અમારા ભાઈઓ ૧ : મોહંમદહુસેન નીઝામુદ્દીન શેખ ૨: હીસામુદ્દીન નીઝામુદ્દીન શેખ નાંઓની સહીયારી સહમાલિકી કબજા ભોગવટાની આવેલી છે તે મીલકત અંગે દીવાની મુકદમા નં.૧૮૭૩/૨૦૧૩થી દાવો ચાલે છે અને સીટી સીવીલ જજ સાહેબ તરફથી તા. ૧૬.૧૦.૨૦૧૪નાં રોજ મનાઈ હુકમ આપવામાં આવેલ છે. અમારા ઉપર જણાવેલ બંને ભાઈઓ અમારી જાણ બહાર સદરહુ મીલકત બારોબાર બીજા કોઈને વેચવા માટેની તજવીજ કરી રહ્યા છે તો તે અંગે લાગતાં વળગતાં તમામને જણાવવાનું કે ઉપરોકત જણાવેલ મીલકત અંગે મજકુર અમારા ભાઈઓ સાથે કોઈપણ જાતનો નાણાંકીય વ્યવહાર કરવો નહીં કે કબજો મેળવવો નહીં તેમજ અમારી સહીઓ લીધા વગર બારોબાર કોઈપણ જાતનો દસ્તાવેજ કરવો કરાવવો નહીં તેની આ લાગતાં વળગતાં તમામને જાણ કરવામાં આવે છે અને તેમ છતાં તેવું કાંઈપણ થશે તો કરેલ તમામ વ્યવહારો તેમજ દસ્તાવેજો રદબાતલ થયેલા ગણાશે. જેની લાગતાં વળગતાં તમામને આ જાહેર ચેતવણીથી જાણ કરવામાં આવે છે.

અમદાવાદ.
તા.૫-૨૦૨૪
સહી/-
(રૂહાનાબાનુ તે નિઝામુદ્દીન શેખની દીકરી અને કમાલુદ્દીન શેખની પત્ની)

સહી :-
અમારી મારફતે :-
રશીદાબાનું તે નિઝામુદ્દીન શેખની દીકરી અને રસીદમીયાં કાગજીનાં પત્નીનાં પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે તથા પોતે જાતે,
- **ઈમ્તીયાઝ ગોસ** (એડવોકેટ)



# ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**કરિયાણા માટે કારીગર જોઈએ છે**
9427713815
દાણીલીમડા ગામ

---

**જોઈએ છે**
લેડીઝ/જેન્ટસ Office Admin તેમજ Sales Executive (Mineral Water, Soft Drink માટે) કોમ્પ્યુટર જાણકાર
9638435827

---

**જોઈએ છે**
કોમ્પ્યુટર ઓપરેટર છોકરો
ખમાસા રોડ
9898326758

---

ખેડા-માતર રતનપુરમાં રસિડેન્સ ઝોનમાં ૫ વિઘા જમીન અરજન્ટ જોઈએ છે
8000111855
અબ્દુલ વાહિદ
7874111855
ઈમરાન

---

**વેચવાનું છે**

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK બે બાલ્કની, એમ.બી.ટાવર, એ-બ્લોક કામા હોટલ સામે, ખાનપુર, અમદાવાદ
91-7984267364
91-9714048801
(ફક્ત વ્હોટસએપ)

---

**ઓફિસ વેચવાની છે**
૨૫૦૦ ફૂટ આશ્રમ રોડ ઉપર ગવર્નમેન્ટને ભાડે આપેલ
9898031920

---

**મકાન વેચવાનું છે**
(ફક્ત મુસ્લિમ) ફર્સ્ટ ફ્લોરથી આકાશ સુધી, દસ્તાવેજવાળું, કાર્પેટ 125 વાર, બાંધકામ 200 વાર.
દિલ્હી દરવાજા.
8141264631

---

**ફ્લેટ વેચવાનો છે**
A-1-1004 ઈમાદ હાઈટસ અંબર ટાવરની સામે 2 BHK સેમી ફર્નિશ્ડ, સરખેજ
મો. 9979005236
નિશાર હુસૈન એમ.શેખ

---

**તાત્કાલિક વેચવાના છે ફ્લેટ**
પાલડી તથા નવરંગપુરામાં તાત્કાલિક સંપર્ક કરો
9327646982
www.yourproperty solution.in

---

**અરજન્ટ પેન્ટ હાઉસ વેચવાનું છે**
ધાબા સાથે પ્રાઈમ લોકેશન
દાણીલીમડા
9998929691

---

**પ્લોટ વેચવાનો છે**
400 + વારનો જૂની શરત
Front side
9377786444

---

**બંગલો વેચવાનો છે**
N.A. ઈમ્પેક્ટ ફી ભરેલ 130 વાર જગ્યા 6 રૂમ ટીપટોપ કંડીશન, જુહાપુરા
9687750295

---

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK સેમી ફર્નિશ્ડ, 8મો માળ, પાલડી
9377786444

---

**221 વારના પ્લોટ વેચવાના છે**
આર.સી.સી. રોડ, ગટર લાઈન, સ્ટ્રીટ લાઈટ, ગાર્ડન, ક્લબ હાઉસ, આકર્ષક ગેટ, જૂની શરત, 11,500 વારનલ ભાવ
Apex
Akik Farooqui
9099421218

---

જુહાપુરા મેન રોડથી નઝદીક NANOC ટાઈટલ ક્લિયર નવું બાંધકામ ફ્લેટ વેચવાનો છે સરસ કિંમત
અકીક ફારૂકી
9099421218
અનીસ ફારૂકી
9099521218

---

કેતકી સોસાયટી B/28 ટેનામેન્ટ વેચવાનું છે સોનલ રોડ જુહાપુરા
NANOC
9824236740

---

**મકાન વેચવાનું છે**
(સ્વતંત્ર) પહેલો, બીજો, ત્રીજો માળ ખારૂનું નાળું ખાસ બજાર
ફોન નં.
9624306962

---

**મકાન વેચવાનું છે**
બે માળનું રોડ ટચ, મોચીઓલ જમાલપુર,
97140 44841

---

**ફ્લેટ વેચવાના છે**
૧. નુર શહીદ, મોમનાવાડ, મંગલ પારેખનો ખાંચો શાહપુર ચકલા, અમદાવાદ
૨. હબીબી, સલાડવાડા, દિલ્હી દરવાજા પાસે, અમદાવાદ
મહેબુબ એમ.શેખ
8734925142
8530540127

---

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**તાત્કાલિક ભાડે તથા વેચાણ જોઈએ છે**
2/3/4/5 BHK પાલડી, નવરંગપુરા, ખાનપુરમાં તાત્કાલિક સંપર્ક કરો
9327646982
www.yourproperty solution.in

---

સરખેજ, જુહાપુરા, પાલડી વિસ્તારમાં, મકાન, દુકાન, ફ્લેટ/બંગલો, ભાડે/લે/વેચ :
ફિરોજખાન
9825434705

---

**મકાન ગીરવે આપવાનું છે**
1 BHK- ચોથા માળે સોનલ ચાર રસ્તા
9904038142

---

**Apex Property Solution**
જુહાપુરા, સરખેજ વિસ્તારમાં જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો
Akik Faooqui
9099421218
Anis Farooqui
9099521218
Office : C/412
Rajyash Rise Vishala circle

---

**લે-વેચ/ભાડે-આપવા/લેવા**
ફ્લેટ, ટેનામેન્ટ, બંગલો, ઓફિસ, દુકાન, ગોડાઉન, પ્લોટ
પ્રિન્સ બ્રોકર
9662196776

---

**લે-વેચ માટે મળો**
જમીન-પ્લોટ, ખેતી-બિનખેતી લાયક
9825061153

---

**ભાડે જોઈએ છે ફ્લેટ**
2/3 બેડરૂમ, જુહાપુરા, સરખેજ, દલાલ માફ
9377766742

---

**ભાડે જોઈએ છે**
ફ્લેટ/ડુપ્લેક્ષ/ટેનામેન્ટ સારી ફેમિલી માટે
9375963024

---

**અરજન્ટ વેચાણ આપવાનું છે**
130 વાર જૂનું મકાન ટાઈટલ ક્લિયર, મેમણ હોલ પાસે 125 વાર પ્લોટ 150 વાર બાંધકામ રોયલ અકબર પાછળ, દરગાહ પાસે, જૂની શરત ઈમ્પેક્ટ ફી
8141837313
ગુલુચાચા

---

**ભાડે આપવાની છે**
દુકાન, ગોડાઉન લાયક 12x25 ટેલી હોટલ પાછળ
8141837313
ગુલુચાચા

---

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ ભાડે-લે-વેચ સરખેજ-જુહાપુરા
8141837313
ગુલુચાચા

---

**ભાડે જોઈએ છે**
મકાન/ફ્લેટ હેલ્થકેર કંપનીના ઓફિસર ફેમિલીને જુહાપુરા-સરખેજ સિટી એરિયા
9081030681

---

**ફુલ્લી ફર્નિશ્ડ 1 BHK ફ્લેટ**
8000/રૂા ભાડે + મેન્ટેનન્સ, કાદરી પાર્ટી પ્લોટ રોડ, અમદાવાદ (વિઝિટ ચાર્જ-250/-રૂ)
9925445806

---

**ટાઈટલ/દસ્તાવેજ પ્લોટ વેચાણ**
325 વાર નેટ, રોશન પાર્ક અલ-ફારૂક સોસાયટી પાસે, અમીન એસ્ટેટ
9376110059

---

**1/2/3/ BHK ફ્લેટ વેચાણ/ભાડે**
પાલડી, કોચરબ, સિટી, સરખેજ
અમીન એસ્ટેટ
9376110059

---

જુહાપુરામાં મુબારક સોસાયટીમાં તથા આજુબાજુના વિસ્તારમાં મકાન જોઈએ છે વેચાણથી
Mo. : 6359665582

---

**લગ્ન વિષયક**

MBA પઠાન લડકી 26/5'-6" કે લિયે પઠાન, સૈયદ, શેખ, લડકે ચાહિયે
9227200413

---

**લગ્ન વિષયક**
સુન્ની મુસ્લિમ ડાયવોર્સ ૩૫ વર્ષીય બિઝનેસમેન યુવક માટે સુંદર સુશિલ દીનદાર યુવતીના વાલીઓએ સંપર્ક કરવો, 9327573263

---

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબર માં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
- વ્યવસ્થાપક

---

**મુસ્લિમ લગ્ન વિષયક**
Doctor મુસ્લિમ યુવક-યુવતીઓ જેમ કે MBBS+PG/BHMS/ BDS/BAMS/ B.Physiotherapistના 350થી વધુ Biodata અને તે સિવાય બીજા 6000થી વધુ હાઈલી એજ્યુકેટેડ મુસ્લિમ યુવક-યુવતીઓના બાયોડેટા જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો.
Universal 19th Anniversary Special Offer Pay for New Membership Or Renew Old Membership & Get +1 Month Extra... FREE...FREE...FREE... Offer End 31 May
Call 8980611162
Zulekha Ansari
Gandhinagar

---

Beautiful educated Deendar Girl 21 from reputed family looking Businessman & reputed family only. Urgent Whatsapp 9327071001

---

Businessman deendar (jamati) Boy 22 from reputed family of ahmedabad looking beautiful deendar (jamati) Girl reputed family only. Urgent Whatsapp 9327071001

# પ્રજ્વલ રેવન્ના ટેપ અંગે પક્ષને ચેતવણી આપનાર ભાજપના નેતાની યૌન ઉત્પીડનના કેસમાં અટકાયત કરવામાં આવી

**પ્રજ્વલ રેવન્નાની સેક્સ ટેપ વિશે જાણ કરનારા બીજેપી નેતા દેવરાજે ગૌડા વિરૂદ્ધ જાતીય સતામણીનો કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસના સંબંધમાં પૂછપરછ માટે શુક્રવારે કર્ણાટક પોલીસે તેની અટકાયત કરી હતી**

(એજન્સી) તા.૧૧

કર્ણાટક પોલીસે રાજ્યના ચિત્રદુર્ગ જિલ્લા નજીક બીજેપી નેતા દેવરાજે ગૌડાની છેડતી, જાતીય સતામણી અને તેમની સામે દાખલ કરાયેલ SC/ST કેસના સંબંધમાં અટકાયત કરી હતી. પોલીસે ગૌડા વિરુદ્ધ ૧ એપ્રિલના રોજ હાસનના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો હતો, પરંતુ જ્યારે તેમણે પ્રજ્વલ રેવન્નાના કથિત જાતીય શોષણની જાણ કરી ત્યારે તેમની વિરુદ્ધ કેસમાં પગલાં લેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે તેમને આ અંગે પૂછપરછ માટે હસન લાવવામાં આવશે.

નોંધનીય રીતે, દેવરાજે એ જ નેતા છે જેમણે ભાજપ નેતૃત્વને રેવન્નાના કથિત રીતે અનેક મહિલાઓના જાતીય શોષણ વિશે ચેતવણી આપી હતી, અને પક્ષને ચેતવણી આપી હતી કે તે હાસનના JD(S) સાંસદને લોકસભાની ટિકિટ ન આપે. ગૌડા વિરુદ્ધ એક મહિલાએ ફરિયાદ નોંધાવી હતી કે ગૌડાએ તેની મિલકત વેચવામાં મદદ કરવાના બહાને લગભગ દસ મહિના સુધી તેની છેડતી કરી હતી. આ ઉપરાંત, મહિલાના પતિએ પણ ગૌડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી અને આરોપ લગાવ્યો હતો કે તે તેમના ઘરમાં ઘૂસી ગયો હતો, ધમકી આપી હતી અને તેમની સાથે દુર્વ્યવહાર કર્યો હતો.

આ એફઆઈઆરની વિગતો મુજબ ગૌડા છેલ્લા ૧૦ મહિનાથી મહિલાને હેરાન કરતો હતો. તે મહિલાને એકાંત



સ્થળે લઈ ગયો અને તેની સાથે કથિત રીતે છેડતી કરી અને તેને અને તેના પતિને મારી નાખવાની ધમકી આપી હતી.

# ચૂંટણીના ડેટામાં પારદર્શિતાના અભાવ અને વિસંગતતાને કારણે ECI પર રોષ, ચૂંટણી સંસ્થાએ તમામ આરોપોને ફગાવી દીધા

(એજન્સી) તા.૧૧

કોંગ્રેસ, સીપીઆઈ(એમ) અને ટીએમસી સહિતના વિરોધ પક્ષોએ લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ બે તબક્કા માટે ડેટા જાહેર કરવામાં વિસંગતતા અને વિલંબને લઈને ECI પર નિશાન સાધ્યું છે.

ભારતીય ચૂંટણી પંચ (ECI)ને વર્તમાન લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા માટેનું મતદાન જે ૧૯ એપ્રિલે પૂર્ણ થયું હતું. તેને તેની વેબસાઈટ પર મતદાનનો ડેટા જાહેર કરવામાં ૧૧ દિવસનો સમય લાગ્યો હતો. તેવી જ રીતે ૨૬ એપ્રિલના રોજ પૂર્ણ થયેલા બીજા તબક્કાના મતદાનનો ડેટા અપલોડ કરવા પંચને ૪ દિવસનો સમય લાગ્યો હતો.

બંને મતદાનનો ડેટા ECIએ તેની વેબસાઈટ પર ૩૦ એપ્રિલના રોજ અપલોડ કર્યો હતો. આ વિલંબ માટે વિરોધ પક્ષોએ ભારે ટીકા કરી હતી.

પક્ષકારોએ કામચલાઉ અંદાજિત ડેટા અને કુલ મતદાન ટકાવારીમાં વધારામાં રહેલી વ્યાપક વિસંગતતા અંગે પણ ECIને પ્રશ્ન કર્યા હતા.

ECIએ ૧૯ એપ્રિલ અને ૨૬ એપ્રિલના રોજ મતદાનના અંતે સાંજે ૭ વાગ્યા સુધીમાં લગભગ ૬૦% નોંધાયેલા મતદારોએ ચૂંટણી પંચે અંદાજ લગાવ્યો હતો. ત્યારબાદ તેણે ૩૦ એપ્રિલના રોજ અપલોડ કરેલા અંતિમ ડેટામાં, આ આંકડો અનુક્રમે ૬%નો વધારા સાથે ૬૬.૧૪% અને ૬૬.૭૧%ને સ્પર્શ્યો હતો.

પક્ષોએ એ પણ નોંધ્યું છે કે, જાહેર કરાયેલા ડેટામાં દરેક સંસદીય મતવિસ્તાર અને વિધાનસભા ક્ષેત્રમાં પડેલા મતોની કુલ સંખ્યાનો ઉલ્લેખ નથી. જેમ કે ચૂંટણી આચાર નિયમો ૧૯૬૧ ના નિયમ ૪૯૫ હેઠળ ફોર્મ 17Cમાં નોંધાયેલ છે. મહત્વપૂર્ણ છે કે, ફોર્મ 17Cની ખરી નકલ મતદાનના અંતે દરેક ઉમેદવારને તેમના પોલિંગ એજન્ટ દ્વારા પ્રદાન કરવામાં આવી છે. ૭ મેના રોજ ECIએ ચૂંટણીના ત્રીજા તબક્કા માટે કામચલાઉ મતદાર મતદાનનો ડેટા અપલોડ કરીને નોંધ્યું કે, “પંચે રાત્રે ૧૧:૪૦ વાગ્યા સુધીમાં અંદાજે ૬૪.૪% મતદાન નોંધ્યું છે.”

રસપ્રદ વાત એ છે કે, બીજા દિવસે ECIએ બીજી પ્રેસ નોટ બહાર પાડીને કહ્યું કે, “સામાન્ય ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદાન માટે અપડેટ થયેલ અંદાજિત મતદાર મતદાનના આંકડા ૦૮.૦૫.૨૦૨૪ ના રોજ રાત્રે ૧૦ વાગ્યે ૬૫.૬૮% છે.” ઈન્ડિયા બ્લોક એલાયન્સ પાર્ટનર્સને મોકલવામાં આવેલા પત્રમાં, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ લખ્યું છે કે, “અગાઉની ચૂંટણીઓમાં, પંચે મતદાનના ૨૪ કલાકની અંદર મતદાર મતદાનનો ડેટા પ્રકાશિત કર્યો છે. આ વખતે શું વિલંબ કેમ થયો છે? રાજકીય પક્ષો અને રાજકીય કાર્યકરો દ્વારા વારંવાર પૂછપરછ કરવામાં આવી હોવા છતાં, આયોગ શા માટે કોઈ સ્પષ્ટતા જારી કરવામાં નિષ્ફળ રહ્યું છે?” તેમણે ચૂંટણીના ત્રીજા તબક્કા માટેના મતદાનના ડેટા પર પણ તેમની ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, “વિવિધ મીડિયા અહેવાલો દ્વારા એ જાણવું અત્યંત નિરાશાજનક છે કે ત્રીજા તબક્કાથી અંતિમ રજિસ્ટર્ડ મતદારોની યાદી પણ બહાર પાડવામાં આવી નથી. આ તમામ ઘટનાક્રમો ભારતના ચૂંટણી પંચની કામગીરી પર ઘેરો પડછાયો પાડે છે.”

CPI(M)ના મહાસચિવ સીતારામ યેચુરીએ પણ ECIના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારને એક પત્ર મોકલીને કહ્યું હતું કે, “દુર્ભાગ્યે ECIએ આ અયોગ્ય વિલંબના કારણ માટે કોઈ સ્પષ્ટતા કરી નથી શું ? ECI દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રારંભિક આંકડાઓ અને અંતિમ આંકડાઓમાંથી ૬ ટકાનો ઉછાળો પણ અનુત્તરિત છે, હા થોડો ઘણો તફાવત હોઈ શકે પણ ૬ ટકાની આ ભિન્નતા અસામાન્ય છે જે કેટલીક શંકા ઊભી કરે છે. ટકાવારી જાહેર કરવામાં આવી છે પણ મતદાનના આંકડા (મતોની સંખ્યા) હજુ સુધી પ્રદાન કરવામાં આવ્યા નથી. વધુમાં ECI વેબસાઈટ પર ફક્ત ૧૩ નવેમ્બર, ૨૦૨૩ સુધીનો જ ડેટા ઉપલબ્ધ છે. તે અંતર્ગત તે સમયગાળા પહેલાની વિગતો ‘વર્તમાન મુદ્દાઓ’ ઉપલબ્ધ નથી.

ADR ચૂંટણીના ડેટાને તાત્કાલિક જાહેર કરવા માટે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યું લાઈવલોએ આપેલા અહેવાલ અનુસાર ૧૦ મે ૨૦૨૪ના રોજ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)એ સુપ્રીમ કોર્ટમાં રિટ પિટિશન (W.P.(C) નંબર ૧૩૮૨ ઓફ ૨૦૧૯)ના ભાગરૂપે ઈન્ટરલોક્યુટરી એપ્લિકેશન (IA) દાખલ કરી, જેમાં કોર્ટને વર્તમાન લોકસભા ચૂંટણીમાં મતોની સંપૂર્ણ સંખ્યાને તાત્કાલિક જાહેર કરવા માટે ECIને નિર્દેશ ઈશ્યૂ કરવા જણાવ્યું હતું. ઈન્ટરલોક્યુટરી એપ્લિકેશનમાં માંગ કરવામાં આવી છે કે, “મતદારના વિશ્વાસને જાળવી રાખવા માટે ECIને તેની વેબસાઈટ પર તમામ મતદાન મથકોના ફોર્મ 17C ભાગ-૧ની સ્કેન કરેલી સુવાચ્ય નકલો, મતદાન સમાપ્ત થયાના ૪૮ કલાકની અંદર મતદાન થયેલ મતો જાહેર કરવાનો નિર્દેશ આપવામાં આવે કે જેમાં પ્રમાણિત આંકડાઓ છે.” આ ઉપરાંત અરજીમાં ECI ને ચાલુ ૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં મતદાર મતદાનના મતક્ષેત્ર મુજબના આંકડાઓનું ટેબ્યુલેશન (ibid.) પ્રદાન કરવા પણ કહેવામાં આવ્યું છે.

વધુમાં તે ECIને તેની વેબસાઈટ પર “ફોર્મ 17C ભાગ-II ની સ્કેન કરેલી સુવાચ્ય નકલો અપલોડ કરવા કહે છે, જેમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પરિણામોના સંકલન પછી મતગણતરીનું ઉમેદવાર મુજબનું પરિણામ છે.”

# દાભોલકર હત્યા કેસ : તપાસ એજન્સીઓ માસ્ટરમાઈન્ડનો પર્દાફાશ કરી શકી નથી : કોર્ટ

**ન્યાયાધીશ પી.પી. જાધવે નોંધ્યું હતું કે પ્રોસિક્યુશન હેતુ અને શંકાને પુરાવામાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ ગયું છે**

(એજન્સી) તા.૧૧

પુણેની ટ્રાયલ કોર્ટે કહ્યું છે કે, તપાસ એજન્સીઓ રેશનાલિસ્ટ ડૉ. નરેન્દ્ર દાભોલકરની હત્યા પાછળના માસ્ટરમાઈન્ડનો પર્દાફાશ કરી શકી નથી. તેણે આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે શું તે માત્ર તેમની નિષ્ફળતા હતી કે સત્તા પરના વ્યક્તિના પ્રભાવને કારણે ઈરાદાપૂર્વકની નિષ્ક્રિયતા હતી. આ કેસમાં બે હુમલાખોરોને દોષી ઠેરવવામાં આવ્યા હતા પણ તેઓ માસ્ટરમાઈન્ડ ન હતા.




UAPA (અનલોફુલ એક્ટિવિટીઝ પ્રિવેન્શન એક્ટ) કેસ માટેની વિશેષ અદાલતે ૨૦૧૩ની હત્યામાં સચિન અન્દુરે અને શરદ કલાસ્કરને દોષિત ઠેરવ્યા હતા અને તેમને આજીવન કેદની સજા ફટકારી હતી, પરંતુ પુરાવાના અભાવે કથિત કાવતરાખોરો ડૉ. વીરેન્દ્રસિંહ તાવડે, સંજીવ પુનાલેકર અને વિક્રમ ભાવેને નિર્દોષ જાહેર કર્યા હતા. તેમના આદેશમાં કોર્ટે નોંધ્યું હતું કે તાવડે વિરુદ્ધ હત્યાના હેતુ વિશે પુરાવા છે, અને ગુનામાં સંડોવણી અંગે પુનાલેકર અને ભાવે સામે શંકા છે. પરંતુ પ્રોસિક્યુશન હેતુ અને શંકાને પુરાવામાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ ગયું હતું. અન્દુરે અને કાલસ્કર માટે, તે સાબિત થયું હતું કે તેઓએ ૨૦ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ પુણે શહેરમાં દાભોલકરને ગોળી મારી હત્યા કરી હતી. વૈચારિક મતભેદો સિવાય, અન્દુરે અને કાલસ્કરને ડૉ. દાભોલકર સાથે કોઈ વ્યક્તિગત દુશ્મની કે દુશ્મનાવટ ન હતી. આ હત્યા આયોજન સાથે કરવામાં આવી હતી, જેને અન્દુરે અને કાલસ્કરે અંજામ આપ્યો હતો. બંને દોષિતોની આર્થિક અને સામાજિક સ્થિતિને ધ્યાનમાં રાખતા તેઓ માસ્ટરમાઈન્ડ નથી.... હત્યા પાછળનો માસ્ટરમાઈન્ડ કોઈ અન્ય છે. પુણે પોલીસ તેમજ સીબીઆઈ તે માસ્ટરમાઈન્ડસને શોધવામાં નિષ્ફળ ગયા છે અને શું તે તેમની નિષ્ફળતા છે કે સત્તામાં રહેલા કોઈપણ વ્યક્તિના પ્રભાવને કારણે તેમની ઈરાદાપૂર્વકની નિષ્ક્રિયતા છે. આ ચુકાદા પર પ્રતિક્રિયા આપતા દાભોલકરના બાળકોએ કહ્યું કે આ ચુકાદો ૧૧ વર્ષ પછી આવ્યો છે. આ ચુકાદાએ ભારતીય ન્યાયતંત્રમાં તેમની શ્રદ્ધાને મજબૂત કરી છે. દાભોલકર પરિવારે અંધશ્રદ્ધા નિર્માણ સમિતિ (અંધશ્રદ્ધા નાબૂદી માટેની સમિતિ, દાભોલકર દ્વારા સ્થાપિત સંસ્થા) દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, સમિતિ તાવડે, પુનાલેકર અને ભાવેના નિર્દોષ છુટકારોને હાઈકોર્ટમાં પડકારશે.

કટ્ટર હિન્દુ સંગઠન સનાતન સંસ્થા, જેની સાથે કેટલાક આરોપીઓ જોડાયેલા હતા, તેણે તેની પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે આ નિર્દોષ છુટકારાને કારણે અમારી સંસ્થાને “ભગવા આતંક”ના સમર્થક તરીકે દર્શાવવાનું ષડયંત્ર નિષ્ફળ ગયું હતું. આ દોષિતો અન્દુરે અને કાલસ્કર અમારી સંસ્થા સાથે જોડાયેલા નથી.

# ICMRએ આહાર માર્ગદર્શિકામાં લોકોને પ્રોટીન સપ્લિમેન્ટ્સ ન લેવા વિનંતી કરી : ખાંડ અને મીઠાનું મર્યાદિત સેવન કરવા કહ્યું

**ICMRએ નવી આહાર માર્ગદર્શિકા બહાર પાડી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં રોગની કુલ ટકાવારીના લગભગ ૫૬.૪% બિનઆરોગ્યપ્રદ આહારની આદતોને કારણે છે**

(એજન્સી) તા.૧૧

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ICMR)એ ભારતીયો માટે આહાર માર્ગદર્શિકા બહાર પાડી છે. દેશમાં જરૂરી પોષક તત્વોની જરૂરિયાતોને પહોંચી વળવા અને બિન-સંચારી રોગોને રોકવા માટેની માર્ગદર્શિકા અનુસાર, ભારતમાં કુલ રોગના બોજમાંથી લગભગ ૫૬.૪% બિનઆરોગ્યપ્રદ આહાર આદતોને કારણે છે.



આ સર્વોચ્ચ સ્વાસ્થ્ય સંશોધન સંસ્થા હેઠળ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ન્યુટ્રિશન (NIN)એ ૧૩ વર્ષ પછી માર્ગદર્શિકામાં સુધારો કર્યો છે. તેણે કહ્યું છે કે સ્વસ્થ આહાર અને શારીરિક પ્રવૃત્તિ કોરોનરી હૃદય રોગ (CHD) અને હાયપરટેન્શન (હાઈ બ્લડ પ્રેશર)નું નોંધપાત્ર પ્રમાણ ઘટાડી શકે છે અને ટાઈપ ૨ ડાયાબિટીસને ૮૦% સુધી અટકાવે છે. સ્વસ્થ જીવનશૈલીને અનુસરીને અકાળ મૃત્યુના નોંધપાત્ર પ્રમાણને ટાળી શકાય છે.

૧૪૮ પાનાના આ અહેવાલમાં ૧૭ માર્ગદર્શિકાઓ છે, તે રસોઈ તેલનો ઉપયોગ ઘટાડવાની ભલામણ કરવામાં આવી છે અને તેના બદલે બદામ, તેલીબિયાં અને સીફૂડ દ્વારા ફેટી એસિડ્સ લેવાની ભલામણ કરી છે. સંસ્થાએ કહ્યું છે કે ઉચ્ચ પ્રોસેસ્ડ ખોરાક જેમાં શર્કરા અને ચરબી હોય છે તેનો વધુ વપરાશ, અને ઓછી શારીરિક પ્રવૃત્તિ અને વિવિધ ખાદ્યપદાર્થોની મર્યાદિત પહોંચને કારણે દેશમાં સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઉણપ અને વજન વધવાની સમસ્યા ઊભી થઈ છે.

આ માર્ગદર્શિકામાં મીઠાનું સેવન મર્યાદિત કરવા, તેલ અને ચરબીનું પ્રમાણસર સેવન કરવા, યોગ્ય કસરત કરવાની અને ખાંડ અને અલ્ટ્રા-પ્રોસેસ્ડ ખોરાકને ઘટાડવાની ભલામણ કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારતીયોએ દરરોજ ૨૦-૨૫ ગ્રામ ખાંડનું સેવન કરવું જોઈએ, કારણ કે તે કુદરતી કાર્બોહાઈડ્રેટ્સમાંથી આવે છે. ICMR-NINના નિયામક ડૉ. હેમલતા આરની આગેવાની હેઠળ ભારતીયો (DGI) માટેની આહાર માર્ગદર્શિકા અંગે વૈજ્ઞાનિક સમીક્ષા કરવામાં આવી છે.

ડાયરેક્ટર જનરલ ડૉ. રાજીવ બહલે જણાવ્યું હતું કે, મને આનંદ છે કે આ માર્ગદર્શિકા ભારતમાં બદલાતી ખાદ્ય પરિસ્થિતિ માટે ખૂબ જ સુસંગત રીતે બનાવવામાં આવી છે જેમાં વ્યવહારુ સંદેશાઓ અને સૂચનો ઉમેરવામાં આવ્યા છે, જેમાં ઓછામાં ઓછા પ્રોસેસ્ડ ફૂડ્સ પસંદ કરીને ખાદ્ય સુરક્ષાને નિયંત્રિત કરવા અને ફૂડ લેબલનું મહત્વ અને શારીરિક પ્રવૃત્તિ પર ધ્યાન આપવામાં આવ્યું છે.

NINએ લોકોને બોડી માસ બનાવવા માટે પ્રોટીન સપ્લીમેન્ટ્સ લેવાનું ટાળવા વિનંતી કરી છે. પ્રોટીન પાઉડરનો લાંબા સમય સુધી સેવન અથવા ઉચ્ચ પ્રોટીન સાંદ્રતાનો વપરાશ હાડકાંના ખનિજને નુકસાન કરે છે અને કિડનીને થતાં નુકસાન જેવા સંભવિત જોખમો સાથે સંકળાયેલ છે. સંશોધનના તારણો સૂચવે છે કે તંદુરસ્ત પુખ્ત વયના લોકોમાં લાંબા સમય સુધી પ્રતિકારક કસરતની તાલીમ (RET) દરમિયાન સ્નાયુની શક્તિ અને કદમાં માત્ર ઓછા વધારા સાથે આહાર પ્રોટીન પૂરક સંકળાયેલ છે. 1.6g/kg શરીરના વજન/દિવસ કરતાં વધુ પ્રોટીન લેવાનું સ્તર RET વધુ યોગદાન આપતું નથી.

તેમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે ખાંડ કુલ ઊર્જાના વપરાશના ૫% કરતા ઓછી હોવી જોઈએ અને સંતુલિત આહારમાં અનાજ અને બાજરીમાંથી ૪૫%થી વધુ કેલરી અને કઠોળ અને માંસમાંથી ૧૫% કેલરીથી વધુ હોવી જોઈએ નહીં. બાકીની કેલરી બદામ, શાકભાજી, ફળો અને દૂધમાંથી લેવી જોઈએ. કુલ ચરબીનું સેવન ૩૦% ઊર્જા કરતાં ઓછું અથવા તેની સમકક્ષ હોવું જોઈએ.

# મુંબઈ : જામા મસ્જિદના ટ્રસ્ટી મુંબઈ દક્ષિણ બેઠક પરથી BSPની ટિકિટ પર ચૂંટણી લડશે

**ખતીબે કહ્યું કે તેમણે પાર્ટીની ટિકિટ પર ચૂંટણી લડવા માટે BSP તરફથી ઓફર સ્વીકારી છે કારણ કે બે મુખ્ય રાજકીય ગઠબંધન - NDA અને INDI એલાયન્સે રાજ્યના ૪૮ સંસદીય મતવિસ્તારોમાંથી એક પણ મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા નથી**

(એજન્સી) તા.૧૧

શું ધાર્મિક સંસ્થાના ટ્રસ્ટીએ જાહેર ચૂંટણી લડવી જોઈએ ? શું આ સમુદાય ટ્રસ્ટોના રાજનીતિકરણ તરફ દોરી જશે ? મુંબઈની સૌથી મહત્વની મસ્જિદ જામા મસ્જિદના ટ્રસ્ટી શોએબ ખાતિબે બહુજન સમાજ પાર્ટી (BSP)ના ઉમેદવાર તરીકે મુંબઈ દક્ષિણ બેઠક માટે સંસદીય ચૂંટણી લડવાનું નક્કી કર્યા પછી આ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ખતીબે કહ્યું કે તેમણે પાર્ટીની ટિકિટ પર ચૂંટણી લડવા માટે BSP તરફથી ઓફર સ્વીકારી છે કારણ કે બે મુખ્ય રાજકીય ગઠબંધન - NDA અને INDI એલાયન્સે રાજ્યના ૪૮ સંસદીય મતવિસ્તારોમાંથી એક પણ મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા નથી.

ખતીબે કહ્યું કે તેઓ કોઈપણ રાષ્ટ્રીય અથવા ટ્રસ્ટ કાયદાનો ભંગ કરી રહ્યો નથી. અમારા ટ્રસ્ટનું બંધારણ એવું નથી કહેતું કે ટ્રસ્ટી જાહેર ચૂંટણી લડી શકે નહીં. દેશનું બંધારણ મને ચૂંટણી લડતા રોકતું નથી. આપણા દેશના બંધારણમાં એવો નિયમ છે કે ન્યાયાધીશો અને સરકારી અધિકારીઓ ચૂંટણી લડી શકતા નથી.

જો કે, મુસ્લિમ સમુદાયના કેટલાક સભ્યોનું માનવું છે કે જો તેઓ ચૂંટણી લડવાનું નક્કી કરે તો મસ્જિદો, દરગાહ, ધાર્મિક શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટીઓ અને અન્ય અધિકારીઓએ સંસ્થાઓમાંથી રાજીનામું આપી દેવું જોઈએ. રાજકારણમાં તેમનો પ્રવેશ પ્રત્યક્ષ કે આડકતરી રીતે, સામુદાયિક સંસ્થાઓના હિતને અસર કરી શકે છે. સઈદ હમીદે કહ્યું કે ચૂંટણી લડવી એ દરેક નાગરિકનો અધિકાર છે. પરંતુ તેમાં અપવાદો છે. વર્તમાન જજ, મેજિસ્ટ્રેટ અને જાહેર સેવકો જ્યાં સુધી તેઓ તેમના પદ પરથી રાજીનામું ન આપે ત્યાં સુધી તેઓ ચૂંટણી લડી શકતા નથી. આ સરકારી સંહિતા છે. શું સમુદાય માટે આવો કોડ ન હોવો જોઈએ ?

સામુદાયિક સંસ્થાઓના પદાધિકારીઓએ ચૂંટણી લડવી જોઈએ નહીં કારણ કે તેનાથી સંસ્થાઓનું રાજકીયકરણ થઈ શકે છે. ટ્રસ્ટ તેના ઈમામોને ચૂંટણી લડવાની પરવાનગી આપશે નહીં, તો તેઓ તેમના ટ્રસ્ટીઓને ચૂંટણી લડવાની મંજૂરી કેવી રીતે આપે છે ? ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં એવા કિસ્સાઓ છે કે જ્યારે મુસ્લિમ લીગના રાજકારણી મૌલાના ઝિયાઉદ્દીન બુખારી જેવા શિક્ષણવિદો વિધાનસભાના સભ્ય બન્યા, અને સાત વખતના સંસદસભ્ય જી.એમ. બનાતવાલાએ જાહેર ચૂંટણી લડવાનો નિર્ણય લીધા બાદ તેમની સંસ્થાઓમાંથી રાજીનામું આપી દીધું હતું.

જો કે, સમુદાયના નેતાઓએ જણાવ્યું હતું કે એવા રાજકારણીઓના ઉદાહરણો પણ છે જેમણે શૈક્ષણિક અને અન્ય સમુદાય સંસ્થાઓનું નેતૃત્વ કર્યું છે. હાજી અલી અને માહિમની મખદૂમ અલી મહિમી દરગાહના ટ્રસ્ટી સોહેલ ખંડવાનીએ કહ્યું કે મત આપવાનો અને ચૂંટણી લડવાનો નિર્ણય વ્યક્તિગત અધિકાર છે. કોઈપણ વ્યક્તિ ચૂંટણી લડવા માટે તેમના બંધારણીય અધિકારનો ઉપયોગ કરી શકે છે. હું ધાર્મિક સંસ્થાનો ટ્રસ્ટી છું, પરંતુ હું વ્યવસાયે બિલ્ડર પણ છું. ચૂંટણી લડવી એ મારો અધિકાર છે. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં સ્થપાયેલી જામા મસ્જિદ શહેરમાં વિશાળ મિલકતોની માલિકી ધરાવે છે અને સરકારમાં હોદ્દો



ધરાવતા ટ્રસ્ટી ટ્રસ્ટની મિલકતોના સંચાલનમાં અસર કરી શકે છે. તે એવા વિસ્તારમાં લઘુમતી મતોનું વિભાજન કરશે કે જ્યાં મુસ્લિમો લગભગ ચોથા ભાગના મતદાતાઓ ધરાવે છે તેવા આક્ષેપો વિશે, ખતીબે કહ્યું કે, જો આ પક્ષોને લાગે છે કે મને મતનું વિભાજન કરવા માટે રાખવામા આવ્યો છે, તો તેઓએ મુસ્લિમ ઉમેદવારને શા માટે ઉભા ન રાખ્યા ? INDI એલાયન્સે એ જ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે જે NDAની ટિકિટ પર બે વાર જીત્યા હતા.

# ‘કોઈને ચોક્કસ ખબર નથી...’ તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પુલવામા બાદ પાકિસ્તાન પર કરાયેલા હવાઈ હુમલા પર સવાલો ઉઠાવી વિવાદ સર્જ્યો



(એજન્સી) તા.૧૧

લોકસભા ચૂંટણી વચ્ચે ફરી એક વખત પુલવામા આતંકી હુમલા અને બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઈકની ચર્ચા શરૂ થઈ ગઈ છે. તેલંગાણાના મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા રેવંત રેડ્ડીએ જમ્મુ કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકી હુમલા અને તે પછી પાકિસ્તાનમાં ઘૂસીને કરવામાં આવેલી બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઈક પર સવાલ ઉઠાવ્યા છે. તેલંગાણાના મુખ્યમંત્રીએ પુલવામા હુમલાને ઈન્ટેલિજન્સ ફેલિયર ગણાવતા કહ્યું કે ભાજપે સર્જિકલ સ્ટ્રાઈકનો રાજકીય ફાયદો ઉઠાવ્યો હતો. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ કહ્યું, “પુલવામા હુમલો IB અને ઈન્ટેલિજન્સનો ફેલિયર હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેના પર કંઇ કર્યું નથી, તે બાદ સર્જિકલ સ્ટ્રાઇક કરવામાં આવી. સર્જિકલ સ્ટ્રાઇકનો ભાજપે ફાયદો ઉઠાવ્યો છે.” તેલંગાણાના મુખ્યમંત્રીએ પુલવામા હુમલા બાદ થયેલી બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઇક પર પણ સવાલ ઉઠાવ્યા છે. રેવંત રેડ્ડીએ કહ્યું, “સર્જિકલ સ્ટ્રાઇક થઇ પણ હતી કે નહતી થઇ, અમને ખબર નથી. કોઇને તેના વિશે ખબર નથી.”

રેવંત રેડ્ડી પહેલા કોંગ્રેસના દિગ્ગજ નેતા દિગ્વિજયસિંહે પણ સર્જિકલ સ્ટ્રાઈક પર સવાલો ઉઠાવ્યા હતા. તે જ સમયે, ઘણા વિપક્ષી નેતાઓએ મોદી સરકારને સર્જિકલ સ્ટ્રાઈક સાથે જોડાયેલા પુરાવા રજૂ કરવા કહ્યું હતું. પૂર્વ સીએમે કહ્યું હતું કે, “આ લોકો સર્જિકલ સ્ટ્રાઈકની વાત કરે છે કે અમે આટલા લોકોને માર્યા. પરંતુ તેનો કોઈ પુરાવો નથી. આ લોકો માત્ર જુઠ્ઠાણાના બંડલથી રાજ કરી રહ્યા છે.”

પુલવામા હુમલાને રોકવામાં નિષ્ફળતા માટે કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળના એનડીએ પર દોષારોપણ કરતાં તેલંગાણાના સીએમે કહ્યું, “મોદી માટે, બધું જ રાજકીય છે. બધું જ ચૂંટણી જીતવા વિશે છે. તેમની વિચારવાની રીત સારી નથી. દેશ માટે સમય આવી ગયો છે કે તેઓ મોદી અને બીજેપીને પૂછો અને તેઓ ‘જય શ્રી રામ’ (ભગવાન રામનો મહિમા) સાથે જવાબ આપશે. તેઓ પુલવામા એટેક રોકવામાં કેમ નિષ્ફળ રહ્યા. અમારું ગુપ્તચર નેટવર્ક શું કરી રહ્યું હતું ?”

### શહેરની જરૂરિયાતો જેટલું શુદ્ધ પાણી સંગ્રહિત કરી શકશે

# અમદાવાદમાં સાબરમતી નદી પર હવે વધુ એક નજરાણું આવશે : પ્રથમ રબર ડેમ બનશે

## સાબરમતી વિસ્તારમાં બેરેજ-કમ-બ્રિજ પ્રોજેક્ટ શરૂ થવાની તૈયારીમાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

સાબરમતી નદી પર સાબરમતી વિસ્તારમાં પાવર હાઉસ પાસે બેરેજ-કમ-બ્રિજ પ્રોજેક્ટ શરૂ થવાની તૈયારીમાં છે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (SRFDCL)ની પહેલના ભાગ રૂપે સિવિક બોડી ટૂંક સમયમાં નદીમાં રબર ડેમનું બાંધકામ શરૂ કરશે, જે સામેના કાંઠે આવેલા કેમ્પ સદર બજાર વિસ્તારને જોડશે. પ્રોજેક્ટ માટે ટેન્ડર મંજૂર કરી દેવામાં આવ્યું છે અને ૪ જૂને લોકસભાની ચૂંટણીની આચારસંહિતા ખતમ થયા પછી વર્ક ઓર્ડર જારી કરવામાં આવશે. રબર ડેમને હવાથી ભરેલા રબર બેરેજ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમાં નદીના પાણીના સ્તરના આધારે ઈન્ફ્લેશન અથવા તો ડિફ્લેકશન માટે સક્ષમ સિંગલ વલ્કેનાઈઝ્ડ નોન-જોઈન્ટેડ બ્લેડર સિસ્ટમ હશે. ૨-૨.૫ મીટરની ઉંચાઈ સાથે ૩૦ મીટરમાં ફેલાયેલું આ સ્ટ્રક્ચર પશ્ચિમ કાંઠે આવેલા વીજળી પ્લાન્ટને પૂર્વ કાંઠે આવેલા કેમ્પ સદર બજાર સાથે જોડશે. શહેરમાં આ પ્રકારનો આ પ્રથમ બ્રિજ હશે. જેને બનાવવાનો કુલ ખર્ચ ૩૦૦ કરોડ રૂપિયા થશે. બેરેજ-કમ-બ્રિજ ૧૫ દિવસ માટે શહેરની જરૂરિયાતો જેટલું શુદ્ધ પાણી સંગ્રહિત કરી શકશે. SRFDCLના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, અમે જરૂરી ઈલેક્ટ્રો-મિકેનિકલ ઓટોમેશન સાથે રબર ડેમના મેન્યુફેક્ચરિંગ, ઈન્સ્ટોલિંગ, કમિશનિંગ અને ઓપરેટિંગ સાથે સંકળાયેલી કંપનીઓ પાસેથી બિડ મંગાવી હતી. ટેન્ડરને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને પ્રોજેક્ટ માટે એક કંપનીની પસંદગી કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણી માટેની આદર્શ આચારસંહિતા સમાપ્ત થયા બાદ વર્ક ઓર્ડર આપવામાં આવશે. બાંધકામમાં રબર મેમ્બ્રેનને ઠીક કરવાનો સમાવેશ થાય છે, જે પ્રોજેક્ટનું એક નિર્ણાયક પાસું છે, અને ડેમને સુરક્ષિત કરવા માટે 500mm જાડા કોંક્રિટ બેઝ સ્લેબ તૈયાર કરવાના છે. આ સિક્સ લેન બ્રિજ-કમ-બેરેજથી પશ્ચિમ ભાગથી એરપોર્ટ તરફ જતા મુસાફરોને ફાયદો થશે જેના કારણે તેમને શાહીબાગ-ડફનાળા રોડ પર જવાની જરૂર રહેશે નહીં. શરૂઆતમાં આ પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ ૨૦૦થી ૨૫૦ કરોડ રૂપિયાનો હતો. રબર બેરેજ-કમ-બ્રિજ પ્રોજેક્ટને રાજ્ય સરકાર તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મળી હતી, જેના કારણે ૨૦૨૨માં SRFDCL દ્વારા સલાહકારોની નિમણૂક કરવામાં આવી હતી. આયોજન અને ડિઝાઈનની મંજૂરીઓ મળ્યા બાદ ઓગસ્ટ ૨૦૨૩માં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેના માટે કંપનીઓ દ્વારા જે બિડ આવી હતી તેમાં જે સૌથી ઓછી બિડ હતી તે પ્રોજેક્ટના અંદાજીત ખર્ચા કરતાં ૩૩ ટકા વધારે હતી. જોકે, વાટાઘાટો બાદ પ્રોજેક્ટને આખરે અંદાજીત કિંમત કરતાં લગભગ ૨૯% વધુ ભાવે મંજૂર કરવામાં આવ્યો હતો. જોકે, ટેન્ડર પ્રક્રિયા દરમિયાન લોકસભાની ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા અમલમાં હોવાથી વર્ક ઓર્ડર આપવાનું કામ અટકી ગયું હતું. જે હવે આચારસંહિતા સમાપ્ત થયા બાદ આપવામાં આવશે.

### અત્યંત મહત્ત્વની એવી NEET પરીક્ષામાં પણ કૌભાંડનું સાહસ કરનારાની તપાસમાં ખૂલતી વિગતો

# પંચમહાલના ચર્ચાસ્પદ NEETની પરીક્ષામાં ચોરી કરાવાના કૌભાંડમાં આરોપી ૧૦ દિ'ના રિમાન્ડ પર

## વડોદરાની રોય ઓવરસીઝની ઓફિસ સીલ કરાઈ : બે આરોપીને સસ્પેન્ડ કરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

પંચમહાલના ગોધરા ખાતે NEETની પરીક્ષામાં વિદ્યાર્થીઓને ચોરી કરાવવાનું કૌભાંડ ઝડપાતા રાજ્યભરમાં ખળભળાટ મચી જવા પામેલ છે. આ કૌભાંડની તપાસમાં પરીક્ષામાં ચોરીના કૌભાંડના તાર વડોદરાની રોય ઓવરસીઝ સુધી પહોંચતા પોલીસ દ્વારા રોય ઓવરસીઝના સંચાલક પરશુરામ રોયની પુછપરછ બાદ ધરપકડ કરવામાં આવી હતી. આજે પરશુરામને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

નીટ પરીક્ષા અંગેના આ કૌભાંડને જય જલારામ સ્કૂલમાં પર્દાફાશ થયો હતો. જિલ્લા કલેકટરને મળેલી બાતમીના આધારે નીટની પરીક્ષા કેન્દ્ર ઉપર જિલ્લા અધિક કલેક્ટર અને જિલ્લા શિક્ષણ અધિકારીની તપાસ ટીમો દ્વારા તપાસ કરાતા પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપરિન્ટેન્ડન્ટની ગાડીમાંથી ૭ લાખ રોકડા મળી આવ્યા હતા. પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપરિન્ટેન્ડન્ટના મોબાઈલમાંથી વોટસએપ ચેટમાં કુલ ૭ વિદ્યાર્થીઓને ચોરી કરાવી એક વિદ્યાર્થી દીઠ દસ લાખ રૂપિયા લેવાનું નક્કી થયું હોવાનું પણ સામે આવ્યું હતું.

આ બનાવને લઈ ગોધરામાં નીટની પરીક્ષામાં ગેરરીતી મામલે જય જલારામ શાળાના શિક્ષક તેમજ NEET પરીક્ષા વખતે પરીક્ષા કેન્દ્રના ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ તુષાર ભટ્ટના શાળાના ચેરમેન દિક્ષિત પટેલ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

તુષાર ભટ્ટ ફોનની તપાસ કરવામાં આવી હતી. જેમાં બે પૈકીના એક મોબાઈલ ફોનમાંથી તપાસ દરમિયાન વોટ્સએપમાં પરશુરામ રોય નામની ચેટમાં કોમ્પ્યુટર સ્ક્રીનમાંથી મોકલેલા ત્રણ ફોટા મળી આવ્યા હતા. જેમાં ૧૧ પરીક્ષાર્થીઓનાં નામો તથા તેની સામે રોલ નંબર અને પરીક્ષા કેન્દ્રનું સરનામું લખેલું મળી આવ્યું હતું.

અન્ય એક મેસેજમાં પરીક્ષાર્થીની વિગતો મળી આવી હતી. જે બાબતે શિક્ષણ વિભાગની ટીમે પૂછતા તમામ વિગતો વડોદરાની રોય ઓવરસીઝના માલિક પરશુરામ રોય નામના ઈસમે મોકલી હોવાનું જણાવ્યું હતું.

સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવનારા ગોધરાના NEETની પરીક્ષામાં ચોરી કરાવવાના પ્રકરણમાં પંચમહાલ પોલીસે SITની રચના કરી તપાસ ધરી છે. તેમજ આ મામલામાં સંડોવાયેલા વડોદરાની રોય ઓવરસીઝ કંપનીના માલિક પરશુરામ રોયની ધરપકડ બાદ રોય ઓવરસીઝની ઓફિસને સીલ કરવામાં આવી છે, તેમજ લેપટોપ અને કોમ્પ્યુટર તપાસ માટે FSLમાં મોકલવામાં આવ્યાં છે. આ સાથે રોય ઓવરસીઝના પરશુરામને પોલીસ દ્વારા વધુ તપાસ અર્થે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરવામાં આવતા કોર્ટે આરોપીના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

# વણકર સેવા સંઘના ઉપક્રમે ચાંદખેડા ખાતે જ્ઞાન ભવનનો ભૂમિપૂજન સમારોહ યોજાયો




અમદાવાદ, તા.૧૧

વણકર સેવા સંઘ-ચાંદખેડા (અમદાવાદ)ના ઉપક્રમે વણકર સમાજના શૈક્ષણિક સંકુલ 'જ્ઞાનભવન'નો ભૂમિપૂજન સમારોહ વિષ્ણુનગર-ચાંદખેડા ખાતે આજે સમાજના આગેવાનો, સમાજ શ્રેષ્ઠીઓ અને વિશાળ સંખ્યાના વણકર સમાજના ભાઈઓ-બહેનો-નિમંત્રિતોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. વણકર સેવા સંઘ-ચાંદખેડાના પ્રમુખ મનુભાઈ એમ. પરમાર, મહામંત્રી હર્ષદ પી. પરમાર, ઉપપ્રમુખો સર્વ મહેશભાઈ સી. પ્રભાકર, કાંતિલાલ એન. પરમાર, જીવણલાલ સોલંકી તથા કોષાધ્યક્ષ તુલસીભાઈ એ. મકવાણા તથા મુખ્ય મહેમાનો મેહુલભાઈ વાઘેલા, રમેશભાઈ મકવાણા, સુરેશભાઈ મકવાણા તથા અતિથિ વિશેષ ચંદ્રકાંતભાઈ એમ. સોલંકી, પ્રવીણકુમાર પ્રેમલ, નારણભાઈ કે. પરમાર, ધીરૂભાઈ એમ. જાદવ, રમેશભાઈ એમ. જાદવ, ભરતભાઈ ડી. સોલંકી, રેવાભાઈ સોલંકી, બિંબિસાર સોલંકી, ગણેશભાઈ એમ. પરમાર જેવા વિશેષ મહાનુભાવો વગેરેની ઉપસ્થિતિમાં વિષ્ણુનગર (ચાંદખેડા)માં સાકાર થનારા શૈક્ષણિક સંકુલ- 'જ્ઞાનભવન'નું ભૂમિપૂજન સંત લાલદાસજી બાપુ (જોધલપુર ધામ-કેસરડી) અને સંત ગૌતમદાસ બાપુ (ગાંભુ આશ્રમ)ના હસ્તે સંપન્ન થયું હતું.

વિષ્ણુનગરમાં નિર્માણાધિન પાંચ મજલાના આ 'જ્ઞાન ભવન'ના ભૂમિપૂજન સમારોહમાં આજ દિન સુધી રૂપિયા ૨ કરોડનું દાન મળી ચૂક્યું છે અને તે સતત જારી છે.

ઉલ્લેખનીય છે કે, સરકાર માન્ય વણકર સેવા સંઘ-ચાંદખેડા ૨૦૧૪થી કાર્યરત છે અને તેના ૧૭૦૦ ઉપરાંતના સદસ્યો છે. આ સંઘ દ્વારા જુદા-જુદા સામાજિક કાર્યો થાય છે.

આ સમારોહમાં ચાંદખેડા વોર્ડના મ્યુનિ.કાઉન્સીલર રાજેશ્રીબેન કેસરી, સમાજના અગ્રણીઓ બિલ્ડર જયંતીભાઈ જાદવ, રમેશભાઈ મકવાણા, નારણભાઈ કચરાભાઈ પરમાર, પ્રવીણભાઈ પ્રેમલ, ટ્રસ્ટી દીપકભાઈ મકવાણા, સહિત વણકર સમાજના પ્રતિનિધિઓ-આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગના મીડિયા સંકલનની જવાબદારી માહિતી ખાતાના પૂર્વ અધિકારીઓ નટુભાઈ પરમાર, ભરત ચૌહાણ, ધીરુભાઈ કોટવાલ, ગિરીશ મારૂ અને નાયબ કાર્યપાલક ઈજનેર શૈલેષભાઈ ચૌહાણે સંભાળી હતી.




વણકર સેવા સંઘ દ્વારા ચાંદખેડા વિસ્તારમાં વણકર સમાજ ભવન (શૈક્ષણિક સંકુલ)નું ભૂમિપૂજન સમારોહ યોજાયો જેમાં દાતા અને વણકર સેવા સમાજના પ્રમુખ મનુભાઈ પરમાર (બિલ્ડર)નું સન્માન સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આખી ફ્લાઈટ બુક કરી અમેરિકામાં ઘૂસાડવાના વધુ એક ષડયંત્રનો પર્દાફાશ

# યુએસમાં ઘૂસવા જતા ઝડપાયેલ ભારતીયોમાં પાંચ લોકો મહેસાણાના શંકરપુરાના વતની

## એક દંપતીનો પણ સમાવેશ : કિરણ સાલ્વી સહિતના એજન્ટ સામેલ હોવાની વાત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

આખી ફ્લાઈટ બૂક કરીને ગુજરાતીઓને અમેરિકામાં ઘુસાડવાનું વધુ એક ચોંકાવનારૂ ષડ્યંત્ર તાજેતરમાં બહાર આવ્યું છે. ૧૦ દિવસ પહેલા દુબઈથી ઉડાન ભરીને નીકળેલી ફ્લાઈટને જમૈકામાં રોકી દેવામાં આવી હતી. આ પ્લેનમાં કુલ ૨૫૩ મુસાફર હતા, જેમાં ૧૫૦થી ૧૭૫ ભારતીય હતા. એમાંથી મોટા ભાગના ગુજરાતીઓ અને પંજાબી હતા. આ ફ્લાઈટને કિંગ્સ્ટનની રાજધાની જમૈકાથી દુબઈ પરત મોકલી દેવામાં આવી છે. આ ગુજરાતી મુસાફરોમાં માણસા પાસે આવેલા શંકરપુરા ગામના પાંચ લોકો હોવાનો પણ ખુલાસો થયો છે.

આ ડંકી ફ્લાઈટને પગલે ગામમાંથી ગયેલા લોકોની તપાસ કરતા આ વાત સાંભળીને લોકો મોઢું ચૂપ કરી દેતા હતા અને અમારે શું કામ કહેવું એમ કહીને આખા પ્રકરણ પર પૂર્ણ વિરામ મૂકી દેવાનો પ્રયાસ થતો હોય તેમ જણાય છે.

અમદાવાદથી ૪૦ કિલો મીટર દૂર આવેલા મહેસાણાના શંકરપુરા ગામની વસ્તી ભલે ૧૨૦૦ લોકોની જ હોય પણ ગામમાં જોવા મળતા બંગ્લો અમેરિકન ટચના અને તમામ વૈભવી સુવિધા ધરાવે છે. ગામના લોકો મકાન બતાવે છે પણ નામ આપતા નથી. શંકરપુરાના એક દંપતી સહિત કુલ પાંચ લોકો જમૈકાથી ડિપોર્ટ થયા છે. આ ફ્લાઈટ પણ એક ડંકી ફ્લાઈટની જેમ હોવાનું આંતરરાષ્ટ્રીય સ્તરે જાણવા મળ્યું છે. આ ફ્લાઈટમાં રહેલા શંકરપુરાના પાંચ વ્યક્તિમાંથી એક વ્યક્તિને જમૈકાથી ડિપોર્ટ કરીને દુબઈ મોકલી દેવામાં આવી છે, પરંતુ તેઓ હજી પણ ભારત આવ્યા નથી. માત્ર એટલું જ નહીં અગાઉ કબૂતરબાજીમાં સામેલ કિરણ સાલ્વીનો ભાગીદાર આ પાંચ લોકોને અહીંથી અમેરિકા મોકલવામાં સંડોવાયેલો હોવાની વાત સામે આવી છે. આ એજન્ટ પણ જ્યારથી ફ્લાઈટની વિગતો સામે આવી ત્યારથી ગાયબ થઈ ગયો છે. હવે ગામમાં બધાને ખબર છે. પરંતુ પોલીસ આવે છે અને વિગત લઈને જતી રહે છે. હાલ મહેસાણા પોલીસના સતત ગામમાં આંટાફેરા જોવા મળી રહ્યા છે. કેટલાક લોકોએ પોલીસને માહિતી પણ આપી હોવાનું જાણવા મળેલ છે.

કરોડો રૂપિયા ખર્ચીને ગેરકાયદે અમેરિકા જવા માટે ગાંધીનગર માણસા આસપાસના ગામોના લોકોએ અનેક વખત એજન્ટો મારફતે વિદેશ પહોંચવાનો પ્રયાસ કર્યો છે. હવે મેક્સિકોના રૂટથી જવાના બદલે અલગ અલગ રૂટથી અમેરિકા પહોંચાડવા માટેના પ્રયાસો એજન્ટો કરી રહ્યા છે. જ્યાં સુધી કોઈપણ વ્યક્તિને અમેરિકા પહોંચાડી દેવામાં ન આવે ત્યાં સુધી રૂપિયા લેવામાં આવતા નથી અને સમાજના અગ્રણીના કહેવા બાદ જ રૂપિયા એ વ્યક્તિને આપી દેવામાં આવે છે. જે રીતે એક કોર્પોરેટ કંપની ચાલતી હોય તે રીતે એજન્ટ અને કબૂતરબાજીનું રેકેટ ચાલી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા જ્યારે નિકારાગુઆ ગયેલી આખી ફ્લાઈટ કબૂતરબાજીના લોકોથી ભરેલી હતી. તે સમયે આ પ્રકરણની ખૂબ જ ચર્ચા થઈ હતી. પરંતુ ત્યારબાદ મુસાફરોની આખી યાદી સામે આવી અને તેમાં પણ એજન્ટ કિરણ સાલ્વીનું જ નામ સામે આવ્યું હતું. જો કે કિરણ સાલ્વી હજી સુધી પોલીસ પકડથી દૂર છે. આ અગાઉ પણ કિરણ સાલ્વી કબૂતરબાજીમાં સામેલ હોવાની વાતો વહેતી થઈ હતી.

આ અંગે ટીમે જ્યારે ગામના એક મોભીનો સંપર્ક કર્યો ત્યારે તેમણે કહ્યું કે, હું બહારગામ છું. પરંતુ ખરેખર તે પાંચ મિનિટ બાદ ત્યાં જ સામે જ જોવા મળ્યા હતા એટલે કે તેઓ ગામમાંથી ગયેલા લોકો વિશે મૌન સેવવા માગતા હતા. તેમની સાથે થોડીવાર ચર્ચા કર્યા બાદ તેમણે કહ્યું કે ગામમાં બે પક્ષો છે એટલે સામેવાળા પક્ષના લોકો ગયા છે તેવી અમને ખબર પડી છે અમે તેમનું નામ નહીં આપીએ. થોડીવાર પછી આખી વાત એજન્ટ ઉપર આવી એટલે કહ્યું કે ગામમાં ઘણા લોકો વિદેશ જવા માટે પ્રયાસ કરે છે. પરંતુ જે એજન્ટનું નામ આવી રહ્યું છે તે ૪૮ કલાકથી ગામમાં નથી તે પહેલાં ફેકટરી ચલાવતો હવે કંઈ ખબર નથી.

આ ગામની નજીક આવેલા મંદિરમાં એજન્ટોએ કરોડો રૂપિયાનું ડોનેશન કર્યું હોવાનું ગ્રામજનો કહી રહ્યા છે અને કરોડો રૂપિયા ડોનેશનની સાથે તે લોકોને પોતાના પ્રભાવમાં લાવે છે. ત્યાર પછી આ રેકેટમાં અમેરિકા સુધીની લાઈન દોરી શરૂ કરે છે.

આ મામલે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, દુબઈથી જમૈકામાં ઉતરેલી ચાર્ટર્ડ ફ્લાઈટમાં અનેક ભારતીયો સવાર હતા. તેમની પાસે પહેલેથી યાત્રા અને હોટલનું બુકિંગ હતું. પરંતુ સ્થાનિક અધિકારી તેનાથી સંતુષ્ટ નહોતા. આ અધિકારીઓએ ભારતીયોને ૭ મેના રોજ તેમના મૂળ સ્થળે પરત મોકલવાનો નિર્ણય કર્યો. આ ફ્લાઈટમાં મોટા ભાગના પુરુષો છે, તેઓ પાંચ દિવસના પ્રવાસે આવ્યા હતા. પરંતુ તેમના પ્રવાસની તપાસમાં માત્ર એક જ દિવસનો પ્રવાસ હોવાની જાણ થઈ હતી. ત્યારબાદ આ તમામ પ્રવાસીઓની એન્ટ્રી પર મનાઈ ફરમાવી દીધી હતી. જો કે અધિકારીઓએ માનવતા દાખવી તેને પરત મોકલવા માટેની વ્યવસ્થાના ભાગરૂપે કિંગ્સ્ટનની એક હોટલમાં ઉતરવાની મંજૂરી આપી હતી. આ ફ્લાઈટ દુબઈથી ઊપડી હતી અને ઈજિપ્તના કેરો એરપોર્ટ ખાતે રોકાઈ હતી, જ્યાંથી ઉઝબેકિસ્તાનના નાગરિકો એમાં ગોઠવાયા હતા. બાદમાં આ ફ્લાઈટ જમૈકા પહોંચી હતી, જ્યાં ઓફિસરોને ગરબડની જાણ થઈ હતી. પ્લેનમાં બેઠેલા લોકો પાસે જમૈકા આવવાની મંજૂરી ઉપરાંતના દસ્તાવેજો નહોતા.

પ્રાથમિક તપાસમાં મુસાફરો પાસે જરૂર દસ્તાવજો ન મળતાં એરપોર્ટ પર આટલા બધા મુસાફરોને રાખવા માટે ડિટેન્શન સેન્ટર કે રિમાન્ડ રૂમ ન હોવાથી તેમને હોટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ લોકોને ઘુસાડવામાં ચાર ગુજરાતી એજન્ટની ભૂમિકા સામે આવી છે. અમેરિકામાં ઘૂસવાના ચાલતા નેટવર્કમાં સંડોવાયેલા આ ચાર એજન્ટો તેના ઉપનામથી જાણીતા છે, જેમાં શંકરપુરાનો ઘનશ્યામ, હસમુખ બિલાડી, રવિ મોસ્કો અને બોબી બ્રાઝિલ સામેલ હોવાનું કહેવાઈ રહ્યું છે.

# લોકરક્ષક અને PSI ભરતી માટે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ફરી અરજી કરી શકાશે

## કોલેજના અંતિમ વર્ષ અને ધોરણ-૧૨ પાસ ઉમેદવારો પણ અરજી કરી શકશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

લોકરક્ષક દળ અને PSI ભરતી મામલે સૌથી મોટા અગત્યની વિગતો સામે આવી છે. લોકરક્ષક દળ અને PSI ભરતી મામલે ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં હવે ફરી અરજી કરી શકાશે. વિગતો મુજબ બે સપ્તાહ સુધી ઉમેદવારો અરજી કરી શકશે. આ સાથે કોલેજના અંતિમ વર્ષ અને ધો.૧૨ના ઉત્તીર્ણ ઉમેદવાર પણ અરજી કરી શકશે.

પોલીસ વિભાગમાં નોકરી ઈચ્છતા યુવાનો માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. લોકરક્ષક અને PSI ભરતી માટે ઓગસ્ટ સપ્ટેમ્બરમાં ફરી અરજી કરવા છૂટ આપવામાં આવી છે. જેમાં ખાસ કરીને કોલેજના અંતિમ વર્ષ અને ધોરણ ૧૨માં પાસ થયેલા ઉમેદવારો તથા અગાઉ અરજી કરવામાં બાકી રહેલા ઉમેદવારોને પણ તક અપાશે. અરજી કરવા માટે ૨ સપ્તાહના સમય સાથે અરજીકર્તાઓને તક અપાશે. પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વિટ કરી આ અંગે માહિતી આપી છે. વિગતો મુજબ લોકરક્ષક અને PSI ભરતી મામલે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ફરી અરજી કરી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૯ મે ના રોજ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ તેમજ ગુજકેટનું પરિણામ જાહેર થયું હતું. જેથી હવે પરિણામ જાહેર થયા બાદ હવે જે લોકો પોલીસમાં નોકરી કરવા માંગે છે એ લોકો પણ અરજી કરી શકશે.

## ગુલશને મહેર હા.સે. સ્કૂલના ઝળહળતા તારલાઓ

સરખેજ સ્થિત ગુલશને મહેર હાયર સેકન્ડરી સ્કૂલના એચએસસી ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)ના વિદ્યાર્થીઓએ માર્ચ-૨૦૨૪ની પરીક્ષાના પરિણામમાં ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી છે • ગુલશને મહેર હા.સે.સ્કૂલનું ૯૩.૧૮ ટકા પરિણામ આવ્યું છે.




અન્સારી મો. અયાઝ મો. અસદ
મેળવેલ ગુણ : ૫૮૪
પી.આર. ૯૩



શેખ માહેરા શાહીન
મેળવેલ ગુણ : ૫૭૯
પી.આર. ૯૨.૦૮



શેખ હુમેરા રઉફએહમદ
મેળવેલ ગુણ : ૫૫૮
પી.આર. ૮૭.૬૦



મોમીન શીફા મોહંમદ આરીફ
મેળવેલ ગુણ : ૫૫૬
પી.આર. ૮૭.૧૩



પઠાણ ફરહીન રૂસ્તમ ખાન
મેળવેલ ગુણ : ૫૫૫
પી.આર. ૮૬.૯૦



શેખ સાદિયા સમીરભાઈ
મેળવેલ ગુણ : ૫૪૮
પી.આર. ૮૫.૧૬

## તેજસ્વી તારલા

ધોરણ-૧૦ના પરિણામમાં શેખ અઝીમાબાનુ એજાજ અહેમદે એ-ગ્રેડ સાથે ૯૯.૯૪ પી.આર. મેળવી સિદ્ધિ હાંસલ કરી છે તેણીએ વિજ્ઞાનમાં ૧૦૦ અને બેઝિક મેથ્સમાં ૧૦૦ માર્કસ મેળવ્યા છે. કુલ ૬૦૦માંથી ૫૮૪ ગુણ મેળવ્યા છે. આ પરિણામ શાળા અને તેના પરિવાર માટે ગૌરવ સમાન છે.



ધોરણ-૧૦ના પરિણામમાં પઠાણ ફાતિમાલુવિઝાહ મોહસીનખાને એ-૨ ગ્રેડ સાથે ૯૩.૯૬ પી.આર. મેળવ્યા છે.




ધોરણ-૧૦ના પરિણામમાં શેખ ઝોયા મોહંમદ યાસરે એ-૨ ગ્રેડ સાથે ૯૦.૭૪ પી.આર. મેળવ્યા છે.



ધોરણ-૧૦ના પરિણામમાં આમેના સૈયદે ૯૯.૬૮ પી.આર. સાથે એ-૧ ગ્રેડ મેળવી મુસ્લિમ સમાજનું ગૌરવ વધાર્યું છે તેણીએ વિજ્ઞાન વિષયમાં ૧૦૦માંથી ૯૯ ગુણ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.



સૈયદ કુર્રતુલઐન ઝેહરા મુખતારહુસૈને ધોરણ-૧૦ના પરિણામમાં એ-૧ ગ્રેડ સાથે ૯૭.૭૩ પી.આર. મેળવી પરિવાર અને સમાજનું નામ રોશન કર્યું છે.



શેખ મોહંમદઅસીમ મોહંમદ આરીફે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૯.૩૯ પી.આર. મેળવી પરિવારનું નામ રોશન કર્યું છે.



### ૧૦ મિનિટમાં બે ઝાટકા આવતાં લોકોમાં ભયનો માહોલ

# તાલાલા અને સાસણ ગીરમાં સતત ચોથા દિવસે ભૂકંપના ઝટકા યથાવત

## બંને ભૂકંપનું કેન્દ્ર બિંદુ તાલાલાથી ૧૩ કિલોમીટર દૂર હોવાના અહેવાલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

૧૦ મિનિટમાં ભૂકંપના બે ઝટકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. બંને ભૂકંપનું કેન્દ્ર બિંદુ તાલાલાથી ૧૩ કિ.મી. દૂર નોર્થ ઈસ્ટ હોવાનું સામે આવ્યું હતું. તાલાલા અને સાસણ ગીરમાં સતત ચોથા દિવસે ભૂકંપના ઝટકા અનુભવાયા છે. આજે વધુ બે ઝટકા મહેસૂસ થયા હતા. બપોરે ૧૧.૪૪ મિનિટે ૨.૪ની તીવ્રતાનો અને બીજો ૧૧.૫૩ મિનિટે ૨.૪ની તીવ્રતાનો ઝટકો અનુભવાયો હતો. ૧૦ મિનિટમાં ભૂકંપના બે ઝટકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. બંને ભૂકંપનું કેન્દ્ર બિંદુ તાલાલાથી ૧૩ કિ.મી. દૂર નોર્થ ઈસ્ટ હોવાનું સામે આવ્યું હતું.

રિક્ટર સ્કેલ પર ૨.૦થી ઓછી તીવ્રતાવાળા ધરતીકંપોને સૂક્ષ્મ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને અનુભવી શકાતા નથી. રિક્ટર સ્કેલ પર સૂક્ષ્મ શ્રેણીના ૮,૦૦૦ ભૂકંપ વિશ્વભરમાં દરરોજ નોંધાય છે. તેવી જ રીતે, ૨.૦થી ૨.૯ ની તીવ્રતાવાળા ધરતીકંપોને માઈનોર કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. આવા ૧,૦૦૦ ધરતીકંપો દરરોજ આવે છે, જે આપણે સામાન્ય રીતે અનુભવતા પણ નથી. ૩.૦થી ૩.૯ની તીવ્રતાના અત્યંત હળવા ધરતીકંપ એક વર્ષમાં ૪૯,૦૦૦ વખત નોંધાયા છે. તેઓ અનુભવાયક્ક છે પરંતુ ભાગ્યે જ કોઈ નુકસાન પહોંચાડે છે. લાઈટ શ્રેણીના ધરતીકંપો ૪.૦થી ૪.૯ તીવ્રતાના હોય છે જે સમગ્ર વિશ્વમાં એક વર્ષમાં લગભગ ૬,૨૦૦ વખત રિક્ટર સ્કેલ પર નોંધાય છે.

# હાફિઝ સોહિમે ધોરણ-૧૦ના પરિણામમાં સફળતા પ્રાપ્ત કરી

અમદાવાદ,તા.૧૧

કોણ કહે છે કે સફળતા ધર્મમાં નથી વિશ્વાસ મક્કમ હોવો જોઈએ હાફિઝ મોહમ્મદ સોહિમ ઝૈનુલ અન્સારીએ રમજાનમાં રોઝા રાખ્યા ૩ પારાની તરાબીનો અભ્યાસ કર્યો અને ૧૦માની બોર્ડની પરીક્ષા આપી, અલ્લાહત્આલાએ તેણે ત્રણેયમાં સફળ બનાવ્યો આજે ધોરણ-૧૦ના પરિણામમાં સોહીમ પાસ થયો સોહિમે વધુ વાંચો અને ધર્મ અને વિશ્વ બંનેની સેવા કરવા આહવાન કર્યું છે.



# પીએમ મોદીના કાળાં નાણાંના આક્ષેપ બાદ શિવસેનાએ અદાણી-અંબાણી સામે કાર્યવાહીની માંગ કરી

## સામનામાં કહેવાયું કે કોંગ્રેસના બેંક ખાતામાંથી વ્યવહારો પર પ્રતિબંધ મૂકવો અને વિરોધ પક્ષને ૧,૮૦૦ કરોડ રૂપિયાની ટેક્સ પેમેન્ટ નોટિસ આપવી તે સરમુખત્યારશાહી દર્શાવે છે

(એજન્સી) તા.૧૧

શિવસેના (UBT)એ માગ કરી હતી કે કોંગ્રેસને ઉદ્યોગપતિઓ ગૌતમ અદાણી અને મુકેશ અંબાણી પાસેથી "કાળું નાણું" મળે છે એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આક્ષેપો કરાયા બાદ હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ આ કેસની તપાસ કરવી જોઈએ અને બંને ઉદ્યોગપતિઓ સામે પગલાં લેવા જોઈએ. બુધવારે તેલંગાણામાં એક રેલીમાં વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર અંબાણી અને અદાણી સાથે ડીલ કરવાનો આરોપ લગાવ્યો હતો. કરીમનગરના વેમુલાવાડામાં ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, "શહેજાદાએ જાહેર કરવું જોઈએ કે તેમણે આ ચૂંટણીમાં અંબાણી અને અદાણી પાસેથી કેટલા રૂપિયા લીધા છે ? શું કોંગ્રેસ માટે ટેમ્પો ભરીને નોટો પહોંચી ગઈ છે ? એવી કઈ ડીલ થઈ છે કે તમે રાતોરાત અંબાણી અને અદાણીને ગાળો આપવાનું બંધ કરી દીધું ? દાળમાં ચોક્કસપણે કંઈક કાળું છે." ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT)એ પાર્ટીના મુખપત્ર 'સામના'ના સંપાદકીયમાં દાવો કર્યો હતો કે "બ્રાન્ડ મોદી"નો અંત આવી ગયો છે અને નરેન્દ્ર મોદી ૪ જૂન પછી દેશના વડાપ્રધાન પદે નહીં જળવાઈ રહે. સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પ્રચાર દરમિયાન મોદીના તાજેતરના ભાષણો તેમની નિરાશા અને હતાશાને દર્શાવે છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે મોદી ભગવાન રામના નામ પર વોટ માંગી રહ્યા છે જ્યારે તેમની પાર્ટી ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા બીફ નિકાસકારો પાસેથી દાન લઈ રહી છે. ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની ટીકા કરતા સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે કે, "કોંગ્રેસના બેંક ખાતામાંથી વ્યવહારો પર પ્રતિબંધ મૂકવો અને વિરોધ પક્ષને ૧,૮૦૦ કરોડ રૂપિયાની ટેક્સ પેમેન્ટ નોટિસ આપવી તે સરમુખત્યારશાહી દર્શાવે છે. સામનામાં દાવો કરાયો છે કે છે કે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ "મોદીને ઘૂંટણિયે લાવી દીધા છે" અને મોદીને જાહેરમાં કહેવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે કે કાળા નાણાંનો સ્ત્રોત શું છે. સંપાદકીયમાં દાવો કરવામાં આવ્યો છે કે, "મોદીનું સામ્રાજ્ય કાળા નાણાંના સ્તંભો પર ઉભું છે અને રાહુલ ગાંધી તેના પર જોરદાર પ્રહારો કરી રહ્યા છે. તેથી મોદી નર્વસ છે.

# પીએમ મોદીના ભાષણોમાં વાહિયાત વાતો : કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ શનિવારના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચૂંટણી પ્રચારને વાહિયાત વાતો તરીકે ગણાવ્યા અને તેમના પર માત્ર સત્તા મેળવવાના હેતુથી રાજકારણનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો અને લોકોની સેવા કરવા માટે નહીં.

પીએમ મોદીએ આ આદિવાસી બહુમતીવાળા મતવિસ્તારમાં જાહેર સભાને સંબોધિત કર્યાના એક દિવસ પછી, પ્રિયંકા ગાંધી નંદુરબાર લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ગોવાલ પાડવીને સમર્થન આપવા માટે અહીં એક રેલીને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું,મોદીજી જે બોલે છે તે બધી ખોખલી વાતો છે જેનું કોઈ મૂલ્ય નથી.

ગાંધીએ કહ્યું, નરેન્દ્ર મોદી એક આદિવાસીના ઘરે જઈને તેમની સમસ્યાઓ સમજે છે એવી તેમની એક તસવીર મને બતાવો. સંસ્કૃતિ અને પરંપરાનો આદર કરવો એ રાજકીય નેતાઓની ફરજ છે, તેમણે ઉમેર્યું હતું કે, ભાજપ આદિવાસીઓની સંસ્કૃતિ અને પરંપરાનું સન્માન કરતું નથી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, જેઓ આદિવાસી સમુદાયના છે, તેઓને નવી સંસદ ભવનનું ઉદ્ઘાટન કરવા અથવા અયોધ્યામાં રામ મંદિરના અભિષેક સમારોહમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી ન હતી.



તેમણે આક્ષેપ કર્યો,જ્યારે વાસ્તવમાં આદર આપવાની વાત આવે છે, ત્યારે મોદીજી પીછેહઠ કરે છે.

વડાપ્રધાન પર પ્રહાર કરતા ગાંધીએ કહ્યું,મોદીજી બાળકની જેમ રડે છે અને કહે છે કે તેમની સાથે દુર્વ્યવહાર થઈ રહ્યો છે. આ સાર્વજનિક જીવન છે. ઈન્દિરા ગાંધી પાસેથી શીખો. દુર્ગા જેવી મહિલા, જેમણે પાકિસ્તાનના બે ટુકડા કરી દીધા, તેમની હિંમત નિશ્ચય અને બહાદુરીથી શીખો.પરંતુ જ્યારે તમે તેમને રાષ્ટ્રવિરોધી કહો છો ત્યારે તમે તેમની પાસેથી શું શીખી શકો.

# અમારૂં હિન્દુત્વ ઘરોના ચૂલા પ્રજ્વલીત કરે છે જ્યારે ભાજપનું હિન્દુત્વ લોકોના ઘરોને આગ લગાવે છે : ઉદ્ધવના આકરા પ્રહાર

## તેમણે કહ્યું કે, પીએમ મોદી ન્યાયપાલિકા પર અત્યંત દબાણ કરી રહ્યા છે, સુપ્રીમ કોર્ટને અમારી અપીલ છે કે દરેક માટે સમાનતા સુનિશ્ચિત કરે



(એજન્સી) તા.૧૧

ભારતીય જનતા પાર્ટી અને શિવસેના (UBT)ના હિંદુત્વ વચ્ચેના તફાવતને સમજાવતા મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ભારપૂર્વક કહ્યું હતું કે અમારી હિંદુત્વની બ્રાન્ડ લોકોના ઘરોમાં "ચુલા સળગાવે છે" અને ભાજપનું હિન્દુત્વ "લોકોના ઘરોને આગને હવાલે કરી દે છે." મહારાષ્ટ્રમાં એક સભાને સંબોધતા ઉદ્ધવે કહ્યું હતું કે,"ભાજપ અને અમારા હિન્દુત્વમાં ઘણો તફાવત છે. અમારૂં હિન્દુત્વ ઘરોમાં ચૂલો સળગાવે છે, પરંતુ બીજેપીનું હિન્દુત્વ ઘરને બાળી નાખે છે." અમે લોકોના ઘરોને પ્રજ્જ્વળીત કરીએ છીએ જ્યારે ભાજપ લોકોના ઘરોને સળગાવવાનું કામ કરે છે. તેમણે વધુમાં કહ્યું કે દરેક માટે "કાનૂની સમાનતા" સુનિશ્ચિત થવી જોઈએ. અમારી આ સુપ્રીમકોર્ટમાં અપીલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ન્યાયપાલિકા પર દબાણ કરી રહ્યા છે એવો ઉદ્ધવે આરોપ પણ મૂક્યો હતો. ઉદ્ધવ ઠાકરેએ છાતી ઠોકીને કહ્યું કે "મોદી સરકારે ભારતના ચૂંટણી પંચનો પણ તેમની પાર્ટી વિરૂદ્ધ ઉપયોગ કર્યો હતો." અમારૂં ધનુષ અને બાણ છીનવાઈ ગયું. તમે (પીએમ મોદીએ) મારી પાર્ટી મારૂં પ્રતીક અને મારા માણસો છીનવી લીધા, પરંતુ તમે હજી પણ ઉદ્ધવ ઠાકરેથી ડરો છો ? શિવસેના (યુબીટી)ના વડાએ દેશમાં મુસ્લિમ વસ્તીમાં વધારો થયો હોવાનો દાવો કરતા સરકારી રિપોર્ટ વિશે વાત કરી. તેમણે કહ્યું કે "નરેન્દ્ર મોદી છેલ્લા એક દાયકાથી આ દેશના વડા પ્રધાન છે, તેમણે સ્પષ્ટતા કરવી જોઈએ કે મુસ્લિમ વસ્તીમાં આ વધારો તેમની સિદ્ધિ છે કે નિષ્ફળતા. આપણે બધા મૂંઝવણમાં છીએ કે આપણે મુસ્લિમ વસ્તીમાં થયેલા વધારા માટે તેમની પ્રશંસા કરવી કે ટીકા કરવી જોઈએ. છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં આ વધારો દર્શાવાઈ રહ્યો છે." ઉદ્ધવે દાવો કર્યો કે ભાજપ સરકારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પાસેથી તમામ સત્તાઓ છીનવી લીધી છે. "કેજરીવાલને જામીન મળી ગયા, બધા જાણે છે, મોદી સરકારે કેજરીવાલની તમામ સત્તા છીનવી લીધી. મોદીજીનું ડ્રામા ૪ જૂન સુધી ચાલશે. ૪ જૂન પછી તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી નહીં પણ માત્ર નરેન્દ્ર મોદી તરીકે ઓળખાશે."

# ઈઝરાયેલે આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કર્યું હોઈ શકે છે : અમેરિકા

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧

યુએસ પ્રમુખ જો બાઈડેનના વહીવટી તંત્રે એક અહેવાલમાં કહ્યું છે કે તે મૂલ્યાંકન કરવું વાજબી છે કે ઈઝરાયેલને સપ્લાય કરાયેલા અમેરિકી શસ્ત્રોનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા (IHL)ના ઉલ્લંઘનમાં કરવામાં આવ્યો હોઈ શકે છે.

સિન્હુઆ ન્યૂઝ એજન્સીના અહેવાલ દ્વારા નોંધવામાં આવ્યું છે કે, ૧૦ મે શુક્રવારના રોજ બાઈડેન વહીવટીતંત્રે રાજ્ય વિભાગ દ્વારા તૈયાર કરાયેલા અને કોંગ્રેસને રજૂ કરેલા મુદત વિતી અહેવાલમાં જણાવ્યું હતું કે, અહેવાલોમાં યુએસ સંરક્ષણ લેખનો સમાવેશ થાય છે કે કેમ તે ચકાસવા માટે યુએસને ઈઝરાયેલ સાથે સંપૂર્ણ માહિતી શેર કરવામાં આવી નથી જે ૭ ઓક્ટોબરથી એપ્રિલના અંત સુધીના સમયગાળા દરમિયાન ઈઝરાયેલ દ્વારા યુએસ દ્વારા પૂરા પાડવામાં આવેલા શસ્ત્રોનો ઉપયોગ ખાસ કરીને એવા ઓપરેશન્સમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો કે જેને આંતરરાષ્ટ્રીય માનવાધિકાર કાયદાના ઉલ્લંઘન તરીકે આરોપ મૂકવામાં આવ્યો હતો.

અહેવાલમાં જણાવાયું હતું કે, અમુક ઈઝરાયેલ સંચાલિત સિસ્ટમો સંપૂર્ણપણે યુએસ મૂળની છે. અને ઈઝરાયેલના IHL અનુપાલન અંગે ચિંતા ઉભી કરતી ઘટનાઓમાં સામેલ હોવાની શક્યતા છે.

નેશનલ સિક્યોરિટી મેમોરેન્ડમ ૨૦ (NSM-20) તરીકે ઓળખાતો અહેવાલ, જે બાઈડેને ફેબ્રુઆરીમાં આદેશ આપ્યો હતો, તેમાં કહ્યું છે કે વ્યક્તિગત ઘટનાઓનું મૂલ્યાંકન કરવું અથવા તેના પર નિર્ણાયક તારણો સુધી પહોંચવું મુશ્કેલ છે. તેમ છતાં, યુએસ દ્વારા નિર્મિત સંરક્ષણ પર ઈઝરાયેલની નોંધપાત્ર નિર્ભરતાને જોતાં. લેખો, તે મૂલ્યાંકન કરવું વાજબી છે કે NSM-20 હેઠળ આવરી લેવામાં આવેલા સંરક્ષણ લેખોનો ઉપયોગ ઈઝરાયેલી સુરક્ષા દળો દ્વારા ૭ ઓક્ટોબર થી તેની IHL જવાબદારીઓ સાથે અસંગત અથવા નાગરિક નુકસાનને ઘટાડવા માટે સ્થાપિત શ્રેષ્ઠ પદ્ધતિઓ સાથે કરવામાં આવે છે.



જ્યારે ઈઝરાયેલ પાસે તેની સૈન્ય કાર્યવાહીમાં નાગરિક નુકસાનને ઘટાડવા માટે શ્રેષ્ઠ પ્રયાસો અમલમાં મૂકવા માટે જ્ઞાન, અનુભવ અને સાધનો છે, ત્યારે ઉચ્ચ સ્તરના નાગરિક જાનહાનિ સહિત, જમીન પરના પરિણામો, (ઈઝરાયેલ સંરક્ષણ દળો) છે કે કેમ તે અંગે નોંધપાત્ર પ્રશ્નો ઊભા કરે છે.

ફેબ્રુઆરીના રાષ્ટ્રપતિના મેમોરેન્ડમમાં બાઈડેન દ્વારા રાજ્ય સચિવ માટે અહેવાલ ફરજિયાત કરવામાં આવ્યો હતો, જેમાં રાષ્ટ્રપતિએ વચન આપ્યું હતું કે, તેમનો વહીવટ વિદેશી સરકારોને યુએસ શસ્ત્રોના સ્થાનાંતરણ માટે અર્થપૂર્ણ દેખરેખને સક્ષમ કરવા માટે સમયાંતરે કોંગ્રેશનલ અહેવાલો પ્રદાન કરશે. અહેવાલમાં કેટલાંક લોકતાંત્રિક ધારાશાસ્ત્રીઓ દ્વારા ગાઝામાં નાગરિકો સાથેના માનવીય વર્તન પર ઈઝરાયેલ પર દબાણ લાવવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.

રાજ્ય વિભાગ કોંગ્રેસને અહેવાલ રજૂ કરવા માટે ૮ મેની સમયમર્યાદા ચૂકી ગયો. વિભાગ તાજેતરના દિવસોમાં આ વિલંબને વિશે જણાવવા માટે દબાણ હેઠળ છે.

# શિવસેના-UBTએ રવીન્દ્ર વાઈકરને કારણદર્શક નોટિસ ફટકારી તેઓને અયોગ્ય જાહેર કરવા માટે સ્પીકરનો સંપર્ક કર્યો

## સેના યુબીટીએ જણાવ્યું હતું કે પક્ષે તેના સત્તાવાર કાયદાકીય સલાહકાર અસીમ સરોડે દ્વારા શુક્રવારે વાયકરને નોટિસ જારી કરી છે અને પક્ષ વાઈકર વિરૂદ્ધ સ્પીકર રાહુલ નરવેકરના કાર્યાલયમાં અયોગ્યતાની અરજી ફાઈલ કરશે



(એજન્સી) તા.૧૧

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી)એ શુક્રવારે મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં જોડાવા માટે આ વર્ષે માર્ચમાં સેના (યુબીટી) છોડી દેનારા ધારાસભ્ય રવિન્દ્ર વાઈકરને કારણદર્શક નોટિસ જારી કરી હતી કે તેમને વિધાનસભામાંથી શા માટે ગેરલાયક ઠેરવવામાં ન આવે. વાયકરને તાજેતરમાં શિંદેની આગેવાની હેઠળની શિવસેના દ્વારા મુંબઈ ઉત્તર પશ્ચિમ લોકસભા બેઠક માટે પક્ષના સત્તાવાર ઉમેદવાર તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા. વાઈકરે કહ્યું કે મુંબઈમાં એજન્સીઓ દ્વારા તેને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યો છે તેના એક દિવસ બાદ આ નોટિસ આવી છે અને તેની પાસે માત્ર બે જ વિકલ્પ બચ્યા છે, કાં તો જેલમાં જવું અથવા તો શિંદેની આગેવાની હેઠળની સેનામાં જોડાવું જોઈએ અને તેમણે પક્ષ બદલવાનો નિર્ણય લીધો હતો.

તેમણે કહ્યું કે, હું પહેલેથી જ દબાણમાં હતો, પરંતુ જ્યારે મારી પત્નીનું નામ પણ આ કેસમાં સામે આવી રહ્યું હતું ત્યારે મારા પર દબાણ વધ્યું હતું. એ પછી મારી પાસે પક્ષ બદલવા સિવાય કોઈ વિકલ્પ ન હતો. આ નોટિસ વિશે બોલતા, શિવસેના યુબીટીએ જણાવ્યું હતું કે પાર્ટીએ તેના સત્તાવાર કાનૂની સલાહકાર અસીમ સરોડે દ્વારા શુક્રવારે વાયકરને નોટિસ જારી કરી છે અને પાર્ટી સ્પીકર રાહુલ નરવેકરના કાર્યાલયમાં વાયકર સામે ગેરલાયકાતની અરજી પણ દાખલ કરશે. વાયકર પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હતા. જ્યારે શિંદેએ પક્ષપલટો કર્યો, ત્યારે વાયકર ઉદ્ધવ ઠાકરે સાથે અડગ ઊભા રહ્યા હતા. પરંતુ તાજેતરમાં તેમને ED દ્વારા હેરાન કરવામાં આવ્યો હતો, તેમની તપાસ શરૂ કરવામાં આવી હતી અને તેમની મિલકતો પર આરોપો લગાવવામાં આવ્યા હતા. તેમને અને તેમની પત્નીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે તેવી સ્થિતિ સર્જાઈ હતી. દબાણમાં આવ્યા પછી, તેમણે શિંદેની આગેવાની હેઠળના સેનાના જૂથમાં જોડાવું પડ્યું છે. તેઓ છેલ્લી સાંજ સુધી ઉદ્ધવજી સાથે હતા અને અચાનક બીજા દિવસે તેઓ શિંદેસેનામાં જોડાયા હતા. હવે વાયકર શિવસેના યુબીટીમાંથી રાજીનામું આપ્યા વિના શિંદે જૂથ વતી મુંબઈ ઉત્તર પશ્ચિમ લોકસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડી રહ્યા છે. આ કારણોસર, સેના યુબીટી વતી તેમને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે અને તેમને શા માટે ગેરલાયક ઠેરવવામાં ન આવે તે અંગે તેમનો પક્ષ સાંભળવાની તક આપવામાં આવી છે.

# બ્રિજભૂષણને હાંકી કાઢો, પુત્રની ટિકિટ પાછી ખેંચો : જયરામ રમેશ

(એજન્સી) તા.૧૧

કોંગ્રેસ નેતાએ કહ્યું, "નારી શક્તિ 'મોદી પરિવાર'માં માત્ર દેખાડો માટેનું એક સૂત્ર છે, વાસ્તવમાં આ પરિવાર જાતીય હિંસા કરનારાઓને આશ્રય આપે છે." કોંગ્રેસે ભાજપને WFIના ભૂતપૂર્વ વડા બ્રિજભૂષણ શરણ સિંઘને પડ પરથી કાઢી મૂકવાની માગણી કરી હતી, કારણ કે દિલ્હીની અદાલતે તેમની સામે જાતીય સતામણી અને અન્ય આરોપો ઘડવાનો આદેશ આપ્યો હતો.

તેના પુત્રને આપેલી લોકસભાની ટિકિટ પાછી ખેંચી લેવાની પણ માંગણી કરી હતી. X પર એક પોસ્ટમાં કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે ભાજપે કૈસરગંજ બેઠક પરથી તેમના પુત્રને ટિકિટ આપીને "અંજીરનાં પાન પાછળ છુપાવવાનો" પ્રયાસ કર્યો છે, જે હાલમાં લોકસભામાં બ્રિજ ભૂષણ દ્વારા પ્રતિનિધિત્વ કરે છે.

રમેશે કહ્યું, "આજે, દિલ્હીની એક અદાલતે ભાજપના ગુંડા-સાંસદ બ્રિજ ભૂષણ શરણ સિંહ સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે, જેમના પર એક સગીર સહિત પાંચ મહિલા કુસ્તીબાજોની જાતીય સતામણીનો આરોપ છે."

રમેશે કહ્યું "યાદ રાખો, આ એ જ બ્રિજ ભૂષણ છે જેમણે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ એક્ટ (POCSO) કાયદાને હળવો કરવાની હાકલ કરી હતી. બ્રિજ ભૂષણ, જેમણે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના વડા તરીકે પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરીને મહિલાઓનું યૌન શોષણ કર્યું હતું. બ્રિજ ભૂષણ આતંકવાદ સાથે જોડાયેલા ટાડા અને હત્યાના કેસમાં પણ આરોપી છે." તેમણે તેમના પુત્ર કરણ ભૂષણ સિંહને ટિકિટ આપીને તેમને વળતર આપવા માટે ભાજપની ટીકા કરી હતી.

તેમણે ઉમેર્યું, 'નારી શક્તિ' એ ભાજપ માટે માત્ર એક સૂત્ર છે."તેમને જવાબદાર ઠેરવવાને બદલે, ભાજપે બ્રિજ ભૂષણના પુત્રને લોકસભાની ટિકિટ આપીને બદલો આપ્યો છે. તેઓએ અંજીરનાં પાન પાછળ છુપાવવાનો પ્રયાસ કર્યો છે અને કહ્યું છે કે ટિકિટ તેમના પુત્ર માટે છે, પરંતુ બ્રિજ ભૂષણ સહિત દરેક જણ જાણે છે કે ટિકિટ તેમના પોતાના(બ્રિજભૂષણ) માટે છે. મોદી-શાહ અને સમગ્ર ભાજપ તેમને સંપૂર્ણ સમર્થન આપે છે તેનો આ નક્કર પુરાવો છે."

"હાથરસ, કઠુઆ અને અંકિતા ભંડારીના કેસને ઢાંકવાથી લઈને પ્રજ્વલ રેવન્ના, કુલદીપ સેંગર, રામદુલાલ ગૌર અને હવે બ્રિજ ભૂષણ સિંહને આશ્રય આપવા સુધી, તે સ્પષ્ટ છે કે ભાજપ બળાત્કારીઓની પસંદગીનો પક્ષ છે."

કોંગ્રેસ નેતાએ કહ્યું, "'મોદી કા પરિવાર'માં, 'નારી શક્તિ' માત્ર એક સૂત્ર છે, જ્યારે 'પરિવાર'ના સભ્યો જાતીય હિંસાના ગુનેગારોને આશ્રય આપે છે. "અમારી મહિલા કુસ્તીબાજો ન્યાયને પાત્ર છે," તેમણે ઉમેર્યું.



રમેશે કહ્યું, "જો વડાપ્રધાન પાસે નારી શક્તિમાં વિશ્વાસના ઢોંગ ના નામે પણ મર્યાદાનો છાંટો પણ હોય, તો તેઓ તરત જ બ્રિજ ભૂષણની નિંદા કરે , અને આ કેસનો ચુકાદો ન આવે ત્યાં સુધી તેમને ભાજપમાંથી સસ્પેન્ડ કરે ."

ભારતીય રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ના ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહ, જેમણે મહિલા કુસ્તીબાજો દ્વારા જાતીય સતામણીના આરોપો પર તેમની સામેના ઉગ્ર વિરોધ વચ્ચે હોદ્દા પરથી રાજીનામુ આપ્યું હતું, તેમને ભાજપે આ વખતે કૈસરગંજ લોકસભા બેઠક માટે ઉમેદવારી આપી ન હતી અને ટિકિટ તેમના પુત્ર કરણને આપવામાં આવી હતી.

તેમનો બીજો પુત્ર પ્રતીક ભૂષણ સિંહ ઉત્તર પ્રદેશ વિધાનસભામાં ગોંડાનું પ્રતિનિધિત્વ કરે છે. બ્રિજ ભૂષણ સિંહ પર છ મહિલા કુસ્તીબાજો દ્વારા જાતીય સતામણીનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ઓલિમ્પિક મેડલ વિજેતા બજરંગ પુનિયા અને સાક્ષી મલિક અને વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા વિનેશ ફોગાટ સહિત અનેક ટોચના ખેલાડીઓએ (WFI) પ્રમુખ પદેથી તેમને હટાવવાની માંગણી સાથે દિલ્હીના જંતર-મંતર ખાતે ધરણા કર્યા હતા.

દિલ્હીની એક અદાલતે છ મહિલા કુસ્તીબાજો દ્વારા દાખલ કરાયેલા કેસમાં સિંહ, ભાજપના સાંસદ વિરૂદ્ધ જાતીય સતામણી અને અન્ય આરોપો ઘડવા આદેશ આપ્યો હતો, અને નિરીક્ષણ કર્યું હતું કે તેમની સામે "પૂરતા પુરાવા" છે.

એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ (ACMM) પ્રિયંકા રાજપૂતે છ વખતના લોકસભાના સાંસદ સામે IPC કલમ ૩૫૪ (તેની મર્યાદાનો ભંગ કરવાના ઈરાદા સાથે મહિલા પર હુમલો અથવા ફોજદારી બળ), ૩૫૪છ (જાતીય સતામણી) અને ૫૦૬ (ગુનાહિત ધાકધમકી) હેઠળ આરોપો ઘડવાનો નિર્દેશ આપ્યો હતો.

# મહારાષ્ટ્ર લોકસભા ચૂંટણી : EDના કેસમાં જેલમાં જવાથી બચવા માટે UBT છોડીને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં જોડાયા હતા : રવિન્દ્ર વાઈકર

(એજન્સી) મુંબઈ, તા.૧૧

લોકસભા મતવિસ્તાર મુંબઈ ઉત્તર-પશ્ચિમમાં શિવસેનાના ઉમેદવાર રવિન્દ્ર વાઈકરે કહ્યું છે કે, તેઓ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા જેલમાં જવાથી બચવા માટે જ શિવસેના (UBT)માંથી પક્ષપલટો કર્યો છે. કેન્દ્રીય એજન્સીએ જોગેશ્વરીમાં સિવિક પ્લોટ પર ફાઈવ સ્ટાર હોટલના નિર્માણના સંબંધમાં તેમની સામે પીએમએલએ કેસ નોંધ્યો હતો.

શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરે પ્રત્યેની તેમની વફાદારી માટે જાણીતા વાયકરે એક મરાઠી દૈનિકને આપેલી મુલાકાતમાં સ્વીકાર્યું હતું કે તેમની પાસે મુખ્યપ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં જોડાવા સિવાય કોઈ વિકલ્પ નથી. શિવસેના (UBT) માટે વાયકરનું મહત્વ એ હકીકત પરથી લગાવી શકાય છે કે ઉદ્ધવ તેમના એપાર્ટમેન્ટમાં ગયા હતા અને તેમને પાર્ટી ન છોડવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વાયકર EDથી એટલા ડરી ગયા હતા કે તેમણે ઉદ્ધવને છોડી દેવાનું અને શિંદે સાથે જવાનું નક્કી કર્યું હતું, જેમણે તેમને કેસમાંથી બહાર કાઢવાનું વચન આપ્યું હતું.

વાઈકરે સમાચાર પત્રોને કહ્યું કે તેમનો ઈન્ટરવ્યુ "ટ્વિસ્ટેડ" છે. તેમણે કહ્યું કે શિવસેના (UBT) છોડતા પહેલા તેમણે ઉદ્ધવ સાથે ત્રણ બેઠકો કરી હતી જેમાં તેમણે તેમને ED તરફથી જે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો તેમાંથી તેમને જામીન આપવા કહ્યું હતું. પરંતુ તેમણે અસમર્થતા દર્શાવતા તેઓ શિંદે પાસે ગયા જેમણે તેમને આ કેસથી બચાવી લેવાનું વચન આપ્યું. વાઈકરે જેલવાસનું જોખમ લેવાને બદલે ભાજપ સાથે જોડાણ ધરાવતી શિવસેનામાં જોડાવાનું પસંદ કર્યું હતું.

વાયકરનો મુકાબલો શિવસેના (UBT)ના અમોલ કીર્તિકર સામે છે. ભાજપના વિધાનસભ્ય અમિત સાટમે આક્ષેપ કર્યો હતો કે કીર્તિકાર શારીરિક રીતે શિંદે સાથે છે, પરંતુ તેમનો આત્મા ઉદ્ધવ સાથે છે. અને તેઓ માને છે કે તેમના પક્ષના નેતૃત્વએ શિવસેનાને આ બેઠક આપીને ભૂલ કરી છે.

### પક્ષના પ્રદેશ પ્રમુખને રાદડિયા સામે પગલાં લેવાની માગણી કરી

# ઈફ્કો ચૂંટણી : ભાજપના મેન્ડેટની અવગણનાને મુદ્દો બનાવી ભાજપના જ નેતા આમને-સામને

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૧

ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ ભાજપના જ ધારાસભ્યે સહકારી ક્ષેત્રે ચૂંટણી લડી જીત મેળવતા પાર્ટીના મેન્ડેટની અવગણનાનો મુદ્દો ઉઠાવી સવાલો ઊભા કરવામાં આવી રહ્યા છે. આ મામલે ભાજપના જ નેતાઓ સામ-સામે આવી ગયા છે. ઈફકોના ડિરેક્ટરની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટના વિરોધમાં ચૂંટણી લડેલા જેતપુરના આંતરિક જૂથવાદ ખુલ્લીને સામે આવી ગયો હતો. એક બાદ એક ભાજપના નેતા દ્વારા સામસામે નિવેદન કરવામાં આવી રહ્યા છે. આજે રાજકોટ જિલ્લા ભાજપના નેતા બાબુ નસીત દ્વારા જયેશ રાદડિયા પર પ્રહાર કરવામાં આવ્યા હતા અને જયેશ રાદડિયાને મત આપનાર સભ્યો સામે પણ પ્રદેશ અધ્યક્ષ પગલાં લે તેવી માગ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કોઈ પાર્ટી વિરૂદ્ધ કામ કર્યું નથી. રાજકોટ જિલ્લા બેંક અને સહકારી માળખું ખેડૂત સભાસદો પર ચાલે છે. મારા પર આક્ષેપ કરે છે તેને મારે જવાબ આપવાના ન હોય. મારે ખેડૂત સભાસદોનું હિત જોવાનું છે. સામાજિક સંસ્થાના આગેવાનની દખલગીરી અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, કોઈ સામાજિક સંસ્થાઓએ સહકારી ક્ષેત્રમાં ન આવવું જોઈએ.

## મેં પાર્ટી વિરૂદ્ધ કામ કર્યું નથી, સામાજિક સંસ્થાઓ રાજનીતિમાં ન આવે : રાદડિયા

ધારાસભ્ય જયેશ રાદડિયા વિજેતા બનતા છેલ્લા બે દિવસથી સહકારી ક્ષેત્રનું રાજકારણ ગરમાયુ છે. રાજકોટ જિલ્લા ભાજપના આગેવાન બાબુ નસીતે જયેશ રાદડિયા પર પ્રહાર કર્યા હતા. તેણે જયેશ રાદડિયા સહિત તેમને મત આપનાર સભ્યો સામે પણ પ્રદેશ અધ્યક્ષ પગલાં લે તેવી માંગ કરી હતી. સાથે જ સામાજિક સંસ્થાના એક આગેવાને પણ જયેશ રાદડિયા વિરૂદ્ધ મતદાન કરવા મતદારોને અપીલ કરી હોવાની ચર્ચા ચાલી રહી છે. જો કે, આ મામલે જયેશ રાદડિયાએ જણાવ્યું હતું કે, મેં પાર્ટી વિરૂદ્ધ કોઈ કામ કર્યું નથી. સામાજિક સંસ્થાઓએ સહકારી ક્ષેત્રના રાજકારણમાં વચ્ચે ન આવવું જોઈએ. દેશની ટોચની સહકારી સંસ્થા ઈફકોમાં ડિરેક્ટરની ચૂંટણીમાં ભાજપ દ્વારા અમદાવાદનાં બિપીન પટેલને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. જેની સામે ધારાસભ્ય જયેશ રાદડિયાએ ચૂંટણી લડી હતી અને ૧૧૪ મત મેળવી જીત મેળવી હતી. આ પછી તુરંત જ ભાજપનો કે, રાજકોટ લોધિકા સંઘમાં મેન્ડેટ હોવા છતાં મારા વિરૂદ્ધ પગલાં લેવામાં આવ્યા હતા. આજે પણ સહકારી ક્ષેત્રમાં ભાજપ-કોંગ્રેસનું ઈલું ઈલું ચાલી રહ્યું છે. ડૉ. ડાયાભાઈ પટેલ અને મહમદ પીરજાદા બંને રાજકોટ ડિસ્ટ્રીક્ટ બેંકના સભ્યો છે. આ બંને સભ્યો કોંગ્રેસના છે અને ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ મતદાન કર્યું હતું. અમારી સામે જેવી રીતે પગલાં લેવાયા તેવી જ રીતે જયેશ રાદડિયા સામે પાર્ટીએ પગલાં લેવા જોઈએ. સહકારી સંસ્થાઓમાં કોંગ્રેસમાંથી આવેલા ભાજપના નેતાઓ ભ્રષ્ટાચાર કરે જ છે. ભાજપ વિરૂદ્ધ જઈ કામ કરે છે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ છે. જયેશ રાદડિયાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ઈફકોની ચૂંટણીમાં ભાજપે મેન્ડેટ આપ્યું તે પહેલા મેં ઉમેદવારી નોંધાવી હતી. મને ખબર પણ નહોતી કે ભાજપે મેન્ડેટ આપ્યું છે. લોકસભા ચૂંટણીમાં મારી વિધાનસભા વિસ્તારમાં મેં પાર્ટી માટે જ કામ કર્યું. મેં રાજકારણમાં સામાજિક સંસ્થાઓએ ન ઝંપલાવવુ જોઈએ. સામાજિક સંસ્થાઓના વડાને કહેવા માગું છું કે, સમાજમાં રાજકારણ કરવાને બદલે જો રાજકારણ કરવું જ હોય તો રાજનીતિમાં આવી જવું જોઈએ. આ સાથે ઈફકોની ચૂંટણીમાં મતદારોને જયેશ રાદડિયા વિરૂદ્ધ મતદાન કરવા પાટીદાર સમાજની એક સંસ્થાના આગેવાન દ્વારા અપીલ કરવામાં આવી હોવાની ચર્ચા પણ જોરશોરથી ચાલી રહી છે. આ અંગે ખોડલધામના પૂર્વ પ્રમુખ અને રાજકોટ બિલ્ડર એસોસિએશનનાં પ્રમુખ પરેશ ગજેરાએ જણાવ્યું હતું કે, વિઠ્ઠલભાઈ પછી હવે જયેશભાઇ ખેડૂત નેતા છે તેને બધાએ સહકાર આપવો જોઈએ. ખેડૂતો માટે કામ કરી રહ્યા છે. જયેશભાઈ વિરૂદ્ધ મતદાન કરવા અપીલ સામાજિક અગ્રણીએ કરી હોવાની વાત મને મળી છે. ખરેખર આવું ન થવું જોઈએ અને જે-તે સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા તેમને સંસ્થામાંથી બરતફ કરવા જોઈએ.

### ગરીબી અને મુશ્કેલીઓનો સામનો કરી પરિણામમાં આગવું સ્થાન મેળવ્યું

# ધોરણ ૧૦ના પરિણામમાં ગરીબ વિદ્યાર્થીઓ ઝળક્યા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૧

ધોરણ ૧૦નું પરિણામ શનિવારે જાહેર કરવામાં આવ્યું ત્યારે પરિણામ ઓલટાઈમ હાઈ રહેતા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે ગરીબી તેમજ મુશ્કેલીઓ સામે ઊભા રહી કેટલાક વિદ્યાર્થીઓએ બાજી મારી છે. વડોદરામાં છેલ્લાં ૨૫ વર્ષથી રહેતા અને પાણીપૂરીની લારી ચલાવતા પ્રકાશ કુશવાહાની દીકરી વિજ્ઞાન પ્રવાહમાં બી ગ્રુપમાં અભ્યાસ કરી ડોક્ટર બનવાની ભાવના વ્યક્ત કરી છે. ચંદ્રમોલીના માતા જયશ્રીબેને જણાવ્યું હતું કે ગત વર્ષે બોર્ડની શરૂઆત થઈ ત્યારે મારા પતિનું હાર્ટ-એટેકના કારણે મોત થયું હતું. આ સમયે પરિવારની સ્થિતિ થોડી માનસિક રીતે ભાંગી પડી હતી, પરંતુ બાળકોના ભવિષ્ય માટે વિચાર કરી જે થયું એ સ્વીકારવું પડશે એવી સમજણ આપી છે કે નીટની પરીક્ષા પાસ કરીને એમબીબીએસમાં અભ્યાસ કરવો છે. ત્યારબાદ મારે ફોરેન્સિક લાઈનમાં જવું છે. રાજકોટના કુકડિયા પ્રશીલે ધોરણ ૧૦માં ૯૯.૯૯ પીઆર મેળવ્યા છે. મારા પિતાનું નામ પિતા એસી રિપેરિંગનું કામ કરે છે અને માતાને બન્ને કિડની ફેઈલ છે. ડાયાલિસિસ સાત વર્ષથી કરાવવામાં આવે છે. પ્રશીલને ક્યારેક

## પરીક્ષા પહેલાં પિતાનું હાર્ટ એટેકથી મોત, પુત્રને ૯૯.૬૪ પીઆર રિક્ષાચાલક પિતાના પુત્ર પઠાણ રિઝવાને ૯૯.૫૮ પીઆર મેળવ્યા

પૂનમે અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૧૦માં ૯૯.૭૨ પીઆર મેળવી શાળામાં આગવું સ્થાન મેળવ્યું છે. તેણીએ આગળ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરી ડૉક્ટર બનવાનું સપનું સેવ્યું છે. કુશવાહા પૂનમે જણાવ્યું હતું કે, જો માતા-પિતા અને શિક્ષકોનો સપોર્ટ ન હોત તો આટલે સુધી હું પહોંચી ન શકી હોત. આગળ હું બાયોલોજીનો અભ્યાસ કરીને ડોક્ટર બનવા માગું છું. પિતા પ્રકાશભાઈ કુશવાહાએ જણાવ્યું હતું કે મારી પાણીપૂરીની લારી છે અને છેલ્લાં ૨૫ વર્ષથી ચાલવું છું. મારી દીકરીને ભણાવવા હું મહેનત કરું છું. જે કઈ પૈસા બચે છે એનાથી હું મારા બાળકોના અભ્યાસ પાછળ ખર્ચ કરું છું. મારી દીકરી મેડિકલ લાઈનમાં અભ્યાસ કરવા માગે છે અને હું કરાવીશ. રાજકોટના ચંદ્રમોલી વડોદરિયા નામના વિદ્યાર્થીના ધોરણ ૧૦માં ૯૯.૬૪ PR આવ્યા છે. ગત વર્ષે બોર્ડની શરૂઆતના સમયમાં જ ચંદ્રમોલીના પિતાનું હાર્ટ-એટેકના કારણે અવસાન થયું હતું. તેઓ ખેતીકામ કરતા હતા. ચંદ્રમોલી શરૂઆતથી જ ખૂબ મહેનત કરતો હતો અને રોજ શાળાએ જે અભ્યાસ કરાવે એનું ઘરે પથી ૬ કલાક વાંચન કરતો હતો. આજે ખૂબ સારું પરિણામ હાંસલ કર્યું છે. આગળ મેં મારાં બાળકોને માતા અને પિતા બન્નેનો પ્રેમ આપ્યો છે. પિતા વગર જીવન જીવવું થોડું અઘરું છે, પણ આજે મારા દીકરાનું જે પરિણામ આવ્યું એ સાંભળી ખૂબ જ ખુશી થઈ રહી છે. આગળ જે ભણવું હશે એ હું તેને ભણાવીશ. વડોદરાની હેત્વી ભટ્ટે ધોરણ ૧૦ અંગ્રેજી માધ્યમમાં નારાયણ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો. મારા ઘરની સ્થિતિની વાત કરીએ તો ડિસેમ્બરમાં માતાને બ્રેસ્ટ કેન્સર હોવાનું જાણવા મળ્યું હતું આ અંગે હેત્વીએ જણાવ્યું કે, તે સમયે હું ખૂબ જ ડિપ્રેશનમાં જતી રહી હતી કે હવે હું શું કરીશ. કારણ કે, મારું અને મમ્મીનું એક એવું રિલેશન છે કે, હું તેમને પૂછ્યા વગર એક કામ પણ નથી કરતી. ત્યારે મને એક વિચાર આવ્યો હતો કે, જો હું ધોરણ ૧૦માં સારી મહેનત કરી સારા ટકા મેળવીશ તો મારી મમ્મીની અડધી રિકવરી તો મારા ટકાના કારણે જ થઈ જશે. મેં મનમાં નક્કી કરી લીધું હતું કે, ધોરણ ૧૦માં A1 ગ્રેડ જ લાવવો છે. મને પ્રાર્થના અને એક પુરુષાર્થ કરવાથી ખૂબ સારી સફળતા મળી છે. આજે આ જ મહેનત અને હિંમતને લઈ આજે ૯૮.૩૬ પીઆર આવ્યા છે અને છ૧ ગ્રેડ આવ્યો છે. હવે મારો એ જ ગોલ ઘરકામ પણ કરવું પડે અને દવાખાને પણ લઈ જતો હતો. શરૂઆતથી જ ખૂબ મહેનત કરતો હતો અને રોજ સ્કૂલે જે અભ્યાસ કરાવે તેનું ઘરે પથી ૬ કલાક વાંચન કરી રિવિઝન કરતો હતો ત્યારે આજે ખૂબ સારું પરિણામ હાંસલ કર્યું છે. રાજકોટના કુકડિયા મહેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, દીકરીના સપોર્ટથી આજે મારા દીકરાનું પરિણામ આવ્યું છે. હું આગળ એને વિજ્ઞાન પ્રવાહમાં ભણાવવા ઈચ્છું છું. એ આગળ UPSC જેવી પરીક્ષા પાસ કરે એવું મારું સ્વપનું છે. ગોંડલના પઠાણ રિઝવાને ૯૯.૯૮ પીઆર મેળવ્યા છે. તેના એક રિક્ષાચાલક પિતાના પુત્રએ સફળતાનું શિખર સર કર્યું છે. પઠાણ રીઝવાનએ એક મધ્યમ પરિવારનો પુત્ર છે. તેના પિતા રિક્ષા ચલાવે છે તેમનાં માતા પણ સાફ-સફાઈનું કામ કરી ઘરનું ગુજરાન ચલાવે છે. પઠાણ રીઝવાને ધોરણ ૧૦માં નિયમિત ૯થી ૧૦ કલાકની તનતોડ મહેનત કરી હતી. ત્યારે રિક્ષા ચલાવતા પિતાના પુત્રએ આજે આવું ઉત્તમ પરિણામ મેળવી તેમણે પોતાના પિતાના સ્વપ્નને સાચા અર્થમાં સાર્થક કરી બતાવ્યું છે. ધો.૧૦નું પરિણામ આવતા વિદ્યાર્થીઓમાં આનંદ છવાઈ ગયો છે.

### ધૂળેટીની રાત્રે થયેલી હત્યાનો ક્રૂર રીતે લેવાયો બદલો

# વંથલીના રવની ગામની સીમમાં ખેલાયો ખૂની ખેલ : પિતા-પુત્રની ગોળી મારી કરપીણ હત્યા

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ,તા.૧૧

વંથલી તાલુકાના રવની ગામની સીમમાં ડબલ મર્ડરની ઘટના બનતા ભારે ચકચાર મચી ગઈ છે. આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ અગાઉના મનદુઃખ અને જુની અદાવતના કારણે પિતા-પુત્રની ગોળી મારી કરપીણ હત્યા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પોલીસ સૂત્રોએ આપેલી માહિતી મુજબ વંથલીથી ૧૦ કિ.મી. દુર રવની ગામની સીમમાં બનેલ ઘટનામાં રવનીના રહીશ રફીકભાઈ આમદભાઈ સાંધ અને તેના પુત્ર જિહાન રફીકભાઈ સાંધની ૬થી ૭ શખ્સોએ બંદુકની ગોળી મારી કરપીણ હત્યા કરી નાખી હતી. આ ઘટના ક્રમમાં જુની અદાવત કારણભૂત હોવાનું જાણવા મળે છે. જેમાં અગાઉ તા.૮-૩-૨૦૨૩ના રોજ રવની ગામ ખાતે નામચીન શખ્સની હત્યા થઈ હતી. જેમાં આ હત્યાના

## પિતાની બંને આંખમાં અને પુત્રને સાથળમાં ગોળી મારી !

બનાવમાં મરણજનારે બાતમી આપી હોવાનો શક અને ખાર રાખી ૬થી ૭ જેટલા શખ્સોએ ગત રાત્રીના ૯:૩૦ કલાકે બંદૂક તેમજ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો. આ બનાવને નજરે જોનાર સાક્ષીના જણાવ્યા મુજબ તેની નજર સામે જ આ સમગ્ર ઘટના બની હતી. અને ફાયરીંગ થતા સાક્ષી નાસી છુટયો હતો. પોલીસના જણાવ્યા મુજબ આ બનાવમાં કુહાડી, ધારીયા અને અગ્નિશસ્ત્ર સહિતના હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બનાવની જાણ થતા વંથલી પોલીસ તેમજ ડીવાયએસપી બી.સી. ઠક્કર ઘટના સ્થળે દોડી ગયા હતા અને બંને લાશનો કબજો મેળવી જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવામાં આવેલ. આ બનાવ અંગે ડીવાયએસપી બી.સી. ઠક્કરે માહિતી આપતા જણાવેલ કે આ બનાવમાં હુસેનભાઈ ઉમરભાઈ સાંધ (ઉ.વ.૬૦) રહે. રવનીવાળાએ આરોપીઓ (૧) રહીમ ઉર્ફે ખુરી ઈશાભાઈ સાંધ, રહે. ઝાંપોદડ (૨) જુમાભાઈ હબીબભાઈ સાંધ રહે. રવની, (૩) હનીફ ઈસ્માઈલભાઈ સાંધ રહે. રવની (૪) અબ્દુલ ઉર્ફે અબ્લો ઈબ્રાહીમ સાંધ રહે. રવની, (૫) ઈસ્માઈલ ઈબ્રાહીમ સાંધ રહે. રવની (૬) પોલાભાઈ યુસુફભાઈ સાંધ રહે. ઝાંપોદડ (૭) હુસેન અલારખા સાંધ રહે. રવનીવાળા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોનોંધી તપાસ હાથ ધરી છે. તમામ આરોપીઓ ફરાર થઈ ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા છે. આમ વંથલી પંથકમાં જુની અદાવત અને મનદુઃખના કારણે ડબલ મર્ડરનો બનાવ બનતા ભારે ખળભળાટ મચી ગયો છે.

# ધોરણ-૧૦નું ઓલટાઈમ હાઈ ૮૨.૫૬ ટકા પરિણામ-ગત વર્ષ કરતા ૧૭.૯૪ ટકા વધુ

### એકંદરે ૭૫.૪૫ ટકા પરિણામ-સૌથી વધુ પરિણામ ગાંધીનગર જિલ્લાનું ૮૭.૨૨ ટકા



(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું નિયમિત વિદ્યાર્થીઓનું ઓલટાઈમ હાઈ ૮૨.૫૬ ટકા પરિણામ આવ્યું છે. ગતવર્ષની સરખામણીમાં પણ આ વખતે પરિણામમાં ૧૭.૯૪ ટકાનો વધારો જોવા મળ્યો છે. ધોરણ-૧૦નું એકંદરે પરિણામ જોઈએ તો, ૭૫.૪૫ ટકા જેટલું રહેવા પામ્યું છે. સૌથી વધુ પરિણામ ગાંધીનગર જિલ્લાનું ૮૭.૨૨ ટકા અને સૌથી ઓછું પરિણામ પોરબંદર જિલ્લાનું ૭૪.૫૭ ટકા આવ્યું છે. આ વખતે A-1 ગ્રેડમાં ૨૩૨૪૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું

## A-1 ગ્રેડમાં પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩,૨૪૭-વિદ્યાર્થિનીઓનું પરિણામ ૭.૫૭ ટકા વધુ આવ્યું

પરિણામ જાહેર કરાયું છે. જેમાં નિયમિત વિદ્યાર્થીઓનું ૮૨.૫૬ ટકા પરિણામ આવ્યું છે. ધોરણ-૧૦ની પરીક્ષામાં આ વખતે ૭૦૬૩૭૦ નિયમિત વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૬,૯૯,૫૯૮ નિયમિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તે પૈકી ૫,૭૭,૫૫૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ ઉપરાંત ૧,૬૫,૯૮૪ રિપીટર વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જે પૈકી પરીક્ષામાં ૧,૬૦,૪૫૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પૈકી ૭૮,૭૧૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આમ રિપીટર વિદ્યાર્થીઓનું ૪૯.૦૬ ટકા પરિણામ આવ્યું છે. ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલમાંથી ૧૭,૩૭૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને તે પૈકી પરીક્ષામાં ૧૬,૨૬૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પૈકી ૪૯૮૧ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આમ ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલનું ૩૦.૬૩ ટકા પરિણામ આવ્યું છે. એકંદરે પરિણામની વાત કરીએ તો ૮,૮૯,૭૩૨ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. જે પૈકી ૮,૭૬,૩૧૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૬,૬૧,૨૫૨ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આમ ધોરણ-૧૦નું એકંદરે પરિણામ ૭૫.૪૫ ટકા જાહેર કરાયું છે. ધોરણ-૧૦માં સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર અમદાવાદ ગ્રામ્યનું દાલોદ અને ભાવનગર જિલ્લાનું તાલગાજરડા છે, આ બંને કેન્દ્રનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર ભાવનગર જિલ્લાનું છે. જ્યાંનું ૪૧.૧૩ ટકા પરિણામ આવ્યું છે. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી સ્કૂલોની સંખ્યા ગતવર્ષે ૨૭૨ હતી, જે આ વખતે વધીને ૨૩૮૯ જેટલી થઈ ગઈ છે. ધોરણ-૧૦માં નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૭૯.૧૨ ટકા આવ્યું છે. જ્યારે વિદ્યાર્થીનીઓનું પરિણામ ૮૬.૬૯ ટકા આવ્યું છે. આમ વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા ૭.૫૭ ટકા વધુ આવ્યું છે. ગુજરાતી માધ્યમનું પરિણામ ૮૧.૧૭ ટકા, અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૨.૫૨ ટકા અને હિન્દી માધ્યમનું પરિણામ ૭૫.૯૦ ટકા આવ્યું છે.

# બેઝિક ગણિતમાં ૧ લાખ, વિજ્ઞાનમાં ૮૧ હજાર વિદ્યાર્થી નાપાસ

### સામાજિક વિજ્ઞાનમાં ૫૭ હજાર અને ગુજરાતીમાં ૪૬ હજાર વિદ્યાર્થીઓ નાપાસ થયા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૧

ધોરણ-૧૦માં સરળ ગણાતા બેઝિક મેથ્સમાં સૌથી વધુ ૧ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે અઘરા ગણાતા સ્ટાન્ડર્ડ ગણિતમાં માત્ર ૩૮૮ વિદ્યાર્થીઓ જ નાપાસ થયા છે. ગણિત ઉપરાંત સૌથી વધુ બીજા ક્રમે વિજ્ઞાનમાં ૮૧ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ધોરણ-૧૦માં આ વખતે ખૂબ જ ઊંચુ પરિણામ આવ્યું છે. જો કે, પરિણામ વધુ આવ્યું હોવા છતાં ગણિત વિષય વિદ્યાર્થીઓ માટે અઘરૂ રહેવા પામ્યું છે. ધોરણ-૧૦માં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક દાખલ કરવામાં આવ્યું હતું. જેમાં ગણિત બેઝિક એટલે સરળ ગણિત અને સ્ટાન્ડર્ડ ગણિત એટલે અઘરૂ ગણિત ગણાય છે. ગણિત વિષય વિદ્યાર્થીઓને અઘરૂ લાગતું હોવાથી સ્ટાન્ડર્ડ ગણિતમાં ઓછા વિદ્યાર્થીઓ નોંધાતા હોય છે. આ વખતે પણ ગણિત સ્ટાન્ડર્ડમાં માત્ર ૭૦ હજાર અને બેઝિક ગણિતમાં ૬.૨૯ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ધોરણ-૧૦ના પરિણામમાં ગણિત બેઝિકમાં ૬,૨૯,૧૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૫,૨૪,૬૭૧ વિદ્યાર્થીઓ પાસ થયા અને ૧,૦૪,૪૫૭ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ ગણિત બેઝિકનું પરિણામ ૮૩.૪૦ ટકા આવ્યું છે. આમ ગણિત બેઝિકમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે અઘરા ગણાતા ગણિત સ્ટાન્ડર્ડમાં ૭૦,૦૬૬ વિદ્યાર્થીઓ પૈકી ૬૯,૬૭૮ વિદ્યાર્થી પાસ થયા છે અને ૩૮૮ વિદ્યાર્થીઓ જ નાપાસ થયા છે. બીજા ક્રમે વિજ્ઞાન વિષયમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. વિજ્ઞાનમાં ૬,૯૯,૫૯૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૬,૧૮,૨૧૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ૮૧,૩૮૩ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ વિજ્ઞાનનું પરિણામ ૮૮.૩૭ ટકા આવ્યું છે. સામાજિક વિજ્ઞાન વિષયમાં પણ ૬,૯૯,૫૯૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૬,૪૨,૪૯૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે ૫૭,૧૦૨ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ સામાજિક વિજ્ઞાનનું ૯૧.૮૪ ટકા પરિણામ જાહેર કરાયું છે. ગુજરાતી પ્રથમ ભાષામાં પણ ૫,૮૩,૭૧૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ૫,૩૭,૫૪૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે ૪૬,૧૭૮ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ, ગુજરાતી પ્રથમ ભાષામાં ૯૨.૦૯ ટકા પરિણામ જાહેર કરાયું છે.

# ધોરણ-૧૦માં નાપાસ થયેલા ૧.૫૬ લાખ પૂરક પરીક્ષા માટે લાયક

### આ વખતે ૨ના બદલે ૩ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૧

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦માં ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આ વખતે પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. આ વખતે ૩ વિષયમાં ૧.૫૬ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા હોવાથી તેઓ પૂરક પરીક્ષા આપી શકશે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી એક અથવા બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની જુલાઈમાં પુરક પરીક્ષા લેવામાં આવતી હતી. પરંતુ આ વખતે ધોરણ-૧૦માં બેના બદલે ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવાનું નક્કી કરતા અનેક વિદ્યાર્થીઓને તેનો સીધો ફાયદો થશે. ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આગામી જૂન માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે.

ધોરણ-૧૦માં આ વખતે ૧ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૫૮,૪૨૪ જેટલી છે. જ્યારે ૨ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૩,૧૯૭ અને ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫,૦૮૭ જેટલી છે. આમ કુલ ૧,૫૬,૭૦૮ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે લાયક બન્યા છે. ૩ વિષયમાં પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવતા ૩૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે લાયક બન્યા છે. આગામી જૂન માસમાં લેવાનારી પરીક્ષામાં તેઓ ઉપસ્થિત રહેશે.

# ખંભાતના મિત્તલી સેવા સહકારી મંડળીના સેક્રેટરી અને સભ્યોએ ૨.૦૪ કરોડની ઉચાપત કરી

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૧

આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના મિત્તલી સેવા સહકારી મંડળીમાં ફરજ બજાવતા સેક્રેટરીએ ચેરમેન સહિત અન્ય ડિરકટરો સાથે મળીને અન્ય સભ્યોએ લોનના નાંણા અંદાજે રૂપિયા ૨,૦૪ કરોડ વસુલી લઇને તે મસમોટી રકમ બેંકમાં જમા ન કરાવીને મંડળી સહિત બેંક સાથે છેંતરપીડી આચરી હોવાનું બહાર આવ્યું છે. તેમજ ગ્રાહકો જમીન બોગસ દસ્તાવેજના આધારે બોજા મુક્ત કરાવી લેતાં હોવાનું બહાર આવતાં ગામમાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે ખંભાત રૂરલ પોલીસે સેક્રેટરી સહિત બારથી વધુ ઈસમો વિરૂદ્ધ છેતરપિંડીની કલમ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પોલીસમાં મથકેથી મળતી માહિતી મુજબ ખંભાત તાલુકાના મિત્તલી ગામમાં સેવા સહકારી મંડળી આવેલી છે આ મંડળીમાં સેક્રેટરી તરીકે ફરજ બજાવતા રમેશ બચુભાઈ વાળંદ તેમજ અન્યોએ ભેગાં મળી બેંકના ખોટા સિક્કો બનાવી ખોટા પ્રમાણપત્ર બનાવી રૂપિયા ૨,૦૪,૭૨,૯૨૭ની છેતરપિંડી આચરી હોવાનું બહાર આવવા પામ્યું છે. આ બાબતે કેડીસીસી બેંકના સિનિયર મેનેજર વિપુલભાઈ દિનેશચંદ્ર મહેતાએ જણાવ્યું હતું તાજેતરમાં જિલ્લા સબ રજીસ્ટાર ક્ચેરી દ્વારા ૧-૦૪-૨૦૨૨થી ૩૧-૦૩-૨૦૨૩ સુધીનું ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મનુબા મહાવીરસિંહ ગોહિલને તેમની જમીન ઉપર કોઈ લેણું બાકી નથી તેવો દાખલો સેવા સહકારી મંડળી દ્વારા આપવામાં આવ્યો હતો. જે હટાવવા બાબતની નોટિસ ખંભાત શાખા બેન્કમાં આવતા મંડળીમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં લોન ભરપાઈ થઈ ન હોતી તેમ છતાં પણ નો ડ્યુનો દાખલો આપવામાં આવ્યો હતો. જેથી નો ડ્યુ દાખલાની યાદી મંગાવતા ૭ જેટલા લોન ધારકોને આવા દાખલા આપવામાં આવ્યાં હતાં. જેમાં કેડીસીસી બેંકના ખોટા સહી સિક્કા પણ કરવામાં આવ્યાં હતાં. જેથી બેંક દ્વારા તપાસ કરવામાં આવતાં સેક્રેટરી રમેશ વાળંદે બાકીદારોની મુદ્દલ રૂપિયા ૬૭,૦૪,૬૯૮ અને વ્યાજના ૧,૩૨,૬૮,૨૨૯ મળીને કુલ રૂપિયા ૨,૦૪,૭૨,૯૨૭ મંડળીએ સભાસદો પાસેથી વસુલી લઈને બેંકમાં જમા કરાવ્યા નહોતા. આમ સેક્રેટરીએ બેંક તથા મંડળ પાસે છેતરપીંડી આચરી હોવાનું બહાર આવ્યું હતું.

## સેક્રેટરી મંડળીના ચેરમેન અને ડિરેક્ટરોની સાથે મળી કૌભાંડ આચર્યું હોવાનું બહાર આવ્યું હતું

આણંદ જિલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા મિત્તલી સેવા સહકારી મંડળીમાં ઓડિટ દરમિયાન ૨ કરોડ ઉપરાંત કૌભાંડ સેક્રેટરી આચર્યું હતું. જેમાં તપાસ કરતાં સેક્રેટરી મંડળીના ચેરમેન ભીખા પટેલ, વાઈસ ચેરમેન અનિરૂદ્ધસિંહ રેમુભા ગોહિલ તેમજ ડીરેક્ટરો હિંમત વિઠ્ઠલભાઈ રાઠોડ, નાગજી તળસીભાઈ જાદવ, મફત વેલાભાઈ મકવાણા, નારણ ભીમાભાઈ મકવાણા, તખતસિંહ કનુભાઈ બારડ, ભીખા વાલાભાઈ ભરવાડ અને કલા રણછોડભાઈ તેમજ બોગસ સિક્કા બનાવનાર તથા બોગસ પાવતી બનાવનારનું પણ મેળાપીપણું બહાર આવ્યું હતું. જેને લઈને ખંભાત રૂરલ પોલીસે મેનેજરની ફરિયાદના આધારે રમેશ બચુભાઈ વાળંદ મંત્રી (સેક્રેટરી) તેમજ અન્ય ૧૩થી વધુ ઈસમો વિરૂદ્ધ ઈપીકો કલમ ૪૦૮, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૫ તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ કરી છે.

# જેઓ સંસદીય લોકશાહીમાં માનતા નથી તેમની સાથે જોડાણ નહીં કરીએ : અજિત પવાર અને એકનાથ શિંદે સાથે જોડાવાની પીએમ મોદીની ટિપ્પણી પર શરદ પવાર

### પવારે દાવો કર્યો હતો કે મોદીની વિચારધારા સામે જનતાનો અભિપ્રાય ધીમે ધીમે બદલાવા લાગ્યો છે, જેના કારણે તેઓ બેચેન દેખાય છે અને તેમના નિવેદનો આ બેચેની દર્શાવે છે



પૂણે,તા.૧૧

એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવારે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કારણે સંસદીય લોકશાહી જોખમમાં છે, અને જે લોકો તેમાં વિશ્વાસ નથી કરતા તેમની સાથે તેઓ જોડાણ કરશે નહીં. પવારનું નિવેદન વડાપ્રધાને NCP (SP) અને શિવસેના (UBT)ને લોકસભા ચૂંટણીના પરિણામો પછી કોંગ્રેસ સાથે 'મર્જ કરીને મરી જવું' એના બદલે અજિત પવાર અને એકનાથ શિંદે સાથે હાથ મિલાવવાની સલાહ આપ્યા પછી આવ્યું છે.

**આજના ભારતમાં સંસદીય લોકશાહી પર શરદ પવાર**

અહીં પત્રકારો સાથે વાત કરતા પવારે કહ્યું કે તેમનો સ્પષ્ટ અભિપ્રાય છે કે પીએમ મોદીના કારણે સંસદીય લોકશાહી જોખમમાં છે. પક્ષના વડાએ કહ્યું કે,'દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને ઝારખંડના પૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકાર અને કેન્દ્રીય નેતૃત્વની ભૂમિકા વિના આ (ધરપકડ) શક્ય ન હોત. આ દર્શાવે છે કે તેઓને સરકારમાં અને લોકશાહી પ્રણાલીમાં કેટલો વિશ્વાસ છે.' તેમણે વધુમાં કહ્યું હતું કે તેઓ કોઈ એવી વ્યક્તિ, પક્ષ અથવા વિચારધારા સાથે જોડાણ કરી શકે નહીં જે સંસદીય લોકશાહીમાં માનતા નથી. પવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશમાં એકતા જાળવવા માટે તમામ ધર્મોને સામેલ કરવા અને સાથે લઈ ચાલવું જોઈએ. તેમણે કહ્યું.કે,'PM મોદીના તાજેતરના ભાષણો સમુદાયો વચ્ચે તિરાડ પેદા કરવા માટે અનુકૂળ છે, જે દેશ માટે ખતરનાક છે. જ્યાં પણ વસ્તુઓ રાષ્ટ્રના હિતમાં નથી, ત્યાં હું કે મારા સાથીદારો સાથ આપશે નહીં,'

પવારે દાવો કર્યો હતો કે મોદીની વિચારધારા સામે જનતાનો અભિપ્રાય ધીમે ધીમે બદલાવા લાગ્યો છે, જેના કારણે તેઓ બેચેન દેખાય છે અને તેમના નિવેદનો આ બેચેની દર્શાવે છે.

**મુસ્લિમોને આરક્ષણ આપો**

જ્યારે કેન્દ્રીય પ્રધાન અમિત શાહની ટિપ્પણી વિશે પૂછવામાં આવ્યું કે તેઓ મુસ્લિમોને અનામત ખતમ કરશે અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે ક્વોટા વધારશે, પવારે કહ્યું કે તેઓ આ સમુદાયો માટે ક્વોટા વધારવાની વિરૂદ્ધ નથી, પરંતુ પ્રશ્ન કર્યો. સત્તામાં રહેલી વ્યક્તિ ચોક્કસ સમુદાય સામે કેવી રીતે સ્ટેન્ડ લઈ શકે છે. તેમણે કહ્યું 'જો કોઈ વ્યક્તિ જે દેશની બાગડોર ધરાવે છે તે કોઈ ચોક્કસ સમુદાય, ધર્મ અથવા ભાષાની તરફેણ કરવાનું શરૂ કરે છે, તો દેશની એકતા જોખમમાં આવશે. આ વાત વડાપ્રધાન અથવા તેમની સરકારના અન્ય કોઈ પણ સાથીદારને લાગુ પડે છે.'રૂ તેમણે કહ્યું કે, મોડેથી, ચૂંટણી પ્રચાર દરમિયાન મોદીના ભાષણો વડાપ્રધાન પદ માટે યોગ્ય નથી, જે એક સંસ્થા છે. પીએમ મોદી દ્વારા શિવસેના (યુબીટી)ની ટીકા પર પવારે વધુમાં જણાવ્યું હતું કે પીએમ મોદીએ શિવસેના (યુબીટી)ને 'નકલી' (ડુપ્લિકેટ) કહીને કરેલી ટીકા અયોગ્ય હતી, અને લોકો સમક્ષ પોતાનું વલણ રજૂ કરતી પાર્ટી વિશે આવા નિવેદનો કરવા તે અપમાનજનક છે. તેમણે કહ્યું 'તેને 'નકલી' કહેવાનો અધિકાર કોણે આપ્યો છે? તેઓ વડાપ્રધાન છે અને તેમણે સંતુલન જાળવવું જોઈએ. તેને 'નકલી' કહેવું અયોગ્ય અને અપમાનજનક છે.' ઉત્તર મહારાષ્ટ્રના નંદુરબારમાં એક રેલી દરમિયાન, વડાપ્રધાન મોદીએ પવારનું નામ લીધા વિના કહ્યું હતું કે 'ડુપ્લિકેટ એનસીપી અને શિવસેના' ૪ જૂને ચૂંટણીના પરિણામો પછી કોંગ્રેસમાં ભળવાનું મન બનાવી લીધું છે, પરંતુ તેના બદલે અજિત પવાર અને એકનાથ શિંદે સાથે તેમણે જોડાવું જોઈએ. પીએમ મોદીની સલાહનો ઉલ્લેખ કરતા પવારે કહ્યું, 'કોઈને અમારી જરૂર છે કે કેમ તે ધ્યાનમાં લીધા વિના, અમે અમારા અંતરાત્મા મુજબ કામ કરીશું અને અમે જે વિચારધારામાં ઉછર્યા છીએ તેની વિરૂદ્ધ જઈશું નહીં.'

**ડેપ્યુટી સીએમના અજિત પર ધમકીભરી ભાષાનો ઉપયોગ કરવાનો આરોપ**

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર કથિત રીતે શિરૂર એનસીપી (એસપી) ધારાસભ્ય પ્રત્યે ધાકધમકીભરી ભાષાનો ઉપયોગ કરવા વિશે પૂછવામાં આવતા, પક્ષના વડાએ કહ્યું કે મુખ્ય પ્રધાન અને અન્ય પ્રધાન પદ ધરાવતા વ્યક્તિઓ માટે નિયમોનું એક નિશ્ચિત માળખું છે. 'મેં ટિપ્પણીઓ સાંભળી નથી, પરંતુ જો, મીડિયા અહેવાલો અનુસાર, આ પ્રકારનું નિવેદન આપવામાં આવ્યું છે, તો તે તે માળખામાં બંધ બેસતું નથી.' શિરુરમાં એક ચૂંટણી રેલીમાં, નાયબ મુખ્યમંત્રીએ એનસીપી (એસપી) ધારાસભ્ય અશોક પવારને નિશાન બનાવતા કહ્યું કે તેઓ ખાતરી કરશે કે બાદમાં આ વર્ષના અંતમાં રાજ્યની વિધાનસભાની ચૂંટણી જીતશે નહીં.

# જો આપણે આ દેશને આગળ લઈ જવો હોય તો તમામ સમુદાયોને સાથે લઈને ચાલવું પડશે : શરદ પવાર

(એજન્સી) તા, ૧૧

વરિષ્ઠ રાજકારણી શરદ પવારે ભારતના સામાજિક માળખામાં એકતા અને સર્વસમાવેશકતાના મહત્વ પર ભાર મૂકતાં નેહરૂ-ગાંધી વિચારધારા પ્રત્યેની તેમની મજબૂત નિષ્ઠાનો પુનરોચ્ચાર કર્યો છે. એક જાહેર કાર્યક્રમમાં બોલતા, પવારની ટિપ્પણીઓ વિશાળ પ્રેક્ષકોમાં પડઘો પાડે છે, ખાસ કરીને તાજેતરના રાજકીય વિકાસ અને ચર્ચાઓના પ્રકાશમાં. તેમણે જણાવ્યું કે "અમે નેહરૂ-ગાંધી વિચારધારાની પ્રશંસા કરીએ છીએ. અમે ક્યાંય જઈશું નહીં અને વિચારધારાને છોડી દઈશું નહીં," ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને દેશ માટે તેના વિઝનને લાંબા સમયથી વ્યાખ્યાયિત કરનારા સિદ્ધાંતો પ્રત્યેની તેમની દૃઢ પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. પવારના નિવેદનને વધુ મહત્ત્વ મળ્યું કારણ કે તેમણે તેમના ભાષણોમાં મુસ્લિમ સમુદાય અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટિપ્પણીઓને સંબોધિત કરી હતી. પવારે આ ટિપ્પણીઓને સ્વીકારી અને રાષ્ટ્રનિર્માણના પ્રયાસોમાં સર્વસમાવેશકતાની આવશ્યકતા પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે, "જો આપણે આ દેશને આગળ લઈ જવો છે અને એકજૂથ રહેવું છે, તો આપણે બધા સમુદાયોને સાથે લઈ જવા પડશે. અમે એક સમુદાયને બાજુ પર મૂકી શકતા નથી અને આગળ વધવા વિશે વિચારી શકતા નથી, અમે વિવિધતાને સ્વીકાર્યે છીએ અને સમાજના દરેક વર્ગની ભાગીદારી સુનિશ્ચિત કર્યે છીએ તે સામૂહિક પ્રગતિની જરૂરિયાતને પ્રકાશિત કરે છે. ચોક્કસ સમુદાય પ્રત્યેના મોદીના અભિગમની પવારની ટીકા ભારતના સામાજિક-રાજકીય લેન્ડસ્કેપમાં ધ્રુવીકરણ અને હાંસિયા પરની વ્યાપક ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે. તેમણે આવા વિભાજનકારી રેટરિક સામે વધતી જતી જાહેર લાગણીની નોંધ લીધી અને સૂચવ્યું કે મોદીની અસ્વસ્થતા આ ઉભરતા જાહેર અભિપ્રાયથી ઉદ્ભવી શકે છે. તેમણે જણાવ્યું કે, "વડાપ્રધાન મોદી વારંવાર એક ચોક્કસ સમુદાય વિરુદ્ધ વલણ અપનાવી રહ્યા છે. જાહેર અભિપ્રાય તેમની વિરુદ્ધ થઈ રહ્યો છે, અને તેથી જ તેઓ અસ્વસ્થતા અનુભવે છે અને આવા નિવેદનો કરી રહ્યા છે. તેમણે વિભાજનકારી રેટરિકના રાજકીય અસરો તરફ ધ્યાન દોર્યું.

# ભારતના ૭૬ સૈન્ય કર્મીઓ દ્વારા સંચાલિત ભારત દ્વારા ભેટમાં અપાયેલા વિમાની પ્લેટફોર્મનું નેતૃત્વ હવે હિન્દુસ્તાન એરોનોટિકલના કર્મીઓ કરશે : માલદીવ

### માલદીવ સરકારે અગાઉ કહ્યું હતું કે, દસ્તાવેજો મુજબ માલદીવમાં ૮૯ ભારતીય સૈનિકો, બે લશ્કરી હેલિકોપ્ટર અને એક ડોર્નિયર એરક્રાફ્ટનું સંચાલન કરી રહ્યાં છે

(એજન્સી) તા.૧૧

માલદીવના વિદેશ પ્રધાન મૂસા ઝમીરે શનિવારે જણાવ્યું હતું કે, ૭૬ ભારતીય સૈન્ય કર્મચારીઓની જગ્યાએ, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના કર્મચારી નાગરિકોઓને મુકવામાં આવ્યા હતા. આ કર્મચારીઓએ, ભારતે ભેટમાં આપેલા હેલિકોપ્ટરનું નિર્માણ કર્યું હતું, આમ સ્વદેશ પરત ફરેલા લોકોની ચોક્કસ સંખ્યા અંગેના સસ્પેન્સનો પણ અંત આવ્યો હતો.

માલદીવમાં હેલિકોપ્ટર માટેના બે પ્લેટફોર્મ અને મુખ્યત્વે તબીબી સ્થળાંતર માટે ઉપયોગમાં લેવાતા ડોર્નિયર એરક્રાફ્ટનું સંચાલન કરવા માટે તૈનાત ભારતીય સૈન્ય કર્મચારીઓને, નવી દિલ્હીમાં ફેબ્રુઆરીમાં બંને દેશો વચ્ચે થયેલા કરાર બાદ ૧૦ મેની સમયમર્યાદા અનુસાર શુક્રવારે પરત મોકલવામાં આવ્યા હતા.

આ કરાર ચીન તરફી પ્રમુખ મોહમ્મદ મુઇઝુની નવેમ્બરમાં પદ સંભાળ્યાના કલાકોમાં કરવામાં આવેલી માંગનું પરિણામ હતું.

શનિવારે સ્થાનિક મીડિયાના અહેવાલોમાં ઝમીરે, ભારતની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાતથી પરત ફર્યાના એક દિવસ પછી એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરીને, હનીમાધુ, કાધધૂ અને ગાનમાં તૈનાત ભારતીય સૈનિકોની હાજરીની વિગતો આપવામાં આવી હતી.

૭ માર્ચ અને ૯ માર્ચની વચ્ચે ગાનમાંથી ૨૬ જેટલા સૈનિકો, ૭ એપ્રિલથી ૯ એપ્રિલની વચ્ચે હનીમાધુમાંથી ૨૫ સૈનિકો અને મંગળવારે કાળધૂમાંથી ૧૨ સૈનિકો પાછા ખેંચાવામાં આવ્યા હતા. ઝમીરને ટાંકીને ન્યૂઝ પોર્ટલ Sun.mvએ અહેવાલ આપ્યો હતો કે, ગુરૂવારે ૧૩ સૈનિકોની અંતિમ બેચ કાધધૂમાંથી પાછી ખેંચી લીધી હતી. માલદીવની સરકારે અગાઉ કહ્યું હતું કે, દસ્તાવેજો દર્શાવે છે કે માલદીવમાં ૮૯ ભારતીય સૈનિકો બે લશ્કરી હેલિકોપ્ટર અને એક ડોર્નિયર એરક્રાફ્ટનું સંચાલન કરે છે.

ઝમીરે કહ્યું કે, તે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) કંપનીના નાગરિક કર્મચારીઓ છે જેમણે ભારતે ભેટમાં આપેલા હેલિકોપ્ટરનું નિર્માણ કર્યું છે. તેઓ ભારતીય સૈન્ય કર્મચારીઓને બદલવા માટે આવ્યા છે. Edition.mv, અન્ય ન્યૂઝ પોર્ટલ, મંત્રીએ જણાવ્યું હતું કે, સૈન્ય કર્મચારીઓ હજુ પણ માલદીવમાં હોવા છતાં સીવીલ (ખાનગી) વસ્ત્રોમાં હોવાનો આક્ષેપ કરતા ઘણા લોકો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી : ભારતીય સૈન્ય અહીં કોઈ છેતરપિંડી હેઠળ નથી ને ? જ્યારે ભારત સરકારે જણાવ્યું છે કે આ નાગરિકો છે ત્યારે અમને શંકા કરવાનું કોઈ કારણ નથી.

સંરક્ષણ પ્રધાન મોહમ્મદ ગસાન મૌમુન, જેમણે પત્રકાર પરિષદને પણ સંબોધિત કરી હતી, તેણે પુષ્ટિ કરી હતી કે, માલદીવ સરકારે ખાતરી કરી છે કે, જે લોકો ભારતીય સૈન્ય કર્મચારીઓને બદલવા માટે પહોંચ્યા હતા તેઓ હકીકતમાં, નાગરિકો હતા. એરક્રાફ્ટની કમાન્ડ અને કંટ્રોલ હવે સત્તાવાર રીતે સંરક્ષણ મંત્રાલય અને માલદીવ્સ નેશનલ ડિફેન્સ ફોર્સ (એમએનડીએફ) હેઠળ છે, ઈસનને Edition.mv દ્વારા ટાંકવામાં આવ્યું હતું.

ગત વર્ષે નવેમ્બરમાં મુઇઝુ સત્તામાં આવ્યા અને ચીન સાથે ગાઢ સંબંધો જાળવી રાખ્યા ત્યારથી ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો બગડ્યા હતા. તેમણે જાન્યુઆરીમાં ચીનનો પ્રવાસ પણ કર્યો હતો અને પ્રમુખ શી જિનપિંગ સહિત ટોચના ચીની નેતાઓને મળ્યા હતા.

જ્યારે ઝમીર ગુરૂવારે ભારતમાં હતા ત્યારે વિદેશ મંત્રી એસ. જયશંકરે તેમને જણાવ્યું કે, ભારત-માલદીવ સંબંધોનો વિકાસ પરસ્પર હિતો અને પારસ્પરિક સંવેદનશીલતા પર આધારિત છે. માલદીવના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, જયશંકર અને ઝમીરે ભાવિ સહયોગ માટે તકો ઊભી કરવા માટે ભારત-માલદીવ ભાગીદારીના તમામ પાસાઓ પર ચર્ચા કરી હતી. માલદીવ્સ હિંદ મહાસાગર પ્રદેશ (IOR)માં ભારતનો મુખ્ય દરિયાઈ પડોશી છે અને ભારત સરકારની SAGAR' (પ્રદેશમાં બધા માટે સુરક્ષા અને વૃદ્ધિ) અને નેબરહુડ ફર્સ્ટ પોલિસી' જેવી તેની પહેલોમાં વિશેષ સ્થાન ધરાવે છે.

# લોકસભા ચૂંટણી ૨૦૨૪ : ચૂંટણી પંચે ૧ જૂન સુધી એક્ઝિટ પોલ પર પ્રતિબંધ મૂક્યો

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૧

મુખ્ય ચૂંટણી અધિકારી વિકાસ રાજે ૧ જૂનના રોજ સાંજે ૬:૩૦ વાગ્યા સુધી તમામ બલ્ક એસએમએસ અને એક્ઝિટ પોલ પર પ્રતિબંધની જાહેરાત કરી છે. એ દિવસે સામાન્ય ચૂંટણીના તમામ તબક્કાઓ પૂર્ણ થશે. BRK ભવનમાં મીડિયાને સંબોધતા તેમણે સ્પષ્ટ કર્યું કે ૧૩ મેના રોજ મતદાન સમાપ્ત થાય ત્યાં સુધી બિન-સ્થાનિકોને શનિવારે ચૂંટણી પ્રચારની સમાપ્તિ પછી લોકસભા ક્ષેત્રમાં રહેવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે કંપનીઓને ચેતવણી પણ આપી હતી કે જો તેઓ મતદાનના દિવસે તેમના કર્મચારીઓને પેઇડ લીવ આપવામાં નિષ્ફળ જશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. ૧૨ અને ૧૩ મેના રોજ ઈલેક્ટ્રોનિક અને વેબ મીડિયા હાઉસમાં રાજકીય જાહેરાતોની પરવાનગી નથી તેની માહિતી આપતાં તેમણે કહ્યું કે ચૂંટણી પંચની પૂર્વ પરવાનગીથી જ અખબારોમાં જાહેરાતો પ્રકાશિત કરી શકાશે. તેમણે કહ્યું કે મતદાન ૧૩ મેના રોજ સવારે ૭ વાગ્યે શરૂ થશે અને રાજ્યભરના ૩,૫૦૯ મતદાન કેન્દ્રોમાં સાંજે ૬ વાગ્યે સમાપ્ત થશે. કેન્દ્રીય દળોની ૧૬૪ ટુકડીઓ ઉપરાંત, કુલ ૭૩,૪૧૪ નાગરિક પોલીસ કર્મચારીઓ, ૫૦૦ તેલંગાણા વિશેષ પોલીસ ટુકડીઓ અને લગભગ ૯૦,૦૦૦ અધિકારીઓ મતદાનના દિવસે તૈનાત રહેશે. ૮૭,૦૦૦થી વધુ બેલેટ યુનિટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને ૨૦,૦૦૦ અન્ય એકમો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ત્યારથી ૩૨૦ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે અને ડ્રગ્સના પરિવહનને લગતા ૨૦૦ થી વધુ કેસ નોંધાયા છે. નાગરિકો તેમની ફરિયાદો નોંધાવવા માટે C-Vigil એપ અને ૧૯૫૦ ટોલ-ફ્રી નંબરનો ઉપયોગ કરી શકે છે. તેમણે કહ્યું કે ફરિયાદો પર ૧૦૦ કલાકની અંદર કાર્યવાહી કરવામાં આવશે. ૧.૮૮ લાખ સરકારી કર્મચારીઓ પોસ્ટલ બેલેટનો લાભ લઈ રહ્યા છે, અને ૨૧,૬૯૦ લોકોએ ઘરેથી મતદાન માટે અરજી કરી છે.

# પ્રાદેશિક પક્ષો સરકાર બનાવી શકે છે, NDA અથવા ઈન્ડિયા બ્લોકનો ટેકો મેળી શકે : KCR

### કે ચંદ્રશેખર રાવની ભારત રાષ્ટ્ર સમિતિએ ૨૦૧૯માં તેલંગાણામાં ૧૭ લોકસભા બેઠકોમાંથી નવ જીતી હતી અને ૨૦૧૪માં તેની રચના થઈ ત્યારથી લગભગ એક દાયકા સુધી તે રાજ્યના મુખ્યપ્રધાન હતા

(એજન્સી) તા.૧૧

એક અદ્ભૂત દાવો કરતા ભારત રાષ્ટ્ર સમિતિના વડા અને તેલંગાણાના પૂર્વ મુખ્યપ્રધાન કે ચંદ્રશેખર રાવે કહ્યું છે કે પ્રાદેશિક પક્ષોનું જૂથ સરકાર બનાવી શકે છે અને એનડીએ અથવા ભારત ગઠબંધનને અન્ય માર્ગને બદલે તેમને ટેકો આપવો પડી શકે છે.

મીડિયા સાથેના એક વિસ્તૃત ઈન્ટરવ્યુમાં મિસ્ટર રાવ અથવા કેસીઆર જેમ કે તેઓ લોકપ્રિય છે, તેમણે એ પણ વાત કરી કે કેવી રીતે તેમની પાર્ટી ખતમ થઈ જવાથી દૂર છે અને તેલંગાણાના ૧૭ મતવિસ્તારોમાંથી બે આંકડામાં બેઠકો મેળવશે. તેમણે ભાજપની સંભાવનાઓ, રાજ્યમાં કોંગ્રેસ સરકારની "નિષ્ફળતા" અને કથિત દિલ્હી દારૂ નીતિ કૌભાંડમાં તેમની પુત્રી કે કવિતાની ધરપકડ વિશેના પ્રશ્નોના જવાબો પણ આપ્યા.

વર્તમાન સાંસદ અને લોકસભા ચૂંટણીના ઉમેદવારો પૈકીના એક નામા નાગેશ્વર રાવની રેલીને સંબોધતા BRS વડાએ કહ્યું હતું કે નાગેશ્વર રાવ કેન્દ્રીય મંત્રી બની શકે છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ એનડીએ કે ઈન્ડિયા બ્લોકને સમર્થન કરશે, તો કેસીઆરે કહ્યું, "હું તમને એક આશ્ચર્યજનક વાત કહીશ જે કદાચ તમે માનશો નહીં. આ વખતે દેશમાં કંઈક નવું થવા જઈ રહ્યું છે. પ્રાદેશિક પક્ષો હવે એક શક્તિ તરીકે ઉભરી આવશે. હવે પ્રાદેશિક પક્ષો એનડીએ કે ઈન્ડિયા બ્લોકનું સમર્થન નહીં કરે પરંતુ આનાથી ઊલટું આ ગઠબંધનોએ પ્રાદેશિક પક્ષોનું સમર્થન કરવું પડી શકે છે. હવે તમને ઉલટો પ્રવાહ જોવા મળશે.

"મિસ્ટર રાવની પાર્ટીએ ૨૦૧૯માં તેલંગાણાની ૧૭ લોકસભા બેઠકોમાંથી નવ બેઠકો જીતી હતી અને ૨૦૧૪માં તેની રચના થઈ ત્યારથી લગભગ એક દાયકા સુધી તેઓ રાજ્યના મુખ્યમંત્રી હતા. પરંતુ, ગયા વર્ષે વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની મોટી જીત બાદથી કોંગ્રેસે રાજ્યની ૧૧૯ બેઠકોમાંથી ૬૪ બેઠકો જીતી, પોતાના દમ પર બહુમતી હાંસલ કરી બીઆરએસનો પ્રભાવ ખતમ થઈ રહ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે, ઘણા નેતાઓ પક્ષ છોડી જઈ રહ્યાં હોવાથી આ માન્યતા મજબૂત બની છે.

આના મુદ્દે થોડો વિરામ લઈને મિસ્ટર રાવે કહ્યું કે કોંગ્રેસે સત્તામાં હોવાના છ મહિનામાં આપેલા વચનો પૂરા કર્યા નથી અને લોકો રેવંત રેડ્ડી સરકારથી નારાજ છે.

"તેમણે એક માત્ર વચન પાળ્યું છે અને તે છે મહિલા માટે મફત બસ ટિકિટ છે. જો કે તે પણ એક મોટી મજાક બની ગઈ છે. મહિલાઓ બસોમાં લડી રહી છે અને ઓટો ડ્રાઈવરો રસ્તા પર (વિરોધ) કરી રહ્યા છે. આ જ કારણ છે કે લોકો ખૂબ ગુસ્સે છે. મારા શાસન દરમિયાન ખૂબ જ આત્મવિશ્વાસ મેળવનાર ખેડૂત સમુદાય પણ ખૂબ નારાજ છે અને મને લાગે છે કે તેની અસર લોકસભાની ચૂંટણીમાં જોવા મળશે," તેમણે ઉમેર્યું હતું કે, તેમની પાર્ટીને બે આંકડામાં બેઠકો મળશે. કદાચ ૧૨ બેઠક સુધી.

શું તેઓ માનતા હતા કે લોકોએ તેમની સરકારને હરાવી કારણ કે તેઓ તેમનાથી નારાજ હતા અને 'તમને મળવું ખૂબ જ મુશ્કેલ છે'



એવું કહેનારા લોકોની વાતને તેમણે માણી લીધી ? રાવે નકારાત્મક જવાબ આપ્યો અને કહ્યું કે લોકોને તેમની સરકાર હેઠળ વીજળી, પીવાનું પાણી અને સિંચાઈ માટે પાણીનો સ્થિર પુરવઠો મળ્યો છે. અને કોંગ્રેસના વચનો દ્વારા "પ્રલોભન" કરવામાં આવ્યું હતું.

"તેઓએ ખૂબ જ આકર્ષક વચનો આપ્યા હતા. કોંગ્રેસ અને BRS વચ્ચે (વોટ શેર) માર્જિન ૧.૮% હતું. અમે રાજ્ય વિધાનસભાની લગભગ એક તૃતીયાંશ બેઠકો જીતી છે, જે નાની વાત નથી. તે કોઈ હાર ન હતી. તે એક નાની વાત હતી જ્યાં લોકો લાલચમાં આવ્યા હતા અને કારણ કે તેઓ માનતા હતા કે કોંગ્રેસ કેસીઆર કરતા વધુ સક્ષમ વહીવટ કરી શકે છે... હવે દરેકને ખબર પડી ગઈ છે કે કોંગ્રેસ સક્ષમ વહીવટ કરવામાં નિષ્ફળ રહી છે અને તેમને છેતર્યા છે.

**રાજકારણમાં 'સૂર્યમુખી'**

લોકસભા ચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસના ઘણા ઉમેદવારો અગાઉ બીઆરએસ સાથે હતા અને મિસ્ટર રાવે તેના માટે તૈયારી કરી જ રાખી હતી : "ફક્ત મુઠ્ઠીભર લોકો પક્ષમાંથી બહાર ગયા... રાજકારણમાં, તે સામાન્ય છે કે જ્યારે પણ સત્તા બદલાય છે, દરેક પક્ષમાં ચોક્કસ સંખ્યામાં સૂર્યમુખી હોય છે... તેઓ સૂર્ય તરફ વળશે અને પક્ષ છોડી દેશે."

૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં ભાજપે તેલંગાણામાં ૪ બેઠકો જીતી હતી અને પાર્ટીએ દાવો કર્યો છે કે તે આ વખતે રાજ્યમાં બે આંકડામાં બેઠકો મેળવશે. જ્યારે તેમને આ અંગે ટિપ્પણી કરવા માટે પૂછવામાં આવ્યું ત્યારે રાવે કહ્યું, "ભાજપ ગોબેલ્સ અભિયાન ચલાવી રહ્યું છે. આ લોકસભા ચૂંટણીમાં ભાજપને તેલંગાણામાં માત્ર એક બેઠક અથવા એક પણ નહીં મળે."

પૂર્વ મુખ્યપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપ, જેણે ૨૦૧૯માં દક્ષિણ ભારતમાં ૧૩૦ (પુડુચેરી સહિત)માંથી માત્ર ૨૯ બેઠકો જીતી હતી, તે આ વખતે ૧૦થી વધુ જીતી શકશે નહીં, અને NDA રાષ્ટ્રીય સ્તરે માત્ર ૨૨૬ બેઠકો પર જ સમેટાઇ જશે. તેમણે દાવો કર્યો કે, "વડાપ્રધાને તેમનો કરિશ્મો ગુમાવ્યો છે. લોકોને તે સમજાયું છે. રૂપિયાનું મૂલ્ય તેના સૌથી નીચા સ્તરે ગયું છે અને હવે ભારતમાંથી મૂડીનું ધોવાણ થઈ રહ્યું છે. ખેડૂતો ગુસ્સે છે, અન્ય ઘણા ગુસ્સે છે."

**કે કવિતાની ધરપકડ**

૧૫ માર્ચે દિલ્હી દારૂ નીતિ કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની પુત્રી અને BRS નેતા કે કવિતાની ધરપકડ પર રાવે કહ્યું કે ભાજપે તે કર્યું કારણ કે તેણે તેલંગાણામાં તેમની સરકારને તોડી પાડવાનો પ્રયાસ કરી રહેલા લોકો સામે પગલાં લીધાં હતાં.

ભાજપના રાષ્ટ્રીય જનરલ સામે દાખલ કેસનો ઉલ્લેખ કરતા બીઆરએસ ધારાસભ્યોનો ખેરવવા માટેનો કથિત પ્રયાસ કરનાર બીજેપીના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી BL સંતોષેના સંદર્ભે તેમણે કહ્યું કે, "હું ભારતમાં પહેલો મુખ્યપ્રધાન હતો જેણે મોદી અને તેમની ઘણી નીતિઓનો ઉગ્ર વિરોધ કર્યો... મેં મારા પોલીસ દળોને દિલ્હીમાં બીજેપીના કેન્દ્રીય કાર્યાલયમાં બી.એલ. સંતોષને પકડવા માટે મોકલ્યા. તેથી જ તેઓએ કવિતાની ખોટા કેસમાં ધરપકડ કરી.

તેમણે ભારપૂર્વક કહ્યું કે, "આખરે અમે ન્યાયતંત્રમાં માનીએ છીએ. આજે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલને જામીન મળ્યા છે, મને લાગે છે કે મારી પુત્રીને પણ જામીન મળશે. દિલ્હી દારૂની નીતિ કૌભાંડ એ કૌભાંડ નથી. દરેક રાજ્યની દારૂની નીતિ છે... એક પણ રૂપિયો વસૂલ કરવામાં આવ્યો ન હતો... તેઓ મારી પુત્રી અને અરવિંદ કેજરીવાલ સાથે ખેલ ખેલી રહ્યા છે,"

**રેવંત રેડ્ડી ભાજપમાં ?**

કોંગ્રેસના નેતા અને તેલંગાણાના મુખ્યપ્રધાન રેવન્ત રેડ્ડી ભાજપમાં સ્વિચ કરશે તેવા તેમના પુત્ર અને પૂર્વ પ્રધાન કેટી રામારાવના નિવેદન વિશે પૂછવામાં આવતા, કેસીઆરે કહ્યું કે આ સ્પષ્ટ છે કે કેવી રીતે તેમણે રાજ્યમાં એક કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના મોટા ભાઈ કહ્યા હતા.

"તેમણે કહ્યું હતું કે અમને આગળ વધવા માટે તમારા (PM મોદીના) સમર્થનની પણ જરૂર છે. તેનો અર્થ શું છે? તેઓ સ્વીકારી રહ્યા છે કે રાહુલ ગાંધી વડાપ્રધાન નહીં બને. રેવન્ત રેડ્ડી મુશ્કેલીમાં છે, તેઓ નાણા આપીને વોટ ખરીદવાના (૨૦૧૫) કેસનો સામનો કરી રહ્યા છે અને મને લાગે છે કે તે જૂન અથવા જુલાઈમાં સમાપ્ત થઈ રહ્યો છે, કોંગ્રેસના લોકો પણ વિચારી રહ્યા છે કે તે ભાજપમાં કૂદી શકે છે.

મિસ્ટર રાવે રાજ્યને હચમચાવી નાખેલા ફોન-ટેપીંગ કૌભાંડમાં સંડોવણીના આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે તે સંપૂર્ણપણે પોલીસના અધિકાર ક્ષેત્રમાં છે. તેમણે કલેશ્વરમ લિફ્ટ ઈરિગેશન પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારના આરોપોને પણ "સમર્થનહીન" ગણાવ્યા અને તેને "અદભુત" ગણાવ્યા. બંધારણ હેઠળ ધર્મના આધારે મુસ્લિમોને આરક્ષણની મંજૂરી નથી એમ કહીને પીએમ પર ટિપ્પણી કરતા શ્રી રાવે કહ્યું, "બંધારણ મંજૂરી આપે છે કે કેમ તે એક શૈક્ષણિક વિષય છે. પરંતુ જ્યાં સુધી મારો સંબંધ છે, તે મુસ્લિમ કે હિંદુ હોય કે જે પણ હોય, જે લોકોને તેમનો હિસ્સો નથી મળ્યો, જે લોકો હજુ પણ ગરીબ છે, જેઓ અનામતને પાત્ર છે, તેઓને અનામત મળવી જ જોઈએ તે ભારત સરકાર તરફથી વાજબી બાબત નથી... અને વડાપ્રધાન તેના વિશે વાત કરે છે. તે ખૂબ જ મૂર્ખતાભર્યું લાગે છે જે યોગ્ય નથી."

# અમિત શાહે ભારપૂર્વક કહ્યું PoK ભારતનું છે

(એજન્સી) તા.૧૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પાકિસ્તાન કબ્જા હેઠળના કાશ્મીર (PoK) પર પ્રશ્ન કરવા બદલ કોંગ્રેસની ઝાટકણી કાઢી છે. તેમણે શુક્રવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, PoKની જમીનની એક-એક ઈંચ ભારતની છે અને કોઈ તાકાત તેને છીનવી નહીં શકે. અમિત શાહે ઝારખંડના ખુંટીની ચૂંટણી સભામાં જણાવ્યું હતું કે, "પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ હોવાથી મણીશંકર ઐયર આપણને તેની સાથે સાચવીને વર્તવાનું જણાવી રહ્યા છે. થોડા દિવસ પહેલાં ઈન્ડિયા ગઠબંધનના નેતા ફારૂક અબ્દુલ્લાએ પણ કહ્યું હતું કે, પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ હોવાથી PoKની વાત ન કરશો. હું કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનને કહેવા માંગું છું કે, PoK ભારતનું છે અને કોઈ તાકાત તેને છીનવી નહીં શકે." શાહે જણાવ્યું હતું કે, "કોંગ્રેસને શું થઈ ગયું છે? PoK ભારતનો ભાગ હોવાનો ઠરાવ સંસદમાં પસાર થઈ ચૂક્યો છે. તમે (કોંગ્રેસ) હવે પરમાણુ બોમ્બની વાતો કરી તેના પર પ્રશ્નો ઊભા કરો છો." તેમણે કહ્યું હતું કે, "ભાજપનું વલણ બહુ સ્પષ્ટ છે કે PoKની જમીનનો પ્રત્યેક ઈંચ ભારતનો છે અને ભારતનો રહેશે." તેમણે જણાવ્યું હતું કે, "કોંગ્રેસે કલમ ૩૭૦ની ૭૦ વર્ષ સુધી સાચવી રાખી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેને નાબૂદ કરી." ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી પર સંદેશખાલીની ઘટના વખતે મૌન રહેવાનો આરોપ મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ભાજપ કોઈ દોષિતને નહીં છોડે અને તેમને ઉંધા લટકાવી દેશે. રાણાઘાટ લોકસભા બેઠક માટે ચૂંટણી પ્રચાર કરતી વખતે શાહે કહ્યું હતું કે, "મમતા સિટિઝનશિપ (એમેન્ડમેન્ટ) એક્ટ અંગે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે." તેમણે તૃણમૂલ કોંગ્રેસની રાજ્યમાં ભ્રષ્ટાચારના કેસો માટે ઝાટકણી કાઢી હતી.

# અફઘાનિસ્તાનમાં ભારે વરસાદ પછી ઓચિંતા આવેલા પૂરથી ૩૦૦થી વધુ લોકોનાં મોત થયા

(એજન્સી) તા, ૧૧

અફઘાનિસ્તાનમાં અસામાન્ય રીતે ભારે મોસમી વરસાદને કારણે આવેલા ફ્લેશ પૂરમાં ૩૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને ૧,૦૦૦થી વધુ ઘરો નાશ પામ્યા છે. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામે જણાવ્યું કે તે છેલ્લા કેટલાક અઠવાડિયામાં અફઘાનિસ્તાનમાં આવેલા ઘણા પૂરમાંથી બચી ગયેલા લોકોને ફોર્ટિફાઈડ બિસ્કિટનું વિતરણ કરી રહ્યું છે, મોટાભાગે બગલાનના ઉત્તરી રાજ્યમાં, જેણે શુક્રવારે પૂરનો ભોગ લીધો હતો. પડોશી તખાર રાજ્યમાં પૂરમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં શનિવારે બગલાનની એક હોસ્પિટલની પાછળ ડઝનેક લોકો તેમના પ્રિયજનોની શોધમાં એકઠા થતા જોવા મળ્યા હતા. એક અધિકારીએ તેમને જણાવ્યું કે જ્યારે તેમના કાર્યકરો મૃતદેહોને દફનાવવા માટે તૈયાર કરવામાં વ્યસ્ત હતા ત્યારે તેમણે કબરો ખોદવાનું શરૂ કરવું જોઈએ. તાલિબાન સરકારના મુખ્ય પ્રવક્તા ઝબીહુલ્લા મુજાહિદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કર્યું કે 'સેંકડો... આ વિનાશક પૂરથી માર્યા ગયા છે, જ્યારે મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે.' તેમણે જણાવ્યું કે સરકારે લોકોને બચાવવા, ઘાયલોને પરિવહન કરવા અને મૃતકોને બહાર કાઢવા માટે તમામ ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરવાનો આદેશ આપ્યો છે. ઈન્ટરનેશનલ રેસ્ક્યુ કમિટીના અફઘાનિસ્તાનના ડાયરેક્ટર સલમા બેન આઈસાએ જણાવ્યું કે આ વર્ષની શરૂઆતમાં ધરતીકંપ તેમજ માર્ચમાં આવેલા ગંભીર પૂરના કારણે દેશ હજુ પણ પૂરની અસરોથી પીડાઈ રહ્યો છે. 'સમુદાયોએ સમગ્ર પરિવારો ગુમાવ્યા છે, જ્યારે આજીવિકા પરિણામે નાશ પામી છે,' તેમણે જણાવ્યું કે 'આ વિશ્વના નેતાઓ અને આંતરરાષ્ટ્રીય દાતાઓ માટે ખતરાની ઘંટડી હોવી જોઈએ : અમે તેમને આ અશાંત વૈશ્વિક સમયમાં અફઘાનિસ્તાનને ભૂલી ન જવા માટે આહવાન કરીએ છીએ.' IRCએ જણાવ્યું હતું કે જાનહાનિ ઉપરાંત, બગલાન, ઘોર, કુન્દુઝ, બદખ્શાન, સમંગાન, બડગીસ અને તખાર પ્રાંતમાં રસ્તાઓ અને પાવર લાઈન સહિતની માળખાકીય સુવિધાઓનો નાશ થયો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે એજન્સી અસરગ્રસ્ત વિસ્તારોમાં તેની કટોકટીની પ્રતિક્રિયા વધારવાની તૈયારી કરી રહી છે.

# યોગી આદિત્યનાથે અકબરના નામ સાથે જોડાયેલ ઉત્તર પ્રદેશના શહેરનું નામ બદલવાનો સંકેત આપ્યો

### યુપીના સીએમ યોગી આદિત્યનાથે સંકેત આપ્યો હતો કે જો મોદી સરકાર ત્રીજી વખત સત્તા પર આવશે તો અકબરપુર શહેરનું નામ બદલી નાંખશે

(એજન્સી) તા.૧૧

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'પંચ પ્રણ' (પાંચ પ્રતિજ્ઞા)ને અનુરૂપ અકબરપુરનું નામ બદલવા અંગેનો સંકેત આપ્યો હતો, જેમાં ભારતના ચહેરા પરથી ગુલામીના અવશેષો દૂર કરવાનો સમાવેશ થાય છે. ૯ મેના રોજ એક સત્તાવાર રીલીઝ મુજબ, યોગી આદિત્યનાથે અકબરપુરનું નામ બદલવાનો સંકેત આપતાં કહ્યું હતું કે શહેરમાંથી સંસ્થાનવાદના તમામ ચિહ્નો નાબૂદ થવા જોઈએ. ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે,"શહેરનું નામ બોલવાથી મોંમાં ખરાબ સ્વાદ આવે છે. ખાતરી રાખો, આ બધી વસ્તુઓ બદલાશે. આપણે આપણા રાષ્ટ્રમાંથી સંસ્થાનવાદના તમામ અવશેષોને નાબૂદ કરવા જોઈએ અને આપણા વારસાનું સન્માન કરવું જોઈએ." મીડિયાએ સરકારી પ્રવક્તાને ટાંકીને અહેવાલ આપ્યો કે, જો મોદી સરકાર લોકસભા ચૂંટણીમાં ત્રીજી મુદત મેળવે છે, તો રાજ્ય વહીવટીતંત્ર અકબરપુરનું નામ બદલવા માટે કેન્દ્રને દરખાસ્ત સબમિટ કરશે. માત્ર અકબરપુર જ નહીં, પરંતુ યુપીના અલીગઢ, આઝમગઢ, શાહજહાંપુર, ગાઝિયાબાદ, ફિરોઝાબાદ, ફરુખાબાદ અને મુરાદાબાદ જેવા અનેક વિસ્તારોના નામ બદલવાની વિચારણા કરવામાં આવી રહી છે.

૨૦૧૭માં મુખ્યપ્રધાન બન્યા પછી, યોગી આદિત્યનાથે રાજ્યભરના બહુવિધ રસ્તાઓ, ઉદ્યાનો, ઈમારતો અને આંતરછેદોના નામ બદલવાનો આદેશ આપ્યો. તેમાંથી ઘણાના નામ પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના નામ પર રાખવામાં આવ્યા હતા.

એકલા લખનૌમાં, કોઈ અટલબિહારી વાજપેયી રોડ પરથી પસાર થઈ શકે છે, અટલ ચૌરાહાથી નેવિગેટ કરી શકે છે, અટલ બિહારી વાજપેયી કોન્ફરન્સ સેન્ટરમાં જઈ શકે છે, અટલ સેતુ પાર કરી શકે છે અને અટલ બિહારી કલ્યાણ મંડપ પર આવી શકે છે.

આઈકોનિક મુગલસરાય રેલ્વે સ્ટેશન, જે સમગ્ર દેશમાં ચોથું સૌથી વ્યસ્ત જંકશન છે, તેનું નામ પણ તાજેતરમાં બદલીને દીન દયાલ ઉપાધ્યાય જંકશન કરવામાં આવ્યું છે. ૨૦૧૯ના કુંભ મેળા પહેલા, રાજ્ય સરકારે શહેરની ઐતિહાસિક ઓળખને ફરીથી પ્રાપ્ત કરવા માટે અલ્હાબાદનું નામ બદલીને પ્રયાગરાજ કર્યું.

અલીગઢની મ્યુનિસિપલ સંસ્થાઓએ તાજેતરમાં શહેરનું નામ બદલીને હરિગઢ રાખવાનો ઠરાવ પસાર કર્યો હતો. ફિરોઝાબાદનું નામ બદલીને ચંદ્રનગર અને મૈનપુરીનું નામ બદલીને માયાપુરી કરવાનો પણ પ્રસ્તાવ હતો.

# જમ્મુ કાશ્મીર તંત્ર ભાજપને ચૂંટણી જીતવામાં મદદ કરવા ભય પેદા કરી રહ્યું છે : ફારૂક અબ્દુલ્લા

(એજન્સી) તા. ૧૧

શ્રીનગર લોકસભા સીટ માટેનો ચૂંટણી પ્રચાર શનિવાર, ૧૧ મેના રોજ સમાપ્ત થતાં, નેશનલ કોન્ફરન્સ (NC)ના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ જમ્મુ અને કાશ્મીર પ્રશાસન પર તેમની પાર્ટીના કાર્યકરોને હેરાન કરવાનો અને લોકોમાં ભય ફેલાવવાનો આરોપ મૂક્યો જેથી કરીને ભાજપ ચૂંટણી જીતી શકે.

શ્રીનગરના હઝરતબલ વિસ્તારમાં એક જાહેર રેલીને સંબોધતા અબ્દુલ્લાએ જણાવ્યું કે, પોલીસ વડીલો અને યુવાનોને બોલાવી રહી છે અને પછી કહી રહી છે કે તેઓ હુર્રિયત અને અન્ય લોકો સાથે છે. હકીકતમાં, તેઓ તમારામાં ડર પેદા કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

એનસી પ્રમુખે લોકોને માત્ર ઉપરવાડાથી ડરવાનું કહ્યું.

આપણે તેમનાથી ડરવાની જરૂર નથી કારણ કે આવતીકાલે તેઓ તમારા પગ નીચે હશે, તેમનું અભિમાન દૂર થઈ જશે. હું એલજી (જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા)ને કહેવા માંગુ છું કે લોકોને હેરાન કરવાનું બંધ કરો. લોકો, જો તમને લાગતું હોય કે પોલીસનો ઉપયોગ કરીને અમને હેરાન કરી શકાય છે, તો તમે (ભાજપ) ચૂંટણી જીતી જશો, તો આવી બાબતોથી ચૂંટણી હારી જશો.

જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીએ જણાવ્યું કે ભાજપ આખા દેશમાં ચૂંટણી હારી જશે.

ત્યારબાદ અબ્દુલ્લાએ લેફ્ટનન્ટ ગવર્નરને જણાવ્યું કે, માત્ર જમ્મુ અને કાશ્મીરમાં જ નહીં, પરંતુ તમે સમગ્ર ભારતમાં ચૂંટણી હારી જશો, હું તમને તે લેખિતમાં આપી શકું છું. પછી, તમારે તમારી બેગ પેક કરીને તમે જ્યાંથી આવ્યા છો ત્યાં પાછા ફરવું પડશે.

તેમણે જણાવ્યું કે, 'ભગવાન જોઈ રહ્યો છે કે તમે (ભાજપ) તમારી એજન્સીઓનો ઉપયોગ કરીને આખા દેશમાં અમને કેવી રીતે દબાવવાનો પ્રયાસ કરી રહ્યાં છો, પરંતુ તમે નથી જાણતા કે તેની શક્તિ ખૂબ જ મજબૂત છે. તેની શક્તિએ ફિરોનને ડૂબાડી દીધો, તેથી તે તમારી શક્તિનો પણ નાશ કરી શકે છે.'

તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી માત્ર મુસ્લિમો પર હુમલો કરી રહ્યા છે કારણ કે તેમની પાસે ઉઠાવવા માટે અન્ય કોઈ મુદ્દો નથી.

એવો કોઈ દિવસ જતો નથી જ્યારે મોદી મુસ્લિમો પર હુમલો ન કરે. તેમણે જણાવ્યું કે, મોદી એ મુદ્દાઓને ભૂલી ગયા છે જે તેમને વડાપ્રધાન પદ સુધી લઈ આવ્યા હતા.

ગુજરાત ટુડે
તા.૧૨-૫-૨૦૨૪
રવિવાર
મેઘધનુષ

# ધોરણ-૧૨નું પરિણામ આવી ગયું, હવે આગળ શું કરવું ? જરાય મુંઝાશો નહીં આ રહ્યા તમામ સવાલોના જવાબ

**ધોરણ-૧૨નું જાહેર થયેલું પરિણામ ઐતિહાસિક રીતે ઊંચુ પરિણામ આવ્યું હોવાથી સ્વાભાવિક રીતે બધા જ વિદ્યાર્થીઓ ખુશખુશાલ હશે. પરંતુ સાથે સાથે એ વાત પણ ખાસ ધ્યાનમાં લેવાની રહેશે કે બધા વિદ્યાર્થીઓ પાસ થયા હોવાથી અને સારી ટકાવારી આવી હોવાથી સારી સંસ્થામાં પ્રવેશ માટે પણ ગળાકાપ સ્પર્ધા રહેશે. ત્યારે સૌને મનગમતી જગ્યાએ પ્રવેશ મળી જાય તે માટે શુભેચ્છા અને ચાલો આજે આપણે કારકિર્દી વિશે જાણીએ**

કેમ છો મિત્રો સૌ મઝામાં જ હશો. ગયા લેખાંકમાં આપણે અમદાવાદમાં આવેલી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓ વિશે માહિતી મેળવી હતી અને આ લેખમાં આપણે ગાંધીનગરમાં આવેલી વિશ્વ પ્રસિધ્ધ સંસ્થાઓની માહિતી મેળવવાની હતી. પરંતુ તે હવે આગામી લેખાંકમાં કહીશં. કારણ કે ધોરણ-૧૨ સાયન્સ અને કોમર્સનું પરિણામ આવી ગયું છે. આથી ઘણા વિદ્યાર્થીઓ દ્વારા આગળની કારકિર્દી બાબતે માર્ગદર્શનની જરૂરિયાત રહેશે. તેથી આ લેખ ધોરણ-૧૨ સાયન્સ અને કોમર્સ પછી કઇ તકો છે તેના વિશે લખવામાં આવ્યો છે.તો ચાલો આજે જાણીએ તેના વિશેની તમામ એ ટુ ઝેડ માહિતી. મિત્રો ગુરૂવારના રોજ જાહેર થયેલું પરિણામ ઐતિહાસિક રીતે ઊંચુ પરિણામ આવ્યું હોવાથી સ્વાભાવિક રીતે બધા જ વિદ્યાર્થીઓ ખુશખુશાલ હશે. પરંતુ સાથે સાથે એ વાત પણ ખાસ ધ્યાનમાં લેવાની રહેશે કે બધા વિદ્યાર્થીઓ પાસ થયા હોવાથી અને સારી ટકાવારી આવી હોવાથી સારી સંસ્થામાં પ્રવેશ માટે પણ ગળાકાપ સ્પર્ધા રહેશે. ત્યારે સૌને મનગમતી જગ્યાએ પ્રવેશ મળી જાય તે માટે શુભેચ્છા અને ચાલો આજે આપણે કારકિર્દી વિશે જાણીએ.

**ધોરણ-૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે...**

મિત્રો ધોરણ-૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને વિપુલ તકો છે. સાયન્સના વિદ્યાર્થીઓ કરતા કંઇ કમ તકો નથી. બસ ખાલી તમારો રસ શેમાં છે અને દિલથી અભ્યાસ કરીને આગળ વધશો તો ઉત્તમ કારકિર્દીના દ્વાર તમારા માટે ખુલ્લા જ છે. તો ચાલો આજે ધોરણ-૧૨ કોમર્સ પછી કઇ-કઇ લાઇન લઇ શકાય તેની માહિતી આપું.

**મેનેજમેન્ટ** - જો તમારે મેનેજમેન્ટમાં જવું હોય તો બીબીએ અને પાંચ વર્ષનો ઇન્ટીગ્રેટેડ એમબીએનો કોર્ષ કરી શકો છો. પહેલા ત્રણ વર્ષ બીબીએ હોય છે અને પછી બે વર્ષના એમબીએમાં સીધો પ્રવેશ મળે છે. ત્રણ વર્ષ પછી એક્ઝીટનો પણ ઓપ્શન હોય છે. આ કોર્ષનો ફાયદો એ છે કે એક જ ઇન્સ્ટીટ્યુટમાં રહીને અભ્યાસ કરી શકો છો અને એમબીએ માટે પ્રવેશ પરીક્ષા આપવી પડતી નથી.

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કંપની સેક્રેટરી** - જો તમે એકાઉન્ટીંગ ક્ષેત્રમાં રસ ધરાવતા હોવ તો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એટલે કે સીએ બનવા માટે આગળ વધી શકો છો અને કંપની સેક્રેટરી બનવા માટે પ્રવેશ મેળવી શકો છો. બન્ને કોર્ષ કોલેજમાં બી.કોમ, બીબીએની સાથે પણ થઇ શકે છે.

**કાયદો**- જો તમને કાયદા -કાનૂનના ક્ષેત્રમાં રસ હોય તો પાંચ વર્ષના એલએલબીના કોર્ષમાં પ્રવેશ મળે છે. જો પાંચ વર્ષનો કોર્ષ ના કરવો હોય તો ત્રણ વર્ષના સ્નાતકના અભ્યાસ બાદ બીજા ત્રણ વર્ષનો એલએલબીનો કોર્ષ કરી શકાય છે.

**એમએસસી-આઇટી** - ઘણા વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરમાં રસ હોય તો બીએસસી આઇટી અથવા તો એમએસસી આઇટીના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ પણ એક સારી કરિયર છે અને ઇન્ફોર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં આગળ વધી શકો છો.



**મીડિયા** - જો મીડિયા અને માસ કોમ્યુનિકેશમાં રસ હોય તો ધોરણ-૧૨ પછી ત્રણ વર્ષનો સ્નાતકનો અભ્યાસ ચાલે છે. અમદાવાદમાં અને વિદ્યાનગરમાં આ કોર્ષ ઉપલબ્ધ છે. આ કોર્ષ કર્યા પછી તમે પત્રકાર, ન્યુઝ એન્કર, વોઇસ ઓવર આર્ટીસ્ટ, વિડીયો એડીટર સહિતની કરિયરમાં આગળ વધી શકો છો.

**સ્પેશિયલાઇઝ્ડ સબજેક્ટસ** - જો તમે કોઇ ખાસ વિષયમાં આગળ વધવા માગતા હોવ ધારો કે ઇકોનોમીક્સ, સ્ટેટેસ્ટીક્સ, ઇંગ્લીશ, સાયકોલોજી વગેરે.. તો પછી બી. કોમ કે બીએ કરી શકાય છે. ત્યારબાદ માસ્ટર ડિગ્રી કોર્ષ અને પીએચડી કરીને શિક્ષક કે સંશોધક બની શકાય છે.

**હેલ્લો સ્ટુડન્ટ્સ**

**- સાહેબ સોની**

પ્રોફસર બનવા માટે પણ રસ્તા ખુલી જાય છે.

**એનીમેશન અને મલ્ટીમિડીયા** - એનીમેશન, ગેમીંગ અને મલ્ટીમિડીયામાં રસ હોય તો ગુજરાત યુનિવર્સિટી ખાતે ખાનગી સંસ્થા સાથે પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશીપના માધ્યમથી કોર્ષીષ ચાલે છે. ત્યાં પ્રવેશ માટે પુછપરછ કરી શકાય. બાકી કોઇ ખાનગી સંસ્થામાં પણ તપાસ કરીને પ્રવેશ લઇ શકાય.

**ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે...**

**મેડિકલ** - મેડિકલ લાઇનમાં જવું હોય તો બી ગ્રુપના વિદ્યાર્થીઓ માટે વિશાળ તકો છે. તમે ડોક્ટર બની શકો છો. આ માટે એમબીબીએસમાં પ્રવેશ મેળવવાનો રહે છે. જો તેમાં પ્રવેશ ના મળે તો ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપેથી, ફાર્મસી, ફિઝીયોથેરીપી, નર્સીંગમાં પ્રવેશ માટે મહેનત કરી શકો છો. આ ઉપરાંત ફાર્માસિસ્ટ તથા તબીબી આલમને લગતા અનેક શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ કોર્ષીષ ઉપલબ્ધ હોવાથી તે બાબતે જાગૃત થઇને જે-તે સંસ્થામાં તપાસ કરી શકો છો.

**ઇજનેરી** - ઇજનેરી ક્ષેત્ર ખૂબ જ વિશાળ અને જૂનું ક્ષેત્ર છે. હવે તો પરંપરાગત ઉપરાંત અવનવા ક્ષેત્ર ખુલી ગયા છે કે જેમાં તમે ઇજનેરી અભ્યાસક્રમ કરી શકો છો. સાયબર સિક્યુરીટી, બેચલર ઓફ ટેકનોલોજી, રેલવે એન્જિનીયરીંગ, કોમ્પ્યુટર એન્જિનીયરીંગ સહિતના બહોળા વિકલ્પો ઉપલબ્ધ છે.

**ડેરી ટેકનોલોજી, કૃષિ અને પશુ ચિકિત્સા** - સાયન્સ લીધા બાદ ડેરી ટેકનોલોજીના અભ્યાસક્રમો કરવા તરફ ખાસ વિચારવું જોઇએ. આણંદ સહિતની અલગ -અલગ કૃષિ યુનિવર્સિટીઓ ખાતે ડેરી, પ્રોસેસીંગ અને કૃષિને લગતા અભ્યાસક્રમો થાય છે. વળી આજકાલ પશુ ચિકીત્સા પણ એક સારી કારકિર્દીના દ્વાર ખોલી આપે છે. આથી જો તમને પશુઓ પ્રત્યે લાગણી હોય તો આ ક્ષેત્રમાં પણ આગળ વધી શકો છો.

**આર્કીટેક્ચર** - જો તમારે આર્કીટિક્ટ બનીને બિલ્ડીંગ ડિઝાઇનીંગ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો હાલમાં બેચલર અને માસ્ટર ડિગ્રીના ઘણા બધા અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. આ ક્ષેત્રમાં કારકિર્દીની વિશાળ તકો છે.

**ડિઝાઇનીંગ** - અમદાવાદમાં વિશ્વ પ્રસિદ્ધ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઇન નામની સંસ્થા આવેલી છે ત્યાં તમે ડિઝાઇનીંગનો અભ્યાસક્રમ કરી શકો છો. આ ઉપરાંત કેટલીક ખાનગી સંસ્થાઓ પણ વિવિધ પ્રકારના ડિઝાઇનીંગના અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. તેમા તપાસ કરીને પ્રવેશ મેળવી શકાય.

**બીએસસી, એમએસસી** - સાયન્સમાં જો શિક્ષણ અને રિસર્ચના ક્ષેત્રમાં આગળ વધવા માંગતા હોવ તો બીએસસી અને ત્યારબાદ કોઇ વિશેષ વિષય સાથે એમએસસીનો માસ્ટર ડિગ્રી કોર્ષ કરી શકાય છે. તમે શિક્ષક, પ્રોફેસર કે સંશોધક તરીકે કારકિર્દી બનાવી શકો છો. આ ઉપરાંત વૈજ્ઞાનિક બનવા માટે પણ વિશાળ તકો છે.

ઉપરોક્ત વિષયો ઉપરાંત એવીએશન, એરોનોટીકલ એન્જિનીયરીંગ, મરીન એન્જિનીયરીંગ, રેલવે એન્જિનીયરીંગ, ડીફેન્સ સર્વિસ, પાયલોટ, નેવોલ સર્વિસ, બોટની, હોર્ટીકલ્ચર, હોટલ મેનેજમેન્ટ, પેકેજીંગ, ફુટવેર ડિઝાઇન, ફુડ પ્રોસેસીંગ, આર્ટીફીશયલ ઇન્ટેલીજન્સ, કોમ્પ્યુટર, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, ડેટા સાયન્સ અને સાયબર સિક્યુરીટી સહિતની કારકિર્દી માટેના અભ્યાસક્રમો ઉપલબ્ધ હોવાથી તેના બાબતે તપાસ કરી શકાય.

**વિશેષ યુનિવર્સિટીઓના વિશેષ અભ્યાસક્રમો...**

પાછલા પંદર વર્ષમાં ગુજરાતમાં વિશેષ સેન્ટ્રલ યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી છે. તેની વેબસાઇટમાં તપાસ કરીને તેના વિષયોની છણાવટ કરી લેવી. તમને ત્યાં અનેક પ્રકારના કોર્ષ વિશે જાણવા મળશે. જો તમને રસ હોય તો તેમાં પ્રવેશ માટે વિચારી શકો છો. દાખલા તરીકે ગાંધીનગર ખાતે આવેલી નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, સ્વિર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ઇન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ રિસર્ચ, સેન્ટ્રલ યુનિવર્સિટી, આઇઆઇટી-ગાંધીનગર, નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, વડોદરા ખાતે આવેલી ગતિશક્તિ યુનિવર્સિટી વગેરેની વેબસાઇટ ચેક કરી લેવી. તમને તમારા રસના વિષયના અભ્યાસક્રમો મળી જશે.

તો મિત્રો હવે ઉત્તમ કારકિર્દીમાં ઝંપલાવો અને ઓલ ધ બેસ્ટ.

**ઉપરોકત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઇ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાતટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**E-mail:sahebtoday@gmail.com**

# એક પીળા પાનને જોયા પછી, શ્વાસની મેં હણહણાટી સાંભળી

માનો પ્રેમ જાણવો-માણવો કે પામવો એ અલગ વાત છે, 'મા' હોવું એ એક અનોખો અનુભવ છે, પણ અન્ય માટે મા બનીને જિંદગીના અંતિમ શ્વાસ સુધી માતૃત્વનું માનસરોવર છલકાવતા રહેવું એ એક અલૌકિક ઘટના છે.


આંખોની ભીનાશ અને ટેરવાની ધ્રુજારી સાથે આજે મારે એક એવી 'મા' વિશે લખવું છે, જેણે મને જન્મ નથી આપ્યો, પણ જીવન આપ્યું છે. તન નથી આપ્યું ને તે છતાં મારૂં જતન કર્યું છે... અને એય તે છેલ્લા શ્વાસ સુધી...આવું જતન ફક્ત મારૂં જ નહીં, અમારા પૂરા પરિવારનું કર્યું છે. ભલે મેં કૃષ્ણની જશોદા મૈયાને જોઈ ન હોય, પણ એ જશોદામૈયા કેવી હશે, એનો માતૃપ્રેમ કેવો હશે એનો અંદાજ તો મને અમારી આ જશોદા મૈયામાં અચુક આવી જાય છે. કૃષ્ણની જેમ અમારો પૂરો પંડ્યા-પરિવાર આ બાબતે નસીબદાર છે કે અમને પણ બબ્બે માતાઓનો પ્રેમ મળ્યો !

મારી આ માતાએ દીવામાંથી દીવો પ્રગટાવ્યો છે. કોઈપણ જાતની અપેક્ષા વિના પારાવાર પ્રેમ આપ્યો છે. એમણે એમના પ્રેમને, વાત્સલ્યને અપેક્ષાના અંગારાથી કયારેય દઝાડ્યું નથી. ગમે તેટલી વિકટ પરિસ્થિતિમાં પણ ચહેરા પરના સ્મિતને એમણે કરમાવા કે બુઝાવા દીધું નથી. આ તો ઠીક છે, પણ એમણે કયારેય અમારા કોઈનાંય ચહેરા પરનાં સ્મિતને ઝાંખું નથી પડવા દીધું. મારા ઉપર એમને જરા વિશેષ ભાવ, કારણ કે લગ્ન કરીને એ ઘરમાં આવ્યાં, એ પછી મારો જન્મ થયેલો એટલે એમણે છેક સુધી મને પુત્રની જેમ ઉછેરેલો, રાખેલો અને જાળવેલો. મને યાદ છે મારો એ વિદ્યાર્થી અવસ્થાનો સમય. વહેલી પરોઢે મારાં આ મા, મારી જનેતાને સહેજ પણ ખબર ન પડે, એની નિંદ્રાને સહેજપણ ખલેલ ન પડે એટલી ઝીણવટભરી કાળજી રાખી અમારા બંને માટે (મારા અને મારાથી પાંચેક વર્ષ મોટા સુરેશભાઈ માટે) ચા અને ગરમાગરમ નાસ્તો તૈયાર કરી દે. અમારાં દફતર (સ્કૂલ બેગ)માં નાસ્તાના ડબા મૂકી અમને 'સાચવીને જજો' કહી, બારણાની બારસાખે ઊભા રહી, અમને જતા જોઈ રહેતાં. બપોરના સમયે સ્કૂલથી ઘરે આવીએ ત્યારે આ જ મા ઠંડી પડેલી રસોઈને સ્ટવ કે સગડી પર ગરમ કરી અમને હોંશે હોંશે જમાડે !

અમદાવાદના ગાંધીરોડ પર-આજે જ્યાં ગર્જર ગ્રંથરત્ન પ્રકાશન સંસ્થાનું મકાન છે એ જ મકાનમાં આજથી પાંસઠ-સિત્તેર વર્ષ પહેલા અમારી 'ગુજરાત હિંદુ હોટલ' ધમધોકાર ચાલતી'તી. નજર લાગી જાય એવી જાહોજલાલી હતી. વૈભવનો એવો વસવાટ હતો કે ગરીબીનો ઓછાયો પણ દૂર દૂર સુધી દેખાતો નહોતો. શહેર આખામાં મારાં આ મા 'શેઠાણી' તરીકે ઓળખાતાં. હોટલનાં અને ઘરના સૌ નાના-મોટા નોકરોને પણ એટલા જ સ્નેહથી એ સાચવતાં. જે શ્રીમંતાઈ, જે અમીરી અને જે જાહોજલાલી એમણે એ ચાલીસમાં દાયકામાં જોયેલી એની તો આજે હું કલ્પના પણ કરી શકતો નથી. આટ આટલી શ્રીમંતાઈ હોવા છતાં મારાં આ મા કયારેય સંસ્કાર, સંસ્કૃતિ, સભ્યતા અને માનવતાને ભૂલ્યાં નથી. પણ... સમયના સ્વભાવને ઓળખી શકાતો નથી, કઈ ઘડીએ એણે અમારા શ્રીમંત ગણાતા પરવાર તરફથી મોં ફેરવી લીધું એની ખબરેય પણ પડી નહીં, અને ગઈકાલનો વૈભવી પરિવાર થોડા જ સમયમાં રેશનના એક ટંક માટે વલખાં મારતો થઈ ગયેલો. જેટલા પ્રેમથી એમણે સુખને માણ્યું'તું એટલા જ પ્રેમથી એમણે આવી પડેલા દુ:ખને પણ સ્વીકારી લીધું. દુ:ખને પણ ભગવાનની ભેટ સમજીને જ સ્વીકારી લીધું. અમને એ ઘણીવાર કહેતાં : ''સુખમાં કયારેય છકી ન જવું અને દુ:ખમાં કયારેય હારી ન જવું. હોય એનો આનંદ માણવો, ન હોય એનો અફસોસ ન કરવો. સુખ કાયમી નથી હોતું, તો દુ:ખ પણ કાયમી નથી હોતું.' બસ-આ જીવનમંત્ર એમણે અમારા સૌના જીવનશ્વાસમાં વહેતો કરી દીધો. પરિવારને પ્રેમના એક તાંતણે જાળવી રાખવા માટે એમણે શું શું નહીં વેઠયું હોય ? આવી પડેલી ગરીબીનું પણ ગૌરવ જળવાય એટલી કાળજી રાખી એમણે અમને ટકાવ્યા છે. પોતે તડકે ઊભા રહીને અમને છાંયડો પૂરો પાડ્યો છે. આ



**દસ્તક**



**હર્ષદ પંડ્યા**

છાંયડાનું ઋણ તો કયારેય ચૂકવી શકાય તેમ નથી. કદાચ આવાં ઋણ જ સાચાં ઋણાનુંબંધનાં નિમિત્ત બનતાં હશે ને ? ગઈ પંદરમી જૂને એમણે અંતિમ શ્વાસ લીધો ત્યાં સુધી એ અમારા સૌ માટે વડલાનું વૃક્ષ બનીને જીવ્યાં. એ એવું વૃક્ષ હતાં, જેના છાંયડે સૌને શાતા મળતી. પારકાંને પણ પોતાનાં કરી દેવાની એમની મમતા જ એમની મોટામાં મોટી મૂડી હતી. અપના-પરાયાની આંધીમાં એ કયારેય અટવાયાં નથી. લોભ, લાલચ કે લાલસાની લપસણી ભૂમિ પર એમણે પગ પણ નથી મૂક્યો. પ્રત્યેક પળે અમી વરસાવતી એમની આંખો, અમારા માટે જિંદગી જીવવાનું આકાશ બની જતી. અવાજમાં હૃદયની એટલી ભીનાશ અને લાગણીની એટલી કુમાશ કે સંઘર્ષ કરવા આવેલી વ્યક્તિ પણ સંબંધનો શ્વાસ ભરતી થઈ જતી એમના પૂરા અસ્તિત્વમાં પ્રકૃતિનું અજવાળું છલકાતું. વિચાર, વાણી અને વર્તનમાં હંમેશાં એકરૂપ અને સમરસ થઈને જીવ્યાં. ઈર્ષાની આગથી એ હંમેશાં દૂર રહ્યા. દંભ અને દેખાડો એમને સ્પર્શવાની હિંમત નહોતો કરી શકયો. સત્યનો સૂર્ય જ એટલો પ્રતાપશાળી અને પ્રભાવશાળી કે અસત્યનું અંધારૂં એમની નજીક ફરકવાનું સાહસ જ ન કરે. ખુદ્દારી એટલી ઊંચી કે ખુદ લાચારીને લાચાર થઈ પાછા જવું પડે. એમનું નામ જ એટલું તેજસ્વી અને ઓજસ્વી કે એમને બોલાવનાર વ્યક્તિ એક અનોખા અજવાળાનો અહેસાસ કરતી થઈ જાય ! એમનું નામ સૂર્યાબેન. પણ ગામ આખું એમને 'સૂર્યા બા' અને અમારો પૂરો પંડ્યા પરિવાર 'બીજાં બા' કહીને બોલાવે. મોં ભરાઈ જાય એવો મમતાનો અને વાત્સલ્યનો ત્રિ-અક્ષરીય મંત્ર છે, આ 'બીજાં બા' ! અમારાં સૌનો 'પહેલા બા'ને ભૂલાવી દે તવો નિર્મળ, નિર્ભેળ, નિર્દોષ અને નિષ્કપટ પ્રેમ અમને અમારાં આ 'બીજાં બા' એ આપ્યો છે. શું આવા નિર્મળ અને નિર્લોભ એવા નિર્દોષ પ્રેમને પણ કાળની નજર લાગી ગઈ હશે કે અમારા બીજાં બા અમને છોડીને ચાલ્યા ગયા ? આ ત્રણ અક્ષરોમાં તો અમને સૌને ત્રિભુવનનો ખજાનો મળી જતો. આજે એ ખજાનો જ લૂંટાઈ ગયો.

આમ તો દરેક સ્ત્રીના સ્મિતમાં મીઠાશ હોય, પણ માના સ્મિતમાં અમૃતની મીઠાશ હોય- એ મીઠાશનો અમારાં સૌ માટે જાણે કે દુકાળ સર્જાયો. એમના વહાલપના વનરાવનમાં જે જિંદગી જિવાઈ ગઈ છે એને યાદ કરી કરીને, રહી ગયેલી બાકી જિંદગી પૂરી કરવી પડે એ પણ જિંદગી એ બતાવેલો એનો પોતાનો મિજાજ છે. અમારાં આ બીજાં બાએ, કોઈના પર કયારેય, પોતાનો પ્રભાવ પડવાનું વિચાર્યું જ નહોતું. તેઓ છેક સુધી 'સ્વભાવ'ની સંવેદના પ્રગટાવીને જીવ્યા. તેમનો તો એક જ આદર્શ, કે કોઈના પર પ્રભાવ નહીં, સ્વભાવ પ્રગટાવવો. સ્વભાવની સુગંધ અને પ્રભાવના પ્રદૂષણ વચ્ચેનો ભેદ એ સમજી ચૂકેલાં. એમને ખબર હોય કે એમની ગેરહાજરીમાં કોઈ એમની ટીકા-નિંદા કરે છે, તેમ છતાં એ ટીકાખોરોને પણ એ પોતાના સવભાવના સૌંદર્યથી 'પોતાનાં' કરી દેતાં ! બહુ અઘરૂં છે આ.

શ્રીમંતાઈની છલકાતી સાહ્યબીમાં એ 'પ્રભાવ'થી દૂર રહ્યા તો આવી પડેલી ગરીબાઈમાં પણ એ 'અભાવ'થી પણ દૂર જ રહ્યા. 'અભાવ' જેવો શબ્દ એમના જીવનકોશમાં નહોતો. એમણે શ્રીમંતાઈનું જેટલા ભાવથી સામૈયું કર્યું એટલા જ ભાવથી ગરીબીની ગરિમા જળવાય એ રીતે એને વધાવી પણ લીધી. આ અર્થમાં એ 'શક્તિ' અને 'પરાશક્તિ'નો પર્યાય હતા, કારણ કે એ મારા ભાભી હતા, ભાભીમા હતાં...

મહાભારતના શાંતિપર્વમાં સરસ વાત કરવામાં આવી છે. માણસ ખરેખર એકલવાયો કયારે થઈ જાય છે ? જવાબ છે : માનો વિયોગ થાય ત્યારે માણસને પોતાની એકલતા વધી ગયાનું ભાન થાય છે. ભલે મારાથી એ દૂર ગામડે રહેતાં હતાં, પણ હૈયાની નજીક હતા. ખાલી ઘરની એકલતા એટલી નથી સાલતી, જેટલી હવે ખાલી હૈયાની સાલે છે. આજે હું બીજીવાર નમાયો બની ગયો... મારા ભત્રીજાના ઘરમાં સૂવાડેલા એમના મૃતદેહને-નનામીને ઊંચકીને જ્યારે હું ઘરની બહાર નીકળ્યો ત્યારે બરકત વીરાણીની પંક્તિ યાદ આવી ગઈ કે 'જેણે મારાં હાલરડાં ગાયાં એના મરસિયા આજે મારે ગાવાનાં ! કદાચ એટલે જ 'શબ્દપ્રીતે' લખ્યું હશે ને કે :

**માતાની હાજરી આપણને ઈશ્વરના સહવાસનો અનુભવ કરાવે છે. માતા જ્યારે સ્મિત કરે છે ત્યારે સમજી જવાનું કે એણે આપણા તમામ અપરાધ માફ કર્યા છે. કોઈ માતા હિંદુ, મુસ્લિમ, શીખ, કે ઈસાઈ નથી હોતી, એ તો બસ એક માતા હોય છે. પંચમહાભૂત તત્ત્વોનું પરમ સત્ત્વરૂપ દર્શન એટલે મા ! મા અજર છે. અમર છે. અસીમ છે. અનહદનું અજવાળું છે. આપણી પાસે અને સાથે કોઈ નથી હોતું ત્યારે માત્રને માત્ર મા હોય છે. માને વ્યાખ્યામાં બાંધી ન શકાય. મા તો મા છે !**

- **માતાની ગોદમાં ચૌદ બ્રહ્માંડનો વૈભવ સમાયો છે.**
- **માનવતાની કિતાબનો પહેલો અક્ષર એટલે મા!**
- **૧૦૦ શિક્ષકો એક ઉત્તમ માતાની ગરજ સારે છે.**
- **માતા એટલે હરતું ફરતું તીર્થધામ !**
- **માતાની છત્રછાયા સામે સમસ્ત આકાશ વામણું બની જાય છે.**
- **માતાની મમતા પામવા માટે તો ઈશ્વર પણ અવતાર મેળવવાનું ચૂકતો નથી.**
- **ઈશ્વરની પ્રસન્નતાના હસ્તાક્ષર એટલે માતાનું સ્મિત !**

**OR**

- **માતાનું સ્મિત પ્રભુના આશીર્વાદનો ઓટોગ્રાફ છે.**

**એક પીળા પાનને જોયા પછી,**
**શ્વાસની મેં હણહણાટી સાંભળી**

**:::: ટહુકો ::::**

**ચાહતે હૈ અબ ભૂલા દે ઉનકો અપને દિલસે હમ,**
**પ્યાર કરતે હૈં બહુત જિસ હુસ્ને લાહાસિલસે હમ,**
**આયેગા ભી યા નહીં અબ વો સફીના લૌટ કર,**
**બારહા પૂછા કિયે મઝધાર ઔર સાહિલ સે હમ.**

**- સતીશ શુકલા 'રકીબ'**

# મોટી થતી દીકરી ને નાની થતી મા...

આજના લેખનું આ શીર્ષક થોડું વિચિત્ર લાગશે, કારણ દીકરી મોટી થાય એટલે મા નાની થતી નથી. એ પણ ઉંમર વધવાને કારણે મોટી તો થાય જ છે, તો દીકરીના વધવાની સાથે મા નાની કેવી રીતે થાય ? ન જ થાય, પણ દીકરી મોટી થાય ને તેની મૂંઝવણોનો ઉકેલ મા શોધી ન શકે ને દીકરીને સંતોષકારક ઉકેલ આપવામાં માનો પનો ટૂંકો પડે ને તે એટલી મૂંઝાય કે ઘણીવાર તે પોતાને દીકરી કરતાં વધારે નાની લાગે કે નાદાન લાગે એમ બને. દીકરીને ન સમજાવી શકતી મા એ કારણે થોડી લઘુતા અનુભવતી હોય તો નવાઈ નહીં ! ઘણીવાર એવું બને છે કે દીકરી બહેનપણીઓ પાસેથી કેટલીક વાતો જાણી લાવે ને એ ઉંમરમાં મા હતી ત્યારે તે વધારે અબૂધ હતી એવું લાગતાં તે વધુ સંકોચાય છે. તેના વખતમાં બહેનપણીઓ હોય તો, પણ ત્યાં સુધી પહોંચવાની તેને મોકળાશ જ ન હતી. એ વખતે મૂંઝવણો એટલી વધી પડતી કે કોઈ વહારે ન ધાતું તો વાત આપઘાત સુધી પહોંચતી ને તેનાં પૂરતી મૂંઝવણોનો 'નિકાલ' લાગતો, પણ સમગ્ર સ્ત્રી જાતિની મૂંઝવણો તો વણઉકલી જ રહેતી. એટલી મૂંઝવણો કદાચ આજની દીકરીઓને નથી.

ઉંમરના એક તબક્કા સુધી છોકરો ને છોકરીનો શારીરિક વિકાસ લગભગ સમાન હોય છે, પછી જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ તેમ યુવક અને યુવતીનાં શરીર સૂચવતા ફેરફારો સ્પષ્ટ દેખાવા લાગે છે. શરીર એ રીતે ખીલવા લાગે છે કે દૂરથી જોનારને પણ સામે દેખાતું શરીર છોકરીનું છે કે છોકરાનું તેનો સ્પષ્ટ ખ્યાલ મળી રહે. શારીરિક ફેરફારો ઘણીવાર છોકરીને કે છોકરાને મૂંઝવે પણ છે. શરીરને અનુરૂપ વસ્ત્રો પહેરવાની સલાહ પણ ઘરમાંથી અપાતી હોય છે. એ પણ છે કે



## સ્ત્રી સશક્તિકરણ

- રવીન્દ્ર પારેખ

અત્યારના સમયમાં છોકરો કે છોકરી વહેલાં પુખ્ત થાય છે. કેટલાંક કિસ્સાઓમાં તો છોકરો ને છોકરી શરીર સંબંધનો આનંદ સગીર વયમાં જ માણી લેતાં હોય છે, તો કેટલાક કિસ્સાઓમાં છોકરી ને છોકરો એ બાબતે સાવ અજાણ પણ રહી જાય છે.

આખું ફેમિલી ટીવી સામે ફિલ્મ જોતું બેઠું હોય ને એકાએક નાયક-નાયિકા એકબીજાને ચૂમવા લાગે એવું દૃશ્ય આવે, ત્યારે જો છોકરી જાણતી હોય તો, તે શારીરિક આવેગ અનુભવે છે. તેને ગમતું હોય તો તેવી પ્રતિક્રિયા પણ તે આપે છે. આ પ્રતિક્રિયા દીકરીની માનાં જોવામાં આવે, તો તેની પ્રતિક્રિયા કેવી હોય તે તેને ને દીકરીને મૂંઝવનારી હોય એમ પણ બને. બને તો એવું પણ કે ચુંબન વિષે ન જાણતી દીકરી પણ, ચુંબન દૃશ્ય જોઈને સંકોચ કે મૂંઝવણ અનુભવે. તે માને પૂછે કે આ શું છે, તો દીકરીને શું કહેવું તે વાતે મા ગૂંચવાતી-મૂંઝાતી હોય છે. તે સમજતી હોય, તો પણ દીકરીને કેવી રીતે સમજાવવી એ કોયડો થઈ પડે છે.

દીકરી જાણતી હોય તો, તો બહુ પ્રશ્ન મા માટે નથી રહેતો, પણ દીકરી ખરેખર જ ન જાણતી હોય તો મા માટે દીકરીને ગળે ઊતરે એવો જવાબ શોધવાનું કપરું થઈ પડે છે. નાયક-નાયિકા વચ્ચે પ્રેમ છે, એવું મા કહે તો તેટલાથી દીકરીને સંતોષ ન થાય એમ બને. એ સ્થિતિમાં તે શારીરિક પ્રેમની શરૂઆત છે, એવું કૈં કહે તો શારીરિક પ્રેમ શું છે અને તે કેવી રીતે થાય તેને ખરેખર શબ્દોમાં મૂકીને સમજાવવાનું માને મૂંઝવનારું પણ બનતું હોય છે. દીકરીને સ્કૂલમાંથી પણ શિક્ષક દ્વારા એ અંગેની પૂરતી માહિતી ન મળી હોય, ત્યારે મા દીકરીને કેવી રીતે સમજાવે એ પ્રશ્ન જ છે. એવું નથી કે મા મૂંઝાય છે ને દીકરી મૂંઝાતી નથી. એ પણ મૂંઝાય છે. એવે વખતે દીકરીને વિશ્વાસમાં લેવી અને વ્હાલથી વાત કરવી જોઈએ. એવું થશે તો બંનેનો મૂંઝારો દૂર થશે ને બંનેનો એકબીજા પરનો વિશ્વાસ પણ વધશે. એ પછી એવી સ્થિતિ આવશે કે કોઈ પણ વાત સંતાડવાથી દીકરી દૂર રહેશે, પણ બને છે એવું કે સાચી માહિતી આપવા ઈચ્છતી મા, વાતને ટાળતી રહે છે. કહેવું તો હોય છે, પણ કેવી રીતે કહેવું એના શબ્દો ન જડતા મા વાતને ટાળ્યા કરે છે. એ બરાબર નથી. વાત ટાળવામાં સમય જાય છે ને જતો સમય દીકરી માટે તો ઠીક, કોઈને પણ માટે રોકાતો નથી. નથી દીકરી રોકાતી. એ તો મોટી થતી જ જાય છે. માને એવી વાત કરવાનું અજુગતું લાગે એમ બને. અજુગતું લાગે તો પણ વાત કરવી જ જોઈએ. વાત ન કરવા કરતાં, વાત કરવાનું ઓછું અઘરું છે. એ સમજી લેવાનું રહે કે નથી ઢોળાતું ત્યાં સુધી જ એ દૂધ છે. એકવાર ઢોળાયું, પછી એ દૂધ રહેતું નથી. એ માએ નક્કી કરવાનું છે કે દૂધને દૂધ રાખવું છે કે ઢોળાવા દેવું છે ?

એક બાબત સ્પષ્ટ છે કે દીકરીને કે દીકરાને શરીર સંબંધ વિષે કોઈ કૈં જ ન કહે તો પણ, ઉંમર કે લગ્ન થતાં યુવક કે યુવતી શારીરિક પ્રેમ કેવી રીતે કરવો તે આપોઆપ જાણી જાય છે ને તેમાં સફળ ન થાય એવું અપવાદોમાં જ બનતું હશે. પ્રેમ શીખવવો પડતો નથી. દુનિયાનાં પહેલાં સ્ત્રી અને પુરુષને શરીર વિજ્ઞાન વિષે, જાતીય આવેગ વિષે કે શરીર સંબંધ વિષે કોઈ કૈં કહેવા ગયું ન હતું, પણ કુદરત ઈચ્છતી હતી કે માનવ સૃષ્ટિ વિકસે, એટલે સ્ત્રી અને પુરુષ આકર્ષણમાં, સંબંધમાં મુકાયાં. એ કુદરતી હતું. કોઈ શિક્ષણ વગર પણ એટલું આવડવું સહજ હતું, સરળ હતું ને એનો પ્રભાવ આજ સુધી જગત પર છે.

કોઈ સમજ ન હતી, ત્યારે ગેરસમજ પણ ન હતી. સમજ વધી એ સાથે ગેરસમજ પણ વધી. એ સંજોગોમાં સંતાનોને શરીર સંબંધ વિષે સહજ રીતે સમજાવવાનું શિક્ષકોને અને માબાપને માટે થોડું મુશ્કેલ બની શકે, ખાસ તો માનું દીકરીને સમજાવવાનું, કારણ મા પણ ગેરસમજોથી મુક્ત હોય એવું દરેક કિસ્સામાં ન પણ બને. એવી સ્થિતિમાં સ્ત્રી-પુરુષ સંબંધો વિષે દીકરીને, પાસે બેસાડીને સમજાવવાનું સહેલું નથી. માને એક બીજી ચિંતા પણ હોય છે, તે એ કે દીકરી આ બધું જાણ્યા પછી કોઈની સાથે સંબંધમાં મુકાઇ તો, શું ? માની એ ચિંતા સ્વાભાવિક છે, પણ એણે એ જાણવું જોઈએ કે દીકરીને સાચી જાણકારી ન આપી ને જાણકારીના અભાવમાં કોઇની સાથે સંબંધમાં મુકાઇ કે કોઈએ એનાં ભોળપણનો લાભ લીધો, તો પણ જોખમ તો છે જ ! એનાં કરતાં દીકરી સાચી રીતે માહિતગાર થઈ હશે તો કમસેકમ તેનાં ભોળપણનો લાભ લેતાં પહેલાં સામી વ્યક્તિ સો વાર વિચાર કરશે.

માએ દીકરી કોઇની સાથે સંબંધમાં મુકાશે એ ડરે તેને કિલ્લેબંધીમાં રાખવાની નથી. દીકરી સમજી શકે એ ભાષામાં સ્પષ્ટ માહિતી સ્ત્રી-પુરુષના સંબંધની આપવાની છે, જેથી તે જોખમોથી અવગત થાય ને આવેગોને કાબૂમાં રાખી શકે. માએ દીકરીની કાળજી રાખવાની છે, તેની ચોકી કરવાની નથી. માએ એ દિવસોને યાદ કરવા જોઈએ, જ્યારે તે પોતે યૌવનમાં પ્રવેશતી હતી ને મૂંઝાતી હતી. હવે તેણે એ રીતે વર્તવાનું છે કે જે મૂંઝારો ભૂતકાળમાં તેણે વેઠ્યો તે તેની દીકરી ન વેઠે. માએ એ જાણીને જ આગળ વધવાનું રહે કે ભારે લાડકોડમાં ઉછેરેલી દીકરીની જિંદગીમાં કોઈ આવવાનું છે અને એનો સારો-ખરાબ પ્રભાવ દીકરી પર એવો પડવાનો છે કે કોઇની સલાહ કે ચિંતા ત્યારે કામ લાગવાની નથી. એ અજાણ્યો મા કરતાં પણ દીકરીને વધુ વહાલો લાગવાનો છે. આ વાત સ્વીકારીને જ માએ ચાલવાનું રહે. એ પ્રેમ જ તો છે, જે પારકા ને પોતાનો કરે છે ને પોતાનાને પારકા કરી મૂકે છે.

AIનાં જમાનામાં મશીનો માણસ થવા મથે છે ને માણસોને મશીન બનાવવાની સ્પર્ધા ચાલે છે. એનાં તો જે પરિણામો આવવાનાં હશે તે આવશે, પણ અત્યાર સુધી તો સ્ત્રી-પુરુષના પ્રેમનો મહિમા રહ્યો છે, એની ના પાડી શકાશે નહીં. એ સ્થિતિમાં દીકરી યોગ્ય તે જાણે એ અંગે માએ કાળજી લેવાની રહે. જોખમોથી હંમેશ તો બચાતું નથી, પણ જોખમો વિષેની જાણકારી જોખમ ઓછું કરે એમ બને. મૃત્યુનું જોખમ જન્મતાંની સાથે જ જન્મે છે, તેથી કોઈ જીવવાનું છોડી દેતું નથી. એવું જ જિંદગીનું છે. જીવવાનું તો છે જ ને જોખમો વચ્ચે જીવવાનું છે, તો તેનો સામનો કરીને કેવી રીતે જીવનનો આનંદ માણી શકાય એ દિશામાં આગળ વધવું એ વિકલ્પ જ કદાચ ઓછો જોખમી છે, શું કહો છો ?

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# ડો. આંબેડકર, બૌદ્ધ ધર્મ અને લોકશાહી



**ઉમદા બુદ્ધે એકવાર કહ્યું હતું કે "ભિખ્ખુઓ, તમે જુદા જુદા દેશો અને જાતિઓમાંથી આવ્યા છો. નદીઓ જ્યારે તેમના પ્રાંતમાં વહે છે ત્યારે અલગથી વહે છે, પરંતુ જ્યારે તેઓ સમુદ્રને મળે છે ત્યારે તેઓ તેમની ઓળખ ગુમાવે છે. તેઓ એક અને સમાન બની જાય છે. બૌદ્ધ સંઘ એક મહાસાગર સમાન છે. આ સંઘમાં બધા સમાન છે."**

ડો. બી.આર. આંબેડકરનો જન્મ ભારતમાં કહેવાતા "અસ્પૃશ્યો" વચ્ચે થયો હતો, પરંતુ તેમની પુનઃ-ચિહ્નિત પ્રતિભા દ્વારા તેઓ તેમના સમયની સૌથી અગ્રણી વ્યક્તિઓમાંના એક બન્યા હતા. ૧૯૪૭માં ભારતે આઝાદી મેળવ્યા પછી, આંબેડકર સ્વતંત્ર ભારતમાં પ્રથમ કાયદા મંત્રી બન્યા. તેઓ ભારતના બંધારણના મુખ્ય આર્કિટેક્ટ હતા. તે વિશ્વનું સૌથી લાંબું લોકશાહી બંધારણ છે, અને તેમાં અસ્પૃશ્યતાની પ્રથા વિરુદ્ધ ઘણા લેખો સામેલ છે. તે હકારાત્મક કાર્યવાહી માટે પણ પ્રદાન કરે છે; તમામ પૃષ્ઠભૂમિના લોકોને શિક્ષણ, શિષ્યવૃત્તિ અને સરકારી નોકરીઓની પહોંચ હોવી જોઈએ. તે બધા માટે ડો. આંબેડકર જવાબદાર હતા.

આંબેડકર બૌદ્ધ ધર્મ, અથવા નવયન બૌદ્ધ ધર્મ, ભારતના નાગપુરમાં ૧૪ ઓક્ટોબર ૧૯૫૬ના રોજ શરૂ થયો, જ્યારે લગભગ ૪,૦૦,૦૦૦ દલિતો, જે અગાઉ અસ્પૃશ્ય તરીકે ઓળખાતા હતા, હિંદુ ધર્મમાંથી રૂપાંતરિત થયા. જાતિવિરોધી કાર્યકર્તા, વકીલ, રાજકારણી અને વિદ્વાન આંબેડકરની આગેવાની હેઠળ નવા બૌદ્ધોની સંખ્યા ટૂંક સમયમાં લાખોમાં થઈ ગઈ, જે સૌથી વધુ વસ્તીવાળા રાજ્યો મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશમાં વધી રહ્યા છે.

**દલિત ઈતિહાસ :** ઓક્ટોબર ૧૯૫૬ સ્પષ્ટપણે દલિત ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ ક્ષણ હતી. આ દિવસે, બી.આર. આંબેડકરે તેમના ૩,૬૫,૦૦૦ દલિત અનુયાયીઓ સાથે હિંદુ ધર્મમાંથી બહાર નીકળવાનો નિર્ણય કર્યો અને બૌદ્ધ ધર્મ અપનાવ્યો. આંબેડકરનું બૌદ્ધ ધર્મમાં પરિવર્તન એ એક ક્ષણ છે જયારે દેશમાં દલિતોને નવી પ્રેરણા મળી હતી. આંબેડકર લાંબા સમયથી હિંદુ ધર્મના મૂળભૂત સિદ્ધાંતોથી હતાશ હતા, અને તેમણે ધર્મની સહજ લાક્ષણિકતાઓ, ખાસ કરીને જાતિ વ્યવસ્થાને ભારતીય સમાજમાં બ્રિટિશ સમાજ કરતાં સ્વતંત્રતા માટે મોટો ખતરો ગણાવ્યો હતો. ડૉ. આંબેડકર અમુક રીતે ધાર્મિક વ્યક્તિ હતા. તેમણે માન્યું કે "માનવજાતના વિકાસ માટે ધર્મ એકદમ આવશ્યક છે" અને તે સંદર્ભમાં માર્ક્સવાદીઓના નાસ્તિકવાદથી અલગ થઈ ગયા. દલિતો માટે, પીવાના શુદ્ધ પાણીની પહોંચ હંમેશા રોજિંદી વેદનાનો સ્ત્રોત અને તેમના જુલમનું બળવાન પ્રતીક રહ્યું છે. ૧૯૨૭માં આંબેડકરે મહાડ નગરપાલિકામાં એક ટાંકીમાંથી પીવાનું પાણી મેળવવા માટે ચોદાર ટાંકી ઝુંબેશનું નેતૃત્વ કર્યું. તેમાંથી પાણી ખેંચવાનો કાયદેસરનો અધિકાર હોવા છતાં, ઉચ્ચ જાતિના હિંદુઓ દ્વારા અસ્પૃશ્યોને ટાંકીની નજીક જતા અટકાવવામાં આવ્યા હતા અને માર્ચ ૧૯૨૭ માં, લગભગ ૧૦,૦૦૦ અસ્પૃશ્ય પ્રતિનિધિઓએ મહાડમાં એક પરિષદમાં હાજરી આપી હતી. ડો. આંબેડકરની આગેવાની હેઠળ તેઓ શહેરમાંથી ચોદાર ટાંકી સુધી સરઘસમાં નીકળ્યા. ત્યાં તેણે ટાંકીમાંથી પાણી લીધું અને પીધું - તેના પછી બીજા અસ્પૃશ્યોએ આ કર્યું.

ડૉ. આંબેડકરે તેમના સમગ્ર જીવન દરમિયાન બૌદ્ધ ધર્મનો અભ્યાસ કર્યો હતો અને ઘણી વખત તેમના ભાષણોમાં બુદ્ધના ઉપદેશોને ટાંક્યા હતા. ૧૯૩૦ના દાયકા દરમિયાન તેમણે અન્ય ધર્મોમાં પરિવર્તનની શક્યતાની શોધ કરી હતી પરંતુ ૧૯૫૦ના દાયકા સુધીમાં તેઓ સ્પષ્ટ હતા કે અસ્પૃશ્યો જે સ્વતંત્રતાની ઈચ્છા ધરાવતા હતા તે માત્ર બૌદ્ધ ધર્મ જ પ્રદાન કરે છે. 'બુદ્ધે જે સૌથી મહાન કામ કર્યું છે તે વિશ્વને જણાવવાનું છે કે માણસના મન અને વિશ્વના મનના સુધારણા સિવાય વિશ્વનો સુધારો થઈ શકતો નથી.' - ડૉ. આંબેડકર.

**સામાજિક મૂલ્યો :** તે અર્થમાં, બૌદ્ધ ધર્મ એક લોકશાહી ધર્મ છે અને આંબેડકરે, આખરે આ ધર્મમાં સામાજિક મૂલ્યો જોયા જેને તેમણે રાજકીય લોકશાહી દ્વારા પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે બંધારણ સભામાં જ બહુમતી અને લઘુમતીઓ વચ્ચે નવી એકતાની તરફેણમાં દલીલો કરીને સભાઓના એકીકૃત સ્થાનો બનાવીને ભારતીય સમાજમાં માનવ સંબંધોની વધુ ભાઈચારાની ભાવના જગાડવાનો પ્રયાસ કર્યો.

બૌદ્ધ ધર્મની આ પુનઃશોધની મહત્વપૂર્ણ અસરો હતી. જો બુદ્ધનું શિક્ષણ લોકતાંત્રિક હતું, તો લોકશાહી એ પશ્ચિમની શોધ નથી — જેમ કે ડૉ. આંબેડકરે ઘણા યુરોપીયન અને અમેરિકન વિદ્વાનો અને નેતાઓ પાસેથી પ્રેરણા લીધી હતી તે રીતે - પરંતુ તે ભારતીય ઈતિહાસની ઉપજ છે. . ૨૫ નવેમ્બર ૧૯૪૯ ના તેમના ઐતિહાસિક ભાષણમાં જ્યાં ડૉ. આંબેડકરે ભારતીય બંધારણનો અંતિમ મુસદ્દો એસેમ્બલી સમક્ષ રજૂ કર્યો હતો જે તેને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ પસાર કરવાનો હતો. મહાત્મા ગાંધીથી વિપરીત, જેમણે જાતિ પ્રણાલીના આંતરિક સુધારાને માર્ગ માનતા હતા. આગળ, આંબેડકર માનતા હતા કે દલિતો ભારતીય સમાજમાં પોતાનું સ્થાન મેળવી શકે તે એકમાત્ર રસ્તો ધર્માંતરણ છે. ભારત, નિઃશંકપણે, તેના બૌદ્ધ વારસા પર ગર્વ અનુભવે છે. આઝાદી મળી ત્યારથી ધમ્માના ચક્ર જેવા બૌદ્ધ પ્રતીકો રાષ્ટ્રીય પ્રતીકો બની ગયા છે અને મથુરા બુદ્ધ સંસદના ગૃહને શણગારે છે અને ભારતીય ધારાશાસ્ત્રીઓને પ્રેરણા આપે છે.

**કાયદાનું ચક્ર :** અશોક ચક્ર તેની ઉત્પત્તિ ધર્મ ચક્ર અથવા કાયદાના ચક્રમાં શોધે છે, જે ત્રીજી સદી બીસીઈના સમ્રાટ અશોકના અસંખ્ય આજ્ઞાઓ પર દેખાય છે. ધર્મ ચક્રને ૧૯૪૭ માં ભારતીય રાજ્યના પ્રતીક તરીકે અપનાવવામાં આવ્યું હતું. અશોકે બૌદ્ધ ધર્મ અપનાવ્યો અને કાયદાના ચક્રને તેમના પ્રતીક તરીકે અપનાવ્યું. તે નૈતિક સચ્ચાઈ અને સેવાના બૌદ્ધ મૂલ્યોનું પ્રતીક છે. તે સદાચારી જીવન જીવવા માટે યાદ અપાવનાર તરીકે છે.

આ ચક્ર અથવા 'કાયદાનું ચક્ર' એ એક અગ્રણી બૌદ્ધ પ્રતીક છે જે સમય જતાં બુદ્ધના વિચારોને દર્શાવે છે. ધર્મ (સદ્ગુણ) શાશ્વત છે, સતત બદલાતું રહે છે અને તે અવિરત સાતત્ય દ્વારા વર્ગીકૃત થયેલ છે. ૨૪ આરા બૌદ્ધ અનુયાયીના ૨૪ ગુણો સાથે સંરેખિત છે, જેમ કે ઉમદા બુદ્ધે તેમના ઉપદેશોમાં વ્યાખ્યાયિત કર્યું છે.

